અદેય- ૧૭૨

# 'મોરા' લઘુવિસ્તારનું આયોજન

## (સામાજિક આર્થિક સર્વેક્ષણ)

અહેવાલ લેખન:

ગૌરીશ પંડ્યા

ભીખાભાઈ સો. પટેલ

સંપાદન:

ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૬

# 'મોરા' લઘુવિસ્તારનું આયોજન

## ( સામાજિક આર્થિક સર્વેક્ષણ )


અહેવાલ લેખન :

ગૌરીશ પંડ્યા

ભીખાભાઈ સો. પટેલ



સંપાદન :

ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

૧૯૮૨

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક સંશોધન પ્રાયોજના | ૧ થી ૭ |
| ૨. | ઐતિહાસિક પૃષ્ઠભૂમિ વિસ્તાર પરિચય | ૮ થી ૧૪ |
| ૩. | સામાજિક સંરચના | ૧૫ થી ૩૯ |
| ૪. | મોરા લઘુવિસ્તારની (પોકેટસ) અર્થવ્યવસ્થા | ૪૦ થી ૮૧ |
| ૫. | આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ | ૮૨ થી ૧૦૫ |
| ૬. | આયોજન | ૧૦૬ થી ૧૧૪ |

પરિશિષ્ટ - ૧ પ્રશ્નાવલી.

## કોઠાઓની યાદી


| પ્રકરણ: | કોઠાની વિગત | પાના નંબર |
| --- | --- | --- |
| :3: | - તાલુકા અને લઘુવિસ્તારની વસ્તી દર્શાવતો કોઠો | ૧૬ |
| | - ૧૯૮૧ની ગામોવાર વસ્તી દર્શાવતો કોઠો | ૧૯ |
| | - " " " " (ચાલુ) | ૨૦ |
| | - વયજૂથ દર્શાવતો કોઠો | ૨૩ |
| | - કુટુંબના કદ પ્રમાણે સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો | ૨૫ |
| | - શિક્ષણનો કોઠો | ૩૮ |
| :૪: | - નમૂનાના કુટુંબોના મકાનોના પ્રકાર દર્શાવતો કોઠો | ૪૩ |
| | - પશુ માટેની છાપરીની વિગત દર્શાવતો કોઠો | ૪૪ |
| | - ઘરવખરીના વાસણોની સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો | ૪૭ |
| | - ઘરવખરીમાં ફર્નિચર, અન્ય સાધનોની કિંમત દર્શાવતો કોઠો | ૪૮ |
| | - નમૂનાના કુટુંબોની (મુખ્ય)ધંધા પ્રમાણે વર્ગીકરણ | ૫૬ |
| | - નમૂનાના કુટુંબોનું ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ | ૫૭ |
| | - નમૂનાના કુટુંબો પાસેની જમીનની વિગતો દર્શાવતો કોઠો | ૫૯ |
| | - નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણેનું વર્ગીકરણ | ૬૧ |

| પ્રકરણ: | કોઠાની વિગત | પાના નંબર. |
| --- | --- | --- |
| :૪: | - કમાનાર નહીંકમાનારનો કોઠો | ૬૨ |
| | - સ્ત્રોતવાર આવક-ખર્ચ-ચોખ્ખી આવક દર્શાવતો કોઠો | ૬૫ |
| | - સ્ત્રોતવાર ખર્ચ-ચોખ્ખી આવકનો કોઠો | ૬૬ |
| | - વપરાશીખર્ચની વિગતો દર્શાવતો કોઠો | ૬૮ |
| | - દેવાની વિગતો દર્શાવતો કોઠો | ૭૦ |
| | - હેતુવાર દેવા દર્શાવતો કોઠો | ૭૧ |
| | - દેવું ભરપાઇ કરવાની વિગતો દર્શાવતો કોઠો | ૭૩ |
| | - વૃક્ષોની સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો | ૭૬ |
| | - પશુધનની કિંમત અને સંખ્યા દર્શાવતો કોઠો | ૭૭ |
| | - યંત્રો ઓજારો અને તેની કિંમત દર્શાવતો કોઠો | ૭૮ |
| | - અસ્કયામત (કુલ) રુપિયામાં દર્શાવતો કોઠો | ૮૦ |
| | - " " " " (ચાલુ) | ૮૧ |
| :૫: | - દુધાળાઢોરની યોજનાનો લાભ | ૮૪ |
| | - જમીન સંરક્ષણ યોજનાનો લાભ | ૮૫ |
| | - સિંચાઇ યોજનાનો લાભ મળ્યો છે તે દર્શાવતો કોઠો | ૮૬ |
| | - કિટ્સની યોજનાનો લાભ | ૮૭ |
| | - મરઘાં યોજનાનો લાભ | ૮૮ |
| | - શિક્ષણની યોજનાનો લાભ | ૮૯ |

| પ્રકરણ: | કોઠાની વિગત | પાના નંબર |
| --- | --- | --- |
| :૫: | - આરોગ્ય યોજનાનો લાભ દર્શાવતો કોઠો | ૯૦ |
| | - નવા ધંધા અંગે દર્શાવતો કોઠો | ૯૨ |
| | - નવા ધંધા માટે સાધનોની જરુરિયાત | ૯૩ |
| | - પરશાળાના પ્લોટની જરુરિયાત | ૯૪ |
| | - જમીન અંગે જરુરિયાતનો કોઠો | ૯૫ |
| | - કિટ્સ અંગેની જરુરિયાત અંગેનો કોઠો | ૯૬ |
| | - ખેતીના સાધનોની જરુરિયાત | ૯૭ |
| | - પિયતના સાધનોની જરુરિયાત | ૯૮ |
| | - ફળઝાડ, શાકભાજી અને વનિકરણની જરુરિયાતનો કોઠો | ૯૯ |
| | - પશુપાલનની જરુરિયાતનો કોઠો | ૧૦૦ |

oooooooooo
oooooooo
oooooo
oooo
oo
ջ

## પ્રકરણ : ૧

### ૧:૧. લઘુ વિસ્તાર (પોકેટ્સ) એટલે શું :-

ગુજરાત સરકારની આદિવાસીઓ માટેની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કહ્યું છે કે લઘુવિસ્તાર (પોકેટ્સ) બનાવવા માટે બે માપદંડ હોવા જોઈએ.

(૧) લઘુ વિસ્તાર (પોકેટસ) ની વસ્તી ૧૦,૦૦૦ હોય અને એમાંથી ૫૦ ટકા જેટલી વસ્તી અનુસૂચિત જનજાતિઓની હોવી જોઈએ. (૨) લઘુવિસ્તાર (પોકેટ્સ) એ કોઈપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ.''

### ૧:૨. સર્વેક્ષણ સંશોધનનો વિષય :

ગુજરાત રાજ્યના જુદા જુદા આઠ પ્રોજેક્ટ વિસ્તારો સિવાયના કે જે વિસ્તારોમાં આદિવાસીઓની વસ્તી ૫૦ ટકા જેટલી હોય અને એમનો સમાવેશ આ પ્રોજેક્ટમાં ન કરવામાં આવ્યા હોય તેવી વિસ્તારોનું આયોજન કરી છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં જ વિકાસ કાર્યક્રમો શરુ કરી દેવાના હતા. પણ ભારતનાં બધાંજ રાજ્યોમાં આ નથી થયું. એટલે ગૃહમંત્રાલયની અને રાજ્યના આદિવાસી વિકાસ કમિશ્નરની મંશા છે કે સાતમી યોજનાના પ્રથમ વર્ષમાંજ આ કામ કરી દેવું જોઈએ, જેથી યોજનાનો બાકીનો મોટો સમય એને કાર્યાન્વિત કરવામાં વાપરી શકાય. ગુજરાત રાજ્યના લઘુવિસ્તારનું (પોકેટ્સનું) આયોજન કરવાનું કામ આદિજાતિ વિકાસ કમિશ્નરે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યું છે. આ કામ કેન્દ્રસ્તરે ઘણી ટુકડીઓમાં વહેંચી દેવામાં આવ્યું હતું. અમારે હિસ્સે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ' મોરા ' લઘુ વિસ્તાર (પોકેટ્સ) નું સર્વેક્ષણાધારિત આયોજન આવ્યું હતું.

### ૧:૩. સર્વેક્ષણ સંશોધનના હેતુઓ :

લઘુ વિસ્તાર (પોકેટ્સ) ના આયોજન માટે નીચે દર્શાવ્યા મુજબના હેતુઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

૧) લઘુવિસ્તાર (પોકેટ્સ) ની વિગતવાર ઊંડાણપૂર્વક તપાસ કરવી.

૨) તપાસના આધારે લઘુવિસ્તારના લોકોની જરુરિયાતો સમજી તથા તેને સંબંધિત વિગતોની ચકાસણી કરીને જે તે વિસ્તારના અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે આયોજન કરવું.

૧:૪. સંશોધનની પ્રવિધિઓ / પધ્ધતિઓ :-

૧) ક્ષેત્રકાર્ય પધ્ધતિ :

ક્ષેત્રમાં પડેલ માહિતી એકત્ર કરવા ક્ષેત્રકાર્ય પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યા હતો. અનેતેને માટે જાુદી જાુદી પ્રવિધિઓ અપનાવી માહિતીનું એકત્રીકરણ કર્યુ હતું.

પ્રસ્તુત અભ્યાસના સર્વેક્ષણ માટે ઉપયોગમાં લીધેલી પ્રવિધિઓની વિગતો આ પ્રમાણે છે.

૧. અનુસૂચી અને પ્રપત્રો :

પ્રસ્તુત તપાસ વખતે લઘુવિસ્તારના સર્વેક્ષણ માટે, લઘુ વિસ્તારના કુટુંબોની, સામાજિક, આર્થિક અને ભૂભૌતિક બાબતોની ઝીણવટ ભરી તપાસ માટે એક અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. જેના વડે પોકેટસના ગામોમાં વસતા આદિવાસી કુટુંબોની સામાજિક સંરચના અને અર્થવ્યવસ્થા પર પુરો પ્રકાશ પાડી શકાયો હતો. આ સિવાય ગામની સગવડો અને બીજી સંબંધિત વિગતો મેળવવા માટે એક ગામપત્રક પણ તૈયાર કરવામાં આવ્યું હતું. તે ધ્વારા ગામનો વિસ્તાર, ગામમાં વસતા અન્ય કુટુંબો અને જે તે વિસ્તારના પાકો વિષો માહિતી મેળવવામાં આવી હતી.

૨. મુલાકાત પ્રવિધિ : મુલાકાત માર્ગદર્શિકા :

લઘુ વિસ્તારના કુટુંબોની તપાસ માટે તૈયાર કરવામાં આવેલી અનુસૂચિત અને ગામપત્રકની સઘળી વિગતો એકઠી કરવા માટે નમૂનાના કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી. પ્રત્યક્ષ મુલાકાત વખતે ગામના સરપંચ, તલાટી, અને પસંદ થયેલા કુટુંબોની

...૩..

મુલાકાત લઈ વ્યક્તિગત તપાસ હાથ ધરી હતી. જેનાથી ગામની અને આ દિવાસીઓની સ્થિતિ અંગે વિગતવાર માહિતી મેળવવામાં સરળતા રહી હતી. આ માટે મુલાકાત માર્ગદર્શિકા બનાવી હતી.

૩. <u>નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણ :</u>

આ પ્રવિધિ દ્વારા પ્રત્યક્ષ કાર્ય વખતે અને મુલાકાત વખતે દરેક કુટુંબોના ઘરોની સ્થિતિ તેમની રહેણીકરણી અને તેમના જીવનસ્તરને પામી શકયા હતા, અને તેમના માટે ખરેખર શું થઈ શકે તે અંગેના વિચારોની પણ આપલે થઈ શકી હતી.

આ ઉપરાંત લઘુ વિસ્તારની બીજી સંબંધિત વિગતો એકઠી કરવા માટે દ્વૈતિયક સ્ત્રોત તરીકે ગ્રંથાલયનો ઉપયોગ કરીને પોકેટના ગામોના લગતી લેખિત સ્વરુપે અને આંકડાકિય સ્વરુપે ઉપલબ્ધ માહિતીનું એકત્રિકરણ કરીને પ્રસ્તુત અહેવાલ માટે ઉપયોગમાં લેવામાં આવી હતી.

ઉપરોકત જુદી જુદી પ્રવિધિઓ દ્વારા એકત્રિત કરેલી માહિતીને કોઈ એક અભિગમ પ્રમાણે કે જીવન અને સમાજદર્શનને અનુરુપ ગોઠવીને તેનું વર્ગીકરણનું કામ કેન્દ્રમાં કરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણનો મુખ્ય હેતુ લઘુ વિસ્તારના આયોજન માટેનો હોઈ તેને અનુરુપ વર્ગીકરણનું કામ પણ ગોઠવવામાં આવ્યુ હતું.

આ અહેવાલને લગતી સઘળી વિગતો એકત્રિત કરવા માટે પોકેટના નમૂનાના પાંચગામો ૧. મોરા ૨. ભાઠા ૩. વિરણિયા ૪. વાડોદર અને ૫. વેદેલી માં રસપૂર્વક ક્ષેત્રકાર્ય કરી માહિતી મેળવી હતી. આ માટે પસંદ થયેલા ગામોમાં રાત્રિરોકાણ કરીને સહભાગી નિરીક્ષણ દ્વારા પણ કેટલીક વિગતો જાણી હતી.

ક્ષેત્રકાર્ય વખતે અનુકૂળતા અને પ્રતિકૂળતા બંનેનો અનુભવ ભરપૂરો થયો હતો. ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક ગામોમાં તો રહેવા-જમવાની વ્યવસ્થા પણ પ્રાપ્ત થઈ ન હતી. મોટાભાગના

...૪..

ક્ષેત્રકાર્યમાં તડકા-છાયાનો અનુભવતો થાય જ છે. છતાં આ તડકા-છાયા હેઠળ દરેક ક્ષેત્રકાર્યની જેમ આ કાર્ય પણ એટલાજ ખંતથી અને રસપૂર્વક પૂર્ણ કર્યું છે.

૧:૫. નમૂનાના ગામોની પસંદગી :

પ્રસ્તુત સર્વેક્ષણ માટે દરેક લઘુવિસ્તારના બધાજ ગામોનું સર્વેક્ષણ કરવું શકય ન હતું. પરંતુ દરેક ગામોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે દરેક ગામોની યાદી મેળવી યાદીમાંથી નિયમિત અંકન પ્રવિધિ દ્વારા નમૂનાના પાંચ ગામોની પસંદગી કરી હતી. આ રીતે નમૂનાના ગામોની પસંદગી કરીને સર્વેક્ષણને માટેના સમયગાળાનો વ્યાપ ઘટાડીને નિશ્ચિત સમયગાળામાં સર્વેક્ષણ થઈ શકયું હતું.

આ રીતે પોકેટના ગામોની પસંદગીની સાથે દરેક ગામના વિસ્તારને અને દરેકના ફળિયાઓ પ્રમાણે પ્રતિનિધિત્વ રહે તે રીતે દરેક ગામોમાંથી ૨૦ કુટુંબોને અસર્વેક્ષણમાં આવરી લીધાં હતાં.

આ રીતે અહીં પસંદ કરેલ નિદર્શ એ પોકેટના સઘળા ગામો અને જે તે વિસ્તારના દરેક આદિવાસી કુટુંબોને અસરકારક છે.

૧:૬. કોષ્ટીકરણ :

પ્રસ્તુત અહેવાલની તૈયારીના ભાગ રુપે ક્ષેત્રકાર્ય કરીને જાુદીજાુદી પ્રવિધિઓ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. એકત્રિત કરેલી માહિતીને સંશોધનના અભિગમ પ્રમાણે તેને વ્યવસ્થિત સ્વરૂપમાં મૂકવા માટે એક 'ફ્રેમ' તૈયાર કરીને એકઠી કરેલી માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. જેને પધ્ધતિસર આયોજનના હેતુ પ્રમાણે જીવન અને સમાજદર્શનને અનુરૂપ ગોઠવી તેમાંથી અર્થપ્રાપ્ત થાય અને જેને માટે સર્વેક્ષણ કરાયું છે તેને અને અન્ય સમાજને ઉપયોગી નીવડે તે મુજબ તેની જુદા જુદા પ્રકરણોમાં રજૂઆત કરીને તેના પર પૂરો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

કોષ્ટીકરણ કરીને દરેક વિગતોને જુદા જુદા ૪૨ જેટલા કોઠાઓમાં માહિતીને ગોઠવવામાં આવી છે. જેની વિગતવાર રજૂઆત જુદાજુદા પ્રકરણોમાં વહેંચીને કરવામાં આવી છે તે અહેવાલના પ્રકરણ ૨ થી માંડીને પ્રકરણ ૬ સુધીમાં જોઈ શકાશે.

૧:૭. <u>પ્રકરણીકરણ</u> :

સંશોધનને અનુરૂપ પ્રસ્તુત અહેવાલમાં નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા પ્રકરણોમાં હેતુપૂર્વકની રજૂઆત કરાઈ છે. જેની સિધ્ધી પ્રકરણીકરણમાં થતી જોવા મળે છે.

<u>પ્રકરણ :૧: પ્રારંભ :</u>

પ્રસ્તુત પ્રકરણમાં લઘુવિસ્તાર કોને કહેવાય. સર્વેક્ષણ સંશોધનનો વિષય, સંશોધનના હેતુઓ, સંશોધનની પ્રવિધિઓ. અને નિદર્શની રજૂઆત કરવામાં આવી છે.

<u>પ્રકરણ:૨: પૃષ્ઠભૂમિ :</u>

આ પ્રકરણમાં લઘુવિસ્તારની ઐતિહાસિક, ભૌગોલિક અને વિસ્તાર પરિચયની ઊંડાણપૂર્વક રજૂઆત.

<u>પ્રકરણ:૩: લવિની સામાજિક સંરચના :</u>

આ પ્રકરણમાં પોકેટસનીવસ્તી જુદીજુદી જાતિઓનો પરિચય. તેમના કુટુંબ અને સામાજિક સંરચના તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવા સહકારી મંડળીઓનો વિગતે ખ્યાલ આપ્યો છે.

<u>પ્રકરણ:૪: લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા :</u>

આ પ્રકરણમાં સર્વેક્ષણમાં આવરી લીધેલા ગામો અને નમૂનાના કુટુંબોને કેન્દ્રસ્થાને રાખી પોકેટસનો આદિવાસી જાતિઓની ભૌતિક-સંસ્કૃતિક તેમની રહેણીકરણી અને તેમની અર્થવ્યવસ્થાની વિગતવાર રજૂઆત કરી તેમના જીવનસ્તર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

...૬..

**પ્રકરણ:૫:** આયોજનના સિધ્ધાંતો અને તેના હેતુઓનો વિગતવાર ખ્યાલ આપ્યો છે.

**પ્રકરણ:૬:** પ્રકરણ પાંચમાં દર્શાવેલા સિધ્ધાંતો અને હેતુઓને બહાર લાવવા શું કરવું અને તેના પરથી કેટલો વિકાસ થઈ શકે તે માટેના જુદા જુદા કાર્યક્રમોની રજુઆત કરવામાં આવી છે.

**પ્રકરણ:૭: તારણો :**

પ્રસ્તુત અહેવાલ લેખનમાંથી અને ક્ષેત્રકાર્ય ધ્વારા જોવા-જાણવા મળેલ તેમજ અનુભવ પરથી તેનો નીચોડ શું હોઈ શકે તે દર્શાવવામાં આવ્યું છે.

### ૧:૮. તારણો અને સુઝાવો :

ઉપર દર્શાવ્યા મુજબના જુદા જુદા પ્રકરણોમાંથી તેનો નીચોડ શું હોઈ શકે તે છેવટના પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે તે અંગેની વિગતવાર નોંધ તારણો અને સુઝાવોમાં દર્શાવી છે.

### ૧:૯: આભાર દર્શન :

પોકેટ વિસ્તારની સંશોધન કાર્યની શરુઆતથી અહેવાલ પુરો થયો ત્યાં સુધી કેન્દ્રના નિયામકશ્રી ડૉ.ઠાકોરભાઈ નાયકે શરુઆતમાં અનુસૂચિનું ઘડતર, તે અંગેની તાલીમ, અને ક્ષેત્ર અહેવાલ લેખનની વિગતવાર ઉંડાણપૂર્વકની ફ્રેમ તૈયાર કરી કામ ઘણું સરળ બનાવી દીધુ હતું અને સતત માગદર્શન આપી આ કાર્યમાં પુરેપુરો રસપૂર્વક સહકાર આપ્યો હતો. જે બદલ તેમનો આભાર વ્યકત કરીએ છીએ . ક્ષેત્રકાર્યમાં મોરા આશ્રમના આચાર્યશ્રીએ અને તેમના કુટુંબીજનોએ પણ કુટુંબના સભ્ય તરીકે ગણી અમને જે મદદકરી તે બદલ તેઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ સિવાય ક્ષેત્રકાર્યમાં રહેલ જે કુટુંબોને સર્વેક્ષણમાં પસંદ કરવામાં આવ્યા હતા તે કુટુંબના વડીલોએ પણ જરુરિયાત પ્રમાણેની માહિતી વિનાસંકોચે પુરી પાડી મદદ કરી તે બદલ સર્વેનો આભાર વ્યકત કરીએ છીએ, આ ઉપરાંત ક્ષેત્રમાં જે તે ગામોના સરપંચ, ચોકીયાતો, તલાટી

તેમજ વાડોદર મોટાકદની સહકારી મંડળીના મેનેજર
શ્રી                    નો આભાર વ્યકત કરીએ છીએ. આ
ઉપરાંત ક્ષેત્રકાર્યમાં જે મિત્રોએ સાથ અને સહકાર આપ્યો તે બદલ
સર્વનો આભાર વ્યકત કરીએ છીએ.

...૮..

## પ્રકરણ : ૨

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ : વિસ્તાર પરિચય

### લઘુવિસ્તાર (પોકેટસ)નું ભૌગોલિક સ્થાન :

ભારતના સમગ્ર ચિત્રમાં શંખાકારે ઉભેલા ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં પંચમહાલ જિલ્લો પ્રાદેશિક પુનઃરચનાને કારણે દસ તાલુકા અને એક મહાલમાં વિસ્તારવામાં આવ્યો છે. વિલિનીકરણ પૂર્વે આ જિલ્લામાં ગોધરા, દાહોદ, ઝાલોદ, હાલોલ અને કાલોલ એમ પાંચ મહાલ હતા. તેના પરથી આ જિલ્લો પંચમહાલના નામે ઓળખાય છે. આ જિલ્લાના દેવગઢબારિયા, લીમખેડા, સંતરામપુર અને ઝાલોદ તાલુકાનો સંજેલી વિભાગનો વર્ગીકૃત વિભાગ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જયારે દાહોદ, હાલોલ અને જાંબુઘોડા મહાલનો અણવિકસિત વિભાગ તરીકે ગણેલ છે.

### જિલ્લાનું સ્થાન : સીમા :

ગુજરાત રાજ્યની પૂર્વ સરહદે પંચમહાલ જિલ્લો ૭૩.૧° પૂર્વરેખાંશથી ૭૪.૧° પૂર્વરેખાંશ અને ૨૨.૧° ઉત્તર અક્ષાંશથી ૨૩.૧° ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલો છે. જિલ્લાનું ક્ષેત્રફળ ૮૮૬૬ ચો.કિ.મી છે. જે ગુજરાત રાજ્યના કુલ વિસ્તારના ૪.૮ ટકા થાય છે. આ જિલ્લાની પૂર્વે મધ્ય પ્રદેશનો ઝાંબુઆ જિલ્લાની સરહદ, પશ્ચિમે ખેડા જિલ્લો અને વડોદરા જિલ્લાની સરહદ, ઉત્તરે સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાનના વાંસવાડા જિલ્લાની સરહદ અને દક્ષિણે વડોદરા જિલ્લો અને મધ્ય પ્રદેશના ઝાંબુઆ જિલ્લાની સરહદો આવેલી છે. જીલ્લાની પૂર્વ પશ્ચિમ-૧૧૫ કિ.મી. પહોળાઈ અને ઉત્તર-દક્ષિણ ૧૨૮ કિ.મી લંબાઈ છે.

### ભૂ.રચના :

જિલ્લાની પશ્ચિમે થોડો ભાગ તલાટ વિસ્તાર છે. મોટાભાગનો વિસ્તાર ડુંગરાળ પ્રદેશ છે કે જયાં ઝાલોદ, સંતરામપુર, દાહોદ, લીમખેડા, દેવગઢબારિયા અને જાંબુઘોડા તાલુકાઓ

આવેલા છે. સમગ્ર ઉત્તર અને પૂર્વ વિભાગ ડુંગરાળ અને જંગલોથી બનેલો છે. આ વિસ્તારનો આશરે ૨૫ ટકા જેટલો વિસ્તાર જંગલો નીચે છે. જે ગુજરાત રાજયના લગભગ ૮ થી ૯ ટકા જેટલો થાય છે. તેમાં વચ્ચેના ખીણ પ્રદેશોમાં વસેલા ગામોની સપાટી અને ખેતીની જમીન આવે છે. અન્ય વિસ્તારોમાં ગોધરા, કાલોલ, હાલોલ, અને શહેરા અને લુણાવાડા તાલુકાની પશ્ચિમની જમીન પૂર્વ તરફ ઉત્તરોત્તર ટેકરાળ થતી જાય છે.

જમીન :

જિલ્લાની જમીન મૂળભૂત રીતે ગુજરાતના અન્ય જિલ્લાઓની (વિભાગોની) સરખામણીએ જુદી પડે છે. આ જિલ્લાની જમીન મુખ્યત્વે નીચે રહેલા ગ્રેનાઇટ અને નીસના ખડકોમાંથી છૂટા પડેલા અવશેષોની છે. સામાન્ય નિયમ તરીકે તે ઝાંખા રંગની છીછરી, ડુંગરાળ અને ખડકાળ (ઓછી ફળદ્રુપ) છે. આ જમીનને જિલ્લામાં બેસર તરીકે ઓળખવામાં આવે છે. ડુંગરાળ પ્રદેશની મોટાભાગની જમીન પથરાળ છે. કોઈ કોઈ જગ્યાએ ગોરાળુ અને કાળી પણ છે. જે કપાસ અને મકાઈના પાક માટે ખૂબ ઉપયોગી છે. જિલ્લામાં મેંગેનીઝ ધાતુના ખનિજના સ્તર છે. શિવરાજપુર વિસ્તારમાં મેંગેનીઝની ખાણો આવેલી છે.

લઘુ વિસ્તારના મુખ્ય મથકનું સ્થાન :

ગુજરાત રાજયની પૂર્વ સરહદે આવેલ પંચમહાલ જિલ્લાનું અને 'મોરા' પોકેટ વિસ્તારનું મુખ્ય મથક 'ગોધરા' તાલુકામથક જિલ્લાની મધ્યમાં ૨૨° ઉત્તર અક્ષાંશથી ૪૬° ઉત્તરઅક્ષાંશ અને ૭૩° પૂર્વ રેખાંશથી ૮૩° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલુ છે. તાલુકાનું કુલ ક્ષેત્રફળ ૧૦૧૯.૨ ચો.કિ.મી છે. જે જિલ્લાના કુલ વિસ્તારના ૧૧.૫ ટકા થાય છે.

તાલુકાની પૂર્વે દેવગઢબારીયા અને લીમખેડા તાલુકો. પશ્ચિમે વડોદરા અને ખેડા જિલ્લાની સરહદો, ઉત્તરે શહેરા તાલુકો

...૧૦..

અને દક્ષિણે કાલોલ તાલુકો આવેલો છે. તાલુકામાં લઘુવિસ્તાર તરીકે જાહેર કરેલ સ્થળ 'મોરાપોકેટ' તાલુકા મુખ્ય મથકથી ૫૨ કિ.મી. દુર ઉતર પૂર્વે ઝાલોદ અને સંતરામપુર તાલુકાની સરહદે આવેલું છે. તાલુકાના કુલ ક્ષેત્રફળમાંથી ૨૧.૪ ટકા જેટલો વિસ્તાર આ પોકેટમાં સમાવી લીધો છે. એટલે કે તાલુકાના કુલ વિસ્તાર ૨,૨૪,૨૧૮.૦ એકરમાંથી ૪૭,૯૫૮.૦૪ એકર જેટલી જમીન આ વિસ્તારમાં આવી જાય છે. પરંતુ જિલ્લાના પરિચયમાં બતાવ્યા પ્રમાણે તાલુકા મથકથી ઉતર-પૂર્વે (ઈશાન ખૂણા)ની જમીન ઉત્તરોતર ટેકરાળ ખાડાટેકરાવાળી અને ડુંગરાળ છે.

લઘુ વિસ્તાર (પોકેટસ) ના મુખ્ય ગામ 'મોરા' ની આજુબાજુના કુલ ૩૧ ગામોને 'મોરા' પોકેટમાં સમાવી લીધા છે. તે દરેક ગામો તાલુકાના મુખ્ય મથકથી ૩૬ કિ.મી.થી માંડીને ૭૦ કિ.મી. સુધીના વિસ્તારમાં આવેલા છે. મોરા પોકેટ વિસ્તારને જોડતો જિલ્લા ધોરી માર્ગ પણ આ ગામોમાંથી પસાર થાય છે. રેલ્વેની સુવિધા નથી.

તાલુકાની નદીઓ :

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની નદીઓ અને ઝરણાંની દ્રષ્ટિએ જોઈએ તો આ તાલુકો જળસંપતિથી સમૃધ્ધ હોવા છતાં સિંચાઈની દ્રષ્ટિએ ઘણો પાછળ છે. સૂકોપ્રદેશ પણ છે. જિલ્લામાં કુદરતી તળાવો પણ અનેક છે. તાલુકામાં મિશરી નદી, કોર, પાનમ, અને મહીનદી એમ ચાર નદીઓ તાલુકામાં થઈને પાસર થાય છે, પરંતુ તેમાંની મહી અને પાનમ બે જ નદી એવી છે કે જે બારે માસ વહેતી રહે છે. આ નદીઓ રાજસ્થાનમાંથી નીકળી ખેડા જિલ્લામાં ઈશાન થી નૈઋત્ય તરફ વહેતી નદીઓ છે. જેમાં પાનમ નદીથી આ વિસ્તારમાં નિચાણના ભાગો માટે સિંચાઈ માટે ઉપયોગી થાય છે. આ ઉપરાંત ' બે ' ની હડફયોજના સિંચાઈ માટે ઉપયોગી થશે પરંતુ તેનો પણ અમૂક ગામોનેજ લાભ મળશે. અને પોકેટના મોટા ભાગના ગામોને કોઈલાભની શકયતાઓ નથી.

આ તાલુકામાં અને લઘુવિસ્તારમાં કોઇ ખાસ નાળાં, ખાડી કે કુદરતી તળાવો નથી. ટુંકમાં તાલુકામાં વરસાદ અને પાણીનું મુખ્ય સાધન છે. બધાજ પાકોનો આધાર મુખ્યત્વે વરસાદ ઉપરજ છે. તાલુકાનો સામાન્ય વરસાદ ૫૬૦ મીલીમીટર જેટલો છે જયારે જિલ્લાનો સામાન્ય વરસાદ ૭૦૦ મીલીમીટર જેટલો છે. તાલુકામાં સામાન્ય રીતે જૂનના અંતથી ઓકટોબરના પ્રથમ અઠવાડિયા સુધી વરસાદ રહે છે.

સદ્‌ભાગ્યે તાલુકાની દૃષ્ટિએ તો નહિ પરંતુ જિલ્લાના સમગ્ર આદિવાસી વિસ્તારમાં તેની વિકટભૌગોલિક પરિસ્થિતિના સંજોગોમાં આશિર્વાદ સમાન વિપુલ પ્રમાણમાં જળરાશિ ઉપલબ્ધ છે. તેનો સિંચાઇ અને વિજળી ઉત્પાદન ઉપરાંત આવા વિસ્તારોમાં મત્સ્ય પ્રવૃત્તિ માટે વધુને વધુ કાર્યલક્ષી બનાવાય તો તેમાંથી પૂરક રોજી અને પૌષ્ટિક આહાર માટે મત્સ્ય ઉદ્યોગના વિકાસને પ્રાધાન્ય આપવું જોઈએ. આ ઉપરાંત આદિવાસી વિસ્તાર અને બિનઆદિવાસી વિસ્તારમાં પશ્ચિમથી પૂર્વ તરફનો ભાગ ઉત્તરોતર ટેકરાળ અને ઉંચાઇવાળો છે તો તેના માટે ખાસ પ્રકારની ભૂમિ અને જળસંરક્ષણની યોજનાને ઝડપી કાર્યાન્વીત કરી જમીનનું ધોવાણ અટકાવવું જોઈએ.

<u>આબોહવા:</u>

જિલ્લાની જેમ આ તાલુકામાં પણ આબોહવા સામાન્ય રીતે ગરમ છે. માર્ચથી જૂન સુધીના ઉનાળા દરમ્યાન સખત ગરમી પડે છે. અહીંનું વધુમાં વધું ઉષ્ણતામાન ૧૧૫$^{\circ}$ ફે.હીટ અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૪૦$^{\circ}$ ફેરનહીટ જેટલું રહે છે.જૂનના અંતથી ઓકટોબરના પ્રથમ અઠવાડિયા સુધી ચોમાસા દરમ્યાન જિલ્લામાં કુલ સરાસરી વરસાદ ૭૦૦ મિલીમીટર જેટલો પડે છે જયારે તાલુકામાં ૫૬૦ મીલી-મીટર જેટલો પડે છે. તેમાંય આ તાલુકામાં જિલ્લાના અન્ય તાલુકાઓ કરતાં વરસાદનું પ્રમાણ થોડું ઓછું હોય છે જયારે ઓકટોબર મધ્ય ભાગથી ફેબ્રુઆરીના અંત સુધી શિયાળો સખત હોય છે. ચોમાસા

...૧૨..

દરમ્યાન વરસાદની અનિશ્ચિતતા અને જમીનમાં ભેજ સંગ્રહ શક્તિ ઓછી હોવાથી આ વિસ્તારમાં ખેતી પણ બરાબર થઈ શકતી નથી. અને જીવન નિર્વાહ જેટલું પણ ઉત્પન્ન થતું નથી. જેથી ઓકટોબરથી જૂન માસ સુધી સતત આઠ થી નવ માસ સુધી આ વિસ્તારના લોકોને મજૂરી માટે બીજા જિલ્લાઓમાં સ્થળાંતર કરવું પડે છે. વરસાદની અનિશ્ચિતતાને કારણે આ વિસ્તારમાં વારંવાર દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી આંતરે વર્ષે ૧૯૫૧ થી આજ સુધીમાં ૩૪ વર્ષના ગાળામાં લગભગ ૧૫ વખત આ વિસ્તારમાં અછતની પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું છે.

<u>વૃક્ષો વનસ્પતિ :</u>

પંચમહાલ જિલ્લાની કુલ જમીનમાંથી ૩,૮૯,૨૫૯ એકર જેટલી જમીનનો જંગલ વિસ્તારમાં સમાવેશ થાય છે. એટલે કે જિલ્લાની કુલ જમીનના ૧૮% જેટલી જમીન જંગલ હેઠળ છે. જેમાં હાલના તબકકે નહિવત પ્રમાણમાં જંગલ વિસ્તારમાં સાગી અને ઈમારતી લાકડા જોવા મળે છે. હાલમા તબકકે વસ્તીવૃધ્ધિની સાથે સાથે લોકોની ઈમારતી લાકડાં અને જલાવ લાકડાની જરુરિયાત રોજબરોજ વધતી રહી છે. તેની સામે જંગલો ઓછા થતા જાય છે. તેમાંય જિલ્લાના લપુવિસ્તારના તાલુકાના ગામોમાં કુલ જમીનની ૨૦ ટકા જેટલી એટલે કે ૪૮,૯૨૯ એકર જેટલી જમીન જંગલ હેઠળની છે, છતાં આજે બીલકુલ જંગલ નથી. આજે તો આ વિસ્તારમાં દૃષ્ટિપાત કરીએ તો કેટલાક કુળાઉઝાડોમાં આંબા, મહુડા, અને બીજા લીમડા, ખજૂરીના ઝાડ અને છૂટા છવાયા ખેતીની જમીનની તેમજ રહેણાંકની જમીનમાં નહિવત વાંસ નજરે પડે છે. વળી આ તાલુકાથી જંગલ વિસ્તાર પણ દૂર છે. આજે આ વિસ્તારમાં કેટલીક જંગલની જમીનમાં નીલગીરીનું પણ વાવેતર કરવામાં આવ્યું છે, પરંતુ આજે તાતી જરુર છે. પર્યાવરણની સમતુલ અને ભેજની જાળવણીની તેમજ વધતી જતી વસ્તીને ધ્યાનમાં લઈ તેને જરુરિયાતના ઈમારતી અને જલાઉ લાકડાની માંગને પહોંચી વળવા માટે જંગલોના વિકાસની મોટી જરુરિયાત ઊભી થયેલી જોવા મળે છે. આ માટે

...૧૩..

પડખા થઈ ગયેલા વનો અને ગ્રામ્ય વિસ્તારના જંગલોને પુનઃવન વૃધ્ધિ માટે વનીકરણની યોજનાને વેગીલી બનાવવી જોઈએ.

આજે મોરા પોકેટની પણ આજ પરિસ્થિતિ છે. મોરા પોકેટના ગામોમાં જંગલ વિસ્તાર હોવા છતાં એકપણ જંગલનું ઝાડ જોવા મળતું નથી. આ માટે પોકેટના ગામોમાં જોવા મળ્યું તે મુજબ જંગલ વિસ્તારમાં નીલગીરીનું વાવેતર અને સ્થાનિક ખેતીની જમીનના છેડે વાંસના વાવેતરને પણ ધ્યાનમાં લેવું જોઈએ.

પશુઓ :

આ જિલ્લામાં અવાર નવાર દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થાય છે. વિપુલ પ્રમાણમાં જળરાશી ઉપલબ્ધ હોવા છતાં પણ સિંચાઈની સવલતો ઓછી હોવાને કારણે પાક પણ નિષ્ફળ જાય છે. જેથી લઘુ વિસ્તારના ગામોમાં નાના અને સીમાન્ત ખેડૂતોને રોજી માટે બહાર જવું પડે છે. આ સંજોગોમાં અહિંના આદિવાસી ખેડૂતો પાસે એકાદ બળદ, બકરાં, અને ઘણા ઓછા પ્રમાણમાં ગાય, ભેંસ તેમજ મરઘાં જોવા મળે છે. પોકેટના ગામોમાં પશુપાલન તો ઠીક છે પરંતુ મરઘાં ઉછેરને પ્રોત્સાહન આપવું જોઈએ.

આ વિસ્તારમાં બીજા સંસાધનોના સંદર્ભમાં જોઈએ તો આ વિસ્તારમાં પથ્થરો સિવાય કંઈજ નથી. તેમાંથી રોડબાંધકામ માટેની કાંકરેટ તૈયાર કરી તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. આ માટે પથ્થરની કર્વારી ઉભી કરી શકાય. આ તાલુકામાં તાલુકાના મુખ્ય મથકની પશ્ચિમે લગભગ ૨૦ કિ.મીના અંતરે પત્થરની કર્વારીઓ આવેલી છે. અને ઘણા મોટા પ્રમાણમાં આ ઉધોગ વિકસેલો જોવા મળે છે. આ અંગે કંઈ વિચારી શકાય તેમ છે.

'મોરા' પોકેટ વિસ્તારની આજુબાજુમાં કોઈ ખાસ મોટા ગામો નથી, પરંતુ 'મોરા' થી ૧૬ કિ.મી દૂર તાલુકાનું મોટામાં મોટું ગામ વેંદેલી પોકેટના વિસ્તારમાં આવે છે. 'મોરા' મુખ્ય મથકથી સત્તર કિ.મી ઉત્તર-પૂર્વમાં સંતરામપુર તાલુકામથક નજીકનું

શહેર આવેલુ છે. જયારે 'મોરા' થી પશ્ચિમે શહેરા તાલુકા સરહદે પાનમ ડેમ આવી જાય છે. જયાં મત્સ્યની પ્રવૃતિ વિકસાવી શકાય તેમ છે.

અહીં 'મોરા' પોકેટના ગામોને ધ્યાનમાં લઈ તેના ભૌગોલિક સ્થાન વિષે વિસ્તારથી જોયા પછી તેની સામાજીક સંરચના વિષે હવે પછી વિગતે જોઈશુ.

# પ્ર ક ર ણ - ૩

## સામાજિક સંરચના

ગોધરા તાલુકાના ૧૬૨ ગામોમાંથી ૩૧ ગામોને લઘુ વિસ્તાર (પોકેટ) માં મૂકવામાં આવ્યા છે, જે ગામો અન્ય ગામો કરતાં વધુ આદિવાસી વસ્તી ધરાવતા છે. લઘુ વિસ્તાર નીચેના ગામોમાં ૧૯૭૧માં કુલ વસ્તી ૪૦,૪૫૦ની હતી તે ૧૯૮૧માં વધીને ૪૯,૨૧૩ની થઈ છે એટલે કે દસકામાં ૨૧.૭ ટકા વસ્તી વધારો થયા હતો. આ વૃધ્ધિ માટે કડાણા ડેમ (સંતરામપુર તાલુકા) માં ડૂબાણમાં જતાં ગામોને ગોધરા તાલુકામાં વસાવવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત પાનમડેમમાં ડૂબાણમાં જતાં ગામોને ખસેડી ગોધરા તાલુકાના આ લઘુ વિસ્તારમાં વસાવવામાં આવ્યા હતા,

લઘુ વિસ્તાર (પોકેટ)ના બે ગામો (૧) પરજાનપુર અને (૨) નરસીંહપુર ડૂબાણમાં જતાં હોવાથી બન્ને ગામોને ખસેડી લઘુ-વિસ્તારના આગરવાડા, રજાપતા, ભન્ડોઈ અને વાડોદર ગામોમાં જમીનો આપી વસાવવામાં આવ્યા હતા. આ ગામોમાં નીચે દર્શાવેલ વસ્તીનો કોઠો જોતાં સમગ્ર તાલુકામાં અને લઘુવિસ્તારમાં કુલ વસ્તી અનુસૂચિતજાતિ અને જનજાતિની વસ્તીનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

...૧૬..

તાલુકા અને લઘુવિસ્તારની વસ્તી દર્શાવતો કોઠો

| | ગોધરા તાલુકામાં વસ્તી | | | લઘુવિસ્તારમાં વસ્તી (પોકેટ) | | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ |
| કુલગામ | - | - | ૧૬૨ | - | - | ૩૧ |
| કુલ વસ્તી | ૧૭૬૫૨૩ | ૧૬૫૪૬૮ | ૩૪૧૯૯૧ | ૨૫૦૭૪ | ૨૪૧૩૯ | ૪૯૨૧૩ (૧૦૦.૦) |
| અનુસૂચિતજાતિની કુલ વસ્તી | ૯૧૦૬ | ૮૬૪૭ | ૧૭૭૫૩ | - | ૪૬૯ | ૪૭૦ (૦.૯) |
| અનુસૂચિતજનજાતિની કુલ વસ્તી | ૨૯૬૦૭ | ૨૮૪૧૯ | ૫૮૦૨૬ | ૧૪૨૩૪ | ૧૩૯૩૫ | ૨૮૧૬૯ (૫૭.૨) |

દાયકામાં કુલ વસ્તીનો વૃધ્ધિ દર ૨૧.૭ ટકા અને આદિવાસી વસ્તીનો વૃધ્ધિ દર ૩૦.૭ ટકાનો હતો.

તાલુકાની કુલ વસ્તીમાંથી ૧૪.૪ ટકા વસ્તી લઘુવિસ્તાર નીચે આવરી લેવામાં આવી છે. જ્યારે તાલુકાની કુલ આદિવાસી વસ્તીમાંથી ૪૮.૫ ટકા આદિવાસી વસ્તી લઘુવિસ્તારમાં હતી. લઘુવિસ્તારની કુલ વસ્તીમાં ૫૭.૨ ટકા આદિવાસી વસ્તી હતી, જ્યારે અનુસૂચિતજાતિની વસ્તી માત્ર ૦.૯ ટકા જહતી,

લઘુવિસ્તારના ગામોમાં કુલ વસ્તી ૪૯૨૧૩ની હતી જેમાંથી પુરુષો ૨૫૦૭૪ (૫૦.૯%) અને સ્ત્રીઓ ૨૪૧૩૯ (૪૯.૧%) હતી. જ્યારે કુલ ૨૮૧૬૯ આદિવાસી વસ્તીમાં પુરુષો ૧૪૨૩૪ (૫૦.૫%) અને સ્ત્રીઓ ૧૩૯૩૫ (૪૯.૫%) હતી. લઘુવિસ્તારના ગામોમાં ૩ટકાથી ૯૯ ટકા સુધીની આદિવાસી વસ્તી જોવા મળી હતી. જે નીચેના કોઠામાં બતાવ્યા મુજબની હતી.

કુલવસ્તીમાં આદિવાસી વસ્તીની ટકાવારી પ્રમાણે ગામોની સંખ્યા (લઘુવિસ્તારમાં)

| | ૧થી ૨૦ ટકા સુધીની વસ્તી-વાળા ગામો | ૨૧થી ૪૦ ટકા સુધીની વસ્તી-વાળાં ગામો | ૪૧થી ૬૦ ટકા સુધીની વસ્તી-વાળાં ગામો | ૬૧થી ૮૦ ટકા સુધીની વસ્તી-વાળાં ગામો | ૮૧થી ૧૦૦ ટકા સુધીની વસ્તીવાળા ગામો | કુલ ગામ |
|---|---|---|---|---|---|---|
| આદિવાસી ધરાવતાં ગામોની ટકાવારી પ્રમાણે ગામસંખ્યા | ૭ | ૫ | ૬ | ૫ | ૮ | ૩૧ |
| ટકા | ૨૨.૭ | ૧૬.૧ | ૧૯.૩ | ૧૬.૧ | ૨૫.૮ | ૧૦૦.૦ |

ઉપરના કોઠામાં બતાવ્યા પ્રમાણેના ગામોમાં આદિવાસી વસ્તી જોવા મળી હતી. જેમાં વધુમાં વધુ ગામો ૮૦ ટકા ઉપરના હતા જે ૨૫.૮ ટકા જ્યારે ૬૦ થી ૧૦૦ ટકા સુધીમાં ૧૩(૪૧.૯%) ગામો હતાં એટલે કે લઘુવિસ્તારમાં આદિવાસી વસ્તી ૩ ટકાથી ૧૦૦ ટકા સુધીની જોવા મળી હતી. જેનો ઉંડાણથી ખ્યાલ આવી

...૧૮...

શકે માટે નીચેનો કોઠો આપવામાં આવ્યા છે કે જેમાં દરેક ગામની આદિવાસી વસ્તી, અનુસૂચિતજાતિની વસ્તી અને કુલ વસ્તી આપવામાં આવેલ છે.

| ક્રમ નંબર | ગામોના નામ | સ્થળ સંકેત | ૧૯૮૧ કુલ વસ્તી પુરૂષો | સ્ત્રી | કુલ | ૧૯૮૧ અનુસૂચિત જાતિ પુરૂષો | સ્ત્રી | કુલ | ૧૯૮૧ અનુસૂચિત જનજાતિ પુરૂષો | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | હારેડા | ૧ | ૨૨૨ | ૨૧૦ | ૪૩૨ | – | – | – | ૧૧૯ | ૧૧૬ | ૨૩૫ (૫૪.૪) |
| ૨. | રતનપુર(પે) | ૨ | ૩૦૪ | ૨૭૨ | ૫૭૬ | – | – | – | ૨૧૨ | ૧૯૦ | ૪૦૨ (૬૯.૮) |
| ૩. | ખટવા | ૩ | ૪૧૮ | ૩૮૨ | ૮૦૦ | ૨૯ | ૨૬ | ૫૫ | ૧૨૦ | ૧૨૩ | ૨૪૩ (૩૦.૪) |
| ૪. | વનેડા | ૪ | ૫૦૯ | ૪૨૭ | ૯૩૬ | – | – | – | ૭૭ | ૮૦ | ૧૫૭ (૧૬.૮) |
| ૫. | ભુવર | ૬ | ૭૭૦ | ૭૫૭ | ૧૫૨૭ | ૧૭ | ૧૬ | ૩૩ | ૫૪૦ | ૫૫૫ | ૧૦૯૫ (૭૧.૭) |
| ૬. | મેવાલ | ૮ | ૯૦૫ | ૭૮૫ | ૧૬૯૦ | ૨૬ | ૨૩ | ૪૯ | ૪૨૬ | ૩૫૬ | ૭૮૨ (૪૬.૩) |
| ૭. | ભાઠા | ૭ | ૬૩૬ | ૬૩૧ | ૧૨૬૭ | ૮૨ | ૮૫ | ૧૬૭ | ૧૪૯ | ૧૬૧ | ૩૧૦ (૨૪.૫) |
| ૮. | ચોપડા બુર્જગ | ૫ | ૬૪૮ | ૫૭૯ | ૧૨૨૭ | – | – | – | ૧૧૭ | ૧૧૨ | ૨૨૯ (૧૮.૭) |
| ૯. | પથનપુર | ૧૭ | ૭ | ૫ | ૧૨ | – | – | – | ૭ | ૫ | ૧૨ (૧૦૦.૦) |
| ૧૦. | આલુ | ૧૦ | ૨૦૩ | ૧૭૬ | ૩૭૯ | – | – | – | ૪૮ | ૪૦ | ૮૮ (૨૩.૨) |
| ૧૧. | ચોપડા ખુર્દ | ૬ | ૧૪૫ | ૧૪૩ | ૨૮૮ | – | – | – | ૧૧૧ | ૧૧૪ | ૨૨૫ (૭૮.૧) |
| ૧૨. | વિરણીયા | ૧૧ | ૪૪૭ | ૪૩૨ | ૮૭૯ | – | – | – | ૪૦૯ | ૩૯૩ | ૮૦૨ (૯૧.૧) |
| ૧૩. | મોરા | ૧૨ | ૧૫૨૦ | ૧૪૭૧ | ૨૯૯૧ | ૩૯ | ૩૩ | ૭૨ | ૮૨૩ | ૭૮૩ | ૧૬૦૬ (૫૩.૭) |
| ૧૪. | નરસીપુર (મે) | ૧૮ | ૬૭ | ૬૯ | ૧૩૬ | – | – | – | ૨૯ | ૩૫ | ૬૪ (૪૭.૦) |
| ૧૫. | વાલૈયા | ૧૬ | ૪૭૯ | ૪૩૩ | ૯૧૨ | – | – | – | ૨૬૯ | ૨૪૯ | ૫૧૮ (૫૬.૮) |
| ૧૬. | દેલોચ | ૧૫ | ૭૬૦ | ૭૨૨ | ૧૪૮૨ | ૧૪ | ૧૪ | ૨૮ | ૫૯૨ | ૫૭૦ | ૧૧૬૨ (૭૮.૪) |

(કોઠો ચાલુ)

| ક્રમ નંબર | ગામોના નામ | સ્થળ સંકેત | કુલ વસ્તી પુરુષો | કુલ વસ્તી સ્ત્રી | કુલ વસ્તી કુલ | અનુસૂચિત જાતિ પુરુષો | અનુસૂચિત જાતિ સ્ત્રી | અનુસૂચિત જાતિ કુલ | અનુસૂચિત જનજાતિ પુરુષો | અનુસૂચિત જનજાતિ સ્ત્રી | અનુસૂચિત જનજાતિ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭. | સુલિયાત | ૧૩ | ૧૪૩૦ | ૧૫૩૭ | ૨૯૬૭ | ૪૨ | ૪૭ | ૮૯ | ૧૨૩૯ | ૧૩૩૮ | ૨૫૭૭ (૮૬.૮) |
| ૧૮. | ગાજીપુર | ૨૫ | ૨૮૨ | ૨૪૮ | ૫૩૦ | – | – | – | ૩૬ | ૨૩ | ૫૯ (૧૧.૧) |
| ૧૯. | સાગવાડા | ૧૯ | ૧૧૮૩ | ૧૧૮૧ | ૨૩૬૪ | ૧૦ | ૧૦ | ૨૦ | ૯૭૫ | ૧૦૦૯ | ૧૯૮૪ (૮૩.૯) |
| ૨૦. | નવાગામ | ૧૪ | ૮૯૪ | ૮૧૫ | ૧૭૦૯ | ૪ | ૬ | ૧૦ | ૮૫૦ | ૭૭૫ | ૧૬૨૫ (૯૫.૦) |
| ૨૧. | મેખર | ૨૬ | ૯૨૨ | ૮૯૨ | ૧૮૧૪ | ૨૪ | ૨૦ | ૪૪ | ૩૬ | ૩૨ | ૬૮ (૩.૭) |
| ૨૨. | અગરવાડા | ૨૪ | ૧૩૪૩ | ૧૨૯૩ | ૨૬૩૬ | ૧૭ | ૧૭ | ૩૪ | ૨૯૭ | ૨૯૨ | ૫૮૯ (૨૨.૩) |
| ૨૩. | રજપતા | ૨૦ | ૧૪૫૦ | ૧૪૯૭ | ૨૯૪૭ | ૧૭ | ૧૬ | ૩૩ | ૧૪૨૪ | ૧૪૬૧ | ૨૮૮૫ (૯૭.૯) |
| ૨૪. | ભડોઇ | ૨૧ | ૧૧૧૨ | ૧૧૪૯ | ૨૨૬૧ | ૧૩ | ૧૩ | ૨૬ | ૧૦૯૨ | ૧૧૩૨ | ૨૨૨૪ (૯૮.૪) |
| ૨૫. | બીલવાણિયા | ૨૨ | ૫૫૫ | ૫૧૫ | ૧૦૭૦ | – | – | – | ૫૫૨ | ૫૧૪ | ૧૦૬૬ (૯૯.૬) |
| ૨૬. | વાડોદર | ૨૭ | ૧૫૫૯ | ૧૪૬૪ | ૩૦૨૩ | ૨૧ | ૨૧ | ૪૨ | ૬૧૧ | ૫૬૭ | ૧૧૭૮ (૩૮.૯) |
| ૨૭. | વાંસદેલિયા | ૨૮ | ૫૧૦ | ૫૨૫ | ૧૦૩૫ | ૧૫ | ૧૨ | ૨૭ | ૧૦૨ | ૧૦૩ | ૨૦૫ (૧૯.૮) |
| ૨૮. | તાજપુરી | ૨૩ | ૮૦૮ | ૭૩૯ | ૧૫૪૭ | ૧૦ | ૧૨ | ૨૨ | ૩૯૯ | ૩૭૨ | ૭૭૧ (૪૯.૮) |
| ૨૯. | ચંદપુર | ૩૧ | ૪૮૫ | ૪૭૪ | ૯૫૯ | ૨૫ | ૩૦ | ૫૫ | ૬૩ | ૫૯ | ૧૨૨ (૧૨.૭) |
| ૩૦. | ખુન્દા | ૩૦ | ૭૫૬ | ૬૭૦ | ૧૪૨૬ | ૧૮ | ૧૮ | ૩૬ | ૧૫૨ | ૧૩૦ | ૨૮૨ (૧૯.૮) |
| ૩૧. | વન્દેલી | ૨૯ | ૩૭૪૫ | ૩૬૪૬ | ૭૩૯૧ | ૪૬ | ૫૧ | ૯૭ | ૨૩૫૮ | ૨૨૪૬ | ૪૬૦૪ (૬૨.૩) |
| | | | ૨૫૦૭૪ | ૨૪૧૩૯ | ૪૯૨૧૩ | ૪૬૯ | ૪૭૦ | ૯૩૯ | ૧૪૨૩૪ | ૧૩૯૩૫ | ૨૮૧૬૯ (૫૭.૦૨) |

ઉપરના કોઠામાં લઘુવિસ્તાર (પોકેટ) ના ગામોની કુલ વસ્તી, અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી આપવામાં આવી છે. જેના પરથી સમગ્ર લઘુવિસ્તારમાં જાતિવાર માળખુ જોવા મળે છે. અનુસૂચિતજાતિ અને જનજાતિ સિવાયની વસ્તીમાં મુખ્યત્વે રાજપૂત, બારૈયા, કોળી, પટેલ, વાણિયા વગેરે જ્ઞાતિઓ હતી, આ જ્ઞાતિઓનો પ્રભાવ આદિવાસી જાતિઓ પર છે. જેને પરિણામે યોજનાઓનો લાભ સમગ્ર વિસ્તાર માટેનો હોય તો તે લાભ બિનઆદિવાસીઓ વધુ લઈ જાય છે. અને યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવવા કોશીશ કરે છે. દા.ત. વાડોદરમાં ડેમમાંથી નહેરો કાઢી આ વિસ્તારના આદિવાસીઓને જમીનને તેનો લાભ મળે તે માટે પ્રથમ નકશા બનાવી લાઈન દોરી નકકી કર્યાબાદ બિન-આદિવાસીઓએ તે લાઈનદોરી પ્રમાણે નહેરને ન લઈ જતાં પોતાની જમીનને પાણીનો લાભ મળે તે રીતે લઈ ગયા જેને પરિણામે નવી-વસાહતને જે નહેરનો લાભ મળત તે બિનઆદિવાસીઓની જમીનને મળશે, આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રથમ નવીવસાહતની જમીનમાં કરવું તેવું નકકી કર્યાબાદ તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિનઆદિવાસી ઘરો ઉભા છે ત્યાં લઈ જવામાં આવ્યું, આવી રીતે અનેક પ્રકારના લાભો પોતાના તરફ લઈ જવાની કોશીશ કરતાહોય છે, તે ઉપરાંત શોષણના ભોગ પણ આદિવાસીઓએ બનવુ પડે છે.

લઘુવિસ્તારમાં અભ્યાસમાટે પસંદ કરવામાં આવેલ પાંચ ગામોમાં બેજ આદિવાસી જાતિઓ હતી, અભ્યાસ હેઠળ આવરી લીધેલ ૧૦૦ કુટુંબોમાં ગામવાર આદિવાસી જાતિઓના કુટુંબો નીચે પ્રમાણે હતા.

આદિવાસી જાતિવાર પસંદ કરેલ ગામોમાં કુટુંબ સંખ્યા

| અ.નં. | જાતિ | વેદેલી | ભાઠા | મોરા | વીરણિયા | વાડોદર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભીલ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૭ | ૮૭ |
| ૨. | નાયકડા | – | – | – | – | ૧૩ | ૧૩ |
| | કુલ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

લઘુવિસ્તારમાંથી પસંદ કરેલ પાંચ ગામોમાં ભીલ અને નાયકા જાતિની વસ્તી હતી જેમાં મુખ્યત્વે ભીલોની વસ્તી હતી, અભ્યાસના વાડોદર ગામમાં ૧૩ કુટુંબો નાયકા જાતિના હતા એ સિવાય ૮૭ કુટુંબો ભીલ જાતિના હતા. ભીલ જાતિના કુટુંબોમાં ખેતીની જમીન ધરાવતા હોય તેવા ૮૫ કુટુંબો હતા. માત્ર બે જ કુટુંબો પાસે બિલકુલ જમીન ન હતી જ્યારે નાયકાના ૧૩ કુટુંબોમાંથી ૧ એ કુટુંબ જમીન વિહોણું હતું. ખેતીની જમીન હોવા છતાં દરેક કુટુંબનો આધાર ખેતમજૂરી પર વધુ છે. કારણકે આ~~xxxx~~ જમીન માથાદીઠ ગણી ઓછી, પથ્થરોવાળી અને ઢાળવાળી છે જેથી જમીન સિવાય ખેતમજૂરી કરી જીવન નિર્વાહ કરવાનો પ્રયત્ન કરે છે.

પસંદ થયેલ કુટુંબોનું વયજુથ નીચેના કોઠામાં આપવામાં આવેલ છે જે જોતાં આ ગામોમાં પુરુષ/ સ્ત્રીનું પ્રમાણ તેમજ બાળકો, યુવાનો, પ્રૌઢોની સંખ્યાનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

વયજૂથ દર્શાવતો કોઠો

| ગામ | ૦ થી ૬ વર્ષ | | ૭ થી ૧૪ વર્ષ | | ૧૫ થી ૨૪ વર્ષ | | ૨૫ થી ૩૫ વર્ષ | | ૩૬ થી ૬૦ વર્ષ | | ૬૦ વર્ષ ઉપર | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| વેડેલી | ૧૭ | ૮ | ૧૭ | ૧૩ | ૧૭ | ૧૩ | ૭ | ૭ | ૧૨ | ૧૪ | — | ૧ | ૭૦ | ૫૪ | ૧૨૪ |
| માઠા | ૧૧ | ૧૬ | ૧૩ | ૧૫ | ૧૬ | ૮ | ૧૩ | ૧૦ | ૬ | ૧૧ | — | — | ૫૯ | ૬૦ | ૧૧૯ |
| મોરા | ૯ | ૧૨ | ૧૩ | ૨૩ | ૧૭ | ૯ | ૮ | ૮ | ૧૪ | ૧૬ | ૩ | ૧ | ૬૪ | ૬૯ | ૧૩૩ |
| વીરણિયા | ૧૯ | ૧૩ | ૧૯ | ૧૬ | ૧૩ | ૧૨ | ૧૩ | ૧૧ | ૧૩ | ૧૭ | ૧ | ૨ | ૭૮ | ૭૧ | ૧૪૯ |
| વાડોદર | ૨૩ | ૧૮ | ૨૧ | ૧૪ | ૧૭ | ૧૭ | ૧૪ | ૧૦ | ૧૧ | ૧૪ | ૪ | ૪ | ૯૦ | ૭૭ | ૧૬૭ |
| કુલ | ૭૯ | ૬૭ | ૮૩ | ૮૧ | ૮૦ | ૫૯ | ૫૫ | ૪૪ | ૫૬ | ૭૨ | ૮ | ૮ | ૩૬૧ | ૩૩૧ | ૬૯૨ |
| ટકા | ૨૧.૯ | ૨૦.૨ | ૨૩.૦ | ૨૪.૫ | ૨૨.૨ | ૧૭.૮ | ૧૫.૨ | ૧૩.૩ | ૧૫.૫ | ૨૧.૮ | ૨.૨ | ૨.૪ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | કુલ પુરુષોમાંથી કુલ સ્ત્રીઓમાંથી ટકાવારી |
| | ૧૪૬ | | ૧૬૪ | | ૧૩૯ | | ૯૯ | | ૧૨૮ | | ૧૬ | | ૬૯૨ | | |
| | (૨૧.૧) | | (૨૩.૭) | | (૨૦.૧) | | (૧૪.૩) | | (૧૮.૫) | | (૨.૩) | | (૧૦૦.૦) | | કુલ ટકાવારી |

વયજાથનો કોઠો જોતાં જણાય છે કે પુરુષો ૫૨.૨ ટકા અને સ્ત્રીઓ ૪૭.૮ ટકા હતી. જ્યારે ૦ થી ૬ વર્ષના બાળકોની સંખ્યા ૧૪૬ (૨૧. %) અને ૭ થી ૧૪ વર્ષમાં જે નિશાળે જઈ શકે તેવા બાળકોની સંખ્યા ૧૬૪ (૨૩.૭ટકા) હતી, સશકત અને કામ કરી શકે તેવા ૧૫ થી ૩૫ વર્ષના સ્ત્રી પુરુષોની સંખ્યા ૨૩૮ (૩૪.૪ટકા) હતી. જ્યારે ૩૬ વર્ષ ઉપર ૨૦.૮ ટકાની વસ્તી. લઘુવિસ્તારમાં હતી. એટલે કે કામ કરી શકે તેવો વર્ગ પ્રમાણમાં નાનો હતો. કુલ ૩૬૧ પુરુષોમાંથી માત્ર ૧૩૫ (૩૭.૪ ટકા) પુરુષો હતા. સ્ત્રીઓ ૩૩૧ માંથી ૧૦૩ (૩૧.૧ટકા) હતી. એટલેકે મોટા વર્ગનો આધાર નાનાવર્ગ ઉપર હતો કે જેઓ કમાણી કરી શકે, જેને પરિણામે નાનો વર્ગ આટલા મોટા વર્ગનું પોષણ કરી શકે તેમ નહી હોવાથી નિશાળે જવા લાયક બાળકો તેમજ ૩૬ વર્ષ ઉપરના સ્ત્રી, પુરુષોએ પણ આજીવિકાના કામમાં મદદગાર બનવુ પડે છે. ૬૦ વર્ષ ઉપરના વૃધ્ધોની સંખ્યા માત્ર ૧૬ (૨.૩ ટકા) હતી. આ વસ્તીનુ કુટુંબકદ નીચેના કોઠા પ્રમાણેનું જોવા મળ્યું હતું.

...૨૫..

કુટુંબના કદ પ્રમાણે સભ્ય સંખ્યા

| ગામ | કુટુંબ સંખ્યા | ૧ થી ૩ પુ. | સ્ત્રી | કુલ | કુટુંબ | ૪ થી ૬ પુ. | સ્ત્રી | કુલ | કુટુંબ | ૭ થી ૯ પુ. | સ્ત્રી | કુલ | કુટુંબ | ૧૦ અને તેથી વધુ પુ. | સ્ત્રી | કુલ | કુટુંબ | પુરુષો | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | ૨ | ૩ | ૨ | ૫ | ૧૧ | ૩૦ | ૨૫ | ૫૫ | ૫ | ૨૩ | ૧૬ | ૩૯ | ૨ | ૧૪ | ૧૧ | ૨૫ | ૨૦ | ૭૦ | ૫૪ | ૧૨૪ |
| ભાઠા | ૨ | ૨ | ૩ | ૫ | ૧૦ | ૨૫ | ૨૬ | ૫૧ | ૭ | ૨૬ | ૨૭ | ૫૩ | ૧ | ૬ | ૪ | ૧૦ | ૨૦ | ૫૯ | ૬૦ | ૧૧૯ |
| મોરા | ૧ | ૧ | ૧ | ૨ | ૧૦ | ૨૭ | ૨૯ | ૫૬ | ૭ | ૨૩ | ૩૧ | ૫૪ | ૨ | ૧૩ | ૮ | ૨૧ | ૨૦ | ૬૪ | ૬૯ | ૧૩૩ |
| વીરડિયા | – | – | – | – | ૯ | ૨૪ | ૨૧ | ૪૫ | ૮ | ૩૨ | ૩૦ | ૬૨ | ૩ | ૨૨ | ૨૦ | ૪૨ | ૨૦ | ૭૮ | ૭૧ | ૧૪૯ |
| વાડોદર | ૧ | ૨ | ૧ | ૩ | ૫ | ૧૫ | ૧૨ | ૨૭ | ૮ | ૩૭ | ૨૭ | ૬૪ | ૬ | ૩૬ | ૩૭ | ૭૩ | ૨૦ | ૯૦ | ૭૭ | ૧૬૭ |
| | ૬ | ૮ | ૭ | ૧૫ | ૪૫ | ૧૨૧ | ૧૧૩ | ૨૩૪ | ૩૫ | ૧૪૧ | ૧૩૧ | ૨૭૨ | ૧૪ | ૯૧ | ૮૦ | ૧૭૧ | ૧૦૦ | ૩૬૧ | ૩૩૧ | ૬૯૨ |

કુટુંબના કદનો કોઠો જોતા પાંચ ગામોમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબોમાં ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતાં ૬ કુટુંબો હતા. જ્યારે ૪ થી ૬ સભ્ય સંખ્યાવાળા ૪૫ કુટુંબો હતાં. અને ૭ થી ૯ની સભ્ય સંખ્યા ધરાવતાં ૩૫ કુટુંબો હતાં. ૧૦થી વધારે સભ્ય સંખ્યા ધરાવતા ૧૪ કુટુંબો હતાં. એટલે કે વધુમાં વધુ કુટુંબો ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતા જોવા મળ્યા હતા.

લઘુવિસ્તારના કુલ ૩૧ ગામોમાં આદિવાસીઓની વસ્તી ૧૩૬૯૩૫ની હતી. તેમનાં કુલ કુટુંબો લગભગ ૨૩૨૨ જેટલાં હતાં.

<u>લઘુવિસ્તારનાં પ્રજાતિય તત્વો :</u>

આ વિસ્તારમાં આદિવાસી જાતિઓમાં ભીલ અને નાયકાઓની વસ્તી છે. આ ઉપરાંત ઠાકોર, બારૈયા, કોળી, વાણિયા, પટેલ, બ્રાહ્મણ વગેરે જુદી જુદી જાતિઓ વસે છે. પહેલાં આ વિસ્તારના કેટલાક ગામો મેવાણ ઠાકોરના તાબામાં જેને પરિણામે આ ઠાકોરોનું પ્રભુત્વ આસપાસના આદિવાસીઓ પર છે અત્યારે પણ આ ઠાકોર અને તેમના કુટુંબીજનો સારી એવી જમીન ધરાવે છે. તેમજ રાજકીય રીતે આગળ પડતો ભાગ ભજવે છે, જેને પરિણામે મુળે આ વિસ્તારના શાશનકર્તા ઠાકોરોનું પ્રભુત્વ તેમના પર હોય તે સ્વાભાવિક છે. આ ઠાકોરોની ખેતી અહીંના મજૂરવર્ગ પર આધારિત છે, કેટલીક જમીનતો ભાગે પણ આપવામાં આવે છે. અથવા આ આદિવાસીઓ પાસે કરાવવામાં આવે છે. જેમાં મજૂરીના દરો ઘણા ઓછા મળે છે. બીજો વર્ગ બારૈયાઓનો છે. જેઓ પણ જમીન ધરાવે છે તે ઉપરાંત પંચાયત તેમજ રાજકીય ક્ષેત્રે તેઓ આદિવાસીઓ કરતાં પ્રભુત્વ ભોગવતા હોવાથી તેનો લાભ બિન-આદિવાસીઓ મેળવી જાય છે. દા.ત. જંગલની જમીનો કે ખેતીલાયક ગામમાં પડતર કે ગૌચરની જમીન હોય તો તેવી કેટલીક જમીન ઉપર પોતાનો હકકદાવો કરી ગેરકાયદેસર રીતે ખેડતા હોય છે. તેઓના ત્યાં મજુરી વર્ગ નાયકાઓ અને ભીલનો છે. જોકે સીઝનમાં પોતાના વિસ્તારમાં મજૂરી કે ખેતી કરી મોટાભાગના ભીલો

...૨૭..

મજૂરી માટે અન્ય વિસ્તારોમાં ચાલ્યા જાય છે. આદિવાસી બિનઆદિવાસી વચ્ચેના સંબંધો સુમેળ ભર્યા છે. કારણકે આર્થિકરીતે આદિવાસીઓ કરતાં બિનઆદિવાસીઓ સધ્ધર છે, તે ઉપરાંત ખેતી સારી કરે છે. મોટાભાગના સાધનોનો તેમની પાસે છે. જેવાકે કુવા, મશીનો, ઈલેકટ્રીકમોટરો, સારા પશુઓ, પંચાયતમાં પ્રભુત્વ, સહકારી મંડળીમાં આગળ પડતા અને મોટા ભાગના લાભો લે છે, વગેરે કારણે આદિવાસી ઉપર તેમનો પ્રભાવ પડે છે. બિન-આદિવાસીઓના ત્યાં મજૂરીનું કામ આદિવાસીઓ કરે છે. આ ઉપરાંત આગળ પડતો ભાગ ભજવી અનેક પ્રકારના લાભો મેળવતા બિનઆદિવાસીઓ જે રીતે શોષણ કરે છે તેનો પડઘો કેટલાક જાગૃત આદિવાસી આગેવાનો બહાર મૂકે છે, અને વિગતે વાત કરે છે, તેઓને કયાક્ષેત્રે કયાં અન્યાય થાય છે. લાગવગને જોરે કેવા કેવા લાભો આદિવાસીને નામે અથવા તો તેમના પડછાયા નીચે લે છે.

સ્તરરિકરણમાં બ્રાહ્મણ, વાણિયા, પટેલ, રાજપૂત, ઠાકોર, બારૈયા, કોળી, મુસ્લીમો, અને ત્યારબાદ આદિવાસી જાતિઓ આવે છે. જેમાં પણ નાયકોઓ કરતાં ભીલો પોતાને ઉંચા માને છે. અને તેમની સાથે રોટી-બેડી વહેવાર નથી. નાયકાઓ ભીલને ત્યાં ખાઈશકે પણ ભીલ નાયકાને ત્યાં ખાતા નથી. જ્યારે આદિવાસીઓ કરતાં બિનઆદિવાસીઅનેજાતિઓ પોતાને ઉપર માની તેની સાથે વહેવાર કરે છે. અંદરઅંદરના સંબંધો સારા છે. મોટાભાગનો વેપાર બિનઆદિવાસીઓ કરે છે જેઓને ત્યાં ઉધારમાં લેવાનું તેમજ પૈસાની જરુર પડે ત્યારે સહુકારને ત્યાંથી લે છે જે વ્યાજ સાથે પરત કરવામાં આવે છે, બન્ને વચ્ચેના સુમેળ સંબંધો છે.

<u>ભીલો</u> :

ભીલોની વસ્તી ગુજરાત રાજ્યમાં સૌથી વધારે છે. રાજ્યના કુલ આદિવાસીઓમાં ભીલો ૪૦ ટકા છે. ભીલોની વસ્તી માત્ર ગુજરાતમાંજ નથી પણ ભારતના અન્ય રાજ્યોમાં પણ છે. પ્રથમ નંબરે ગોંડ અને બીજા નંબરે ભીલોનું સ્થાન છે. ગુજરાત રાજ્યમાં વત્તાઓછા

પ્રમાણમાં મોટાભાગના જિલ્લામાં ભીલોની વસ્તી જોવા મળે છે. સૌથી વધારે વસ્તી પંચમહાલ જિલ્લામાં છે, જ્યારે ગોધરા તાલુકામાં ૨૭૦૮૪ (૧૯૭૧) ની વસ્તી ભીલોની હતી. ભીલોનો વસવાટ આદિકાળથી આ વિસ્તારમાં છે જેના ઐતિહાસિક પુરાવાઓ પ્રાપ્ત થાય છે, કારણકે આ પ્રજાનો ઉલ્લેખ રામાયણ અને મહાભારતકાળથી થયેલો છે. ભીલોને કેટલાક ' આર્ય' તો કેટલાક વિદ્વાનો અનાર્ય માને છે. કેટલાક દ્રાવિડીયન અથવા દ્રાવિડીયન પહેલાંના માને છે. ભીલો વિષેના અનેક મતમતાંતરો જોવા મળે છે. શ્રી વેન્કટરકર ભીલોને આર્યો અને દ્રાવિડો પહેલાં હિન્દમાં વસ્તી જાતિઓના વંશજો ગણાવે છે. તેથી તેઓ પ્રોટોમેડિટેરિયન જાતિના હોવાનો સંભવ છે. ૧૯૪૨માં ડૉ. ડી.એન. મજમુદારે ભીલોના લોહીના પૃથક્કરણના આધારે અને શ્રી જી.એમ. કુલકર્ણીએ માનવંશ શાસ્ત્રની દ્રષ્ટિએ ભીલોની તપાસ કરી હતી. તેઓએ પણ મોટે ભાગે આર્યન વંશના ગણાવ્યા હતા.

ગુજરાતમાં મોટાભાગના જિલ્લાઓમાં ભીલો વસે છે પણ બધા જિલ્લાઓમાં વસતા ભીલોને એક પ્રકારના ભીલો તરીકે ગણી શકાય એવી સ્થિતિ નથી, તેમજ એવી ઐતિહાસીક માહિતી પણ નથી. પંચમહાલમાં જે ભીલો છે તે બીજા વિસ્તારમાં વસતા ભીલો કરતાં શરીરના બાંધામાં, શારીરીક દેખાવમાં, સામાજીક રીતરીવાજોમાં બિલકુલ અલગ તરી આવે છે.

<u>કુટુંબ વ્યવસ્થા</u> : અહીંના ભીલો પિતૃવંશીય, પિતૃસ્થાનીય અને પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. અહીના ભીલોમાં જુદા જુદા ૧૨૫ ગોત્રો જોવા મળે છે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામોમાં ભીલોના ૮૭ કુટુંબોમાં ગોત્રવાર કુટુંબ સંખ્યા આ પ્રમાણે હતી.

<u>ગોત્રવાર કુટુંબ સંખ્યા</u> :

(૧) ભગોરા - ૮
(૨) ભાભોર - ૫
(૩) મકવાણા - ૧
(૪) બીલવાણ - ૫

| | |
|---|---|
| (૫) નિનામા - ૧ | (૧૧) ભેદી - ૧૧ |
| (૬) ડાંગી - ૧૫ | (૧૨) ગોડ - ૧૬ |
| (૭) ડામોર - ૭ | (૧૩) મછાર - ૧ |
| (૮) માલીવાડ - ૧ | (૧૪) રાવત - ૨ |
| (૯) કટારા - ૧ | (૧૫) પારગી - ૬ |
| (૧૦) વાલવા - ૭ | |

અનેક પ્રકારના ગોત્રો હોવા છતાં સ્તરીકરણ જોવા મળતું નથી. દરેક ગોત્રો સાથે રોટી-બેટી વ્યવહાર કરવામાં આવે છે. પોતાના ગોત્રમાં (સગોત્ર) અને મામાના ગોત્રમાં લગ્ન નિષેધ છે, મોટેભાગે જે ગોત્રનો 'પટેલ' હોય તેનું ગોત્ર ગામમાં પ્રથમ આવ્યું હશે અને બીજા ગોત્રોના લોકો પાછળથી લગ્ન સંબંધ, કે અન્ય રીતે આવ્યા હશે એમ માની શકાય. ' પટેલ ' વારસાગત હોય છે. દરેક ગામમાં જુદાજુદા ગોત્ર જ્યારે આવે ત્યારે તેમના ગોત્રનો વડીલ તે ગામમાં ખૂંટ મારે છે. આ ખૂંટ જે લાકડાનો એક હાથ જેટલો ટૂકડો જમીનમાં ખોદીને બેસાડવામાં આવે છે. તે ગોત્રના ખૂંટના પૂજા દર દિવાળીમાં તે ગોત્રના લોકો કરે છે. આખાગોત્રના લોકો ગામના વસવાટનો ઇતિહાસ તેની સાથે જોડાયેલ હોય છે.

ગામમાં વસવાટ છૂટો છવાયો છે ગામ ૪ થી ૫ કિલો-મીટરના વિસ્તારમાં પથરાયેલ હોય છે. અલગ અલગ જગ્યાએ પાડા (ફળિયા) ઓ વસેલા હોય છે. એક પાડામાં લગભગ ૧૦ થી ૨૫ સુધીના ઘરો જોવા મળે છે. આ ઘરો વચ્ચે પણ અંતર હોય છે. મોટેભાગે એક પાડામાં એક ગોત્રના લોકોનો વસવાટ હોય છે. ક્યાંક ક્યાંક ઘરજમાઇ રાખીને વસ્યા હોય તો બીજા ગોત્રના થોડાક ઘરો હોય છે. એક કુટુંબ અને બીજા કુટુંબ વચ્ચેના સંબંધો સુમેળ ભર્યા હોય છે. એક બીજાની સાથે સહકારથી કામ ગોઠવતા હોય છે. કોઇને ઘર બનાવવા કે ખેતીમાં મદદની જરુર હોય, ખેતીના સાધનો જોઇતા હોય તો અરસ પરસ મદદ કરે છે. પૈસાની જરુર પડે તો પણ અંદર અંદરથી પણ ઉછીના લે છે. એક ગોત્રવાળા

...૩૦..

પોતાને લોહીના સંબંધીઓ માને છે, જેને પરિણામે સામાજીક પ્રસંગોએ એકત્ર મળી સગાઇ પ્રમાણે આપવા લેવાના વ્યવહારોથી જોડાયેલ હોય છે. ગામમાં અન્ય ગોત્રના કુટુંબો સાથે સંબંધો સારા હોય છે, પણ અત્યારે પંચાયતની ચુંટણીઓને કારણે દરેક ગામમાં રાજકીય જાગૃતિ જોવા મળે છે જેને પરિણામે જુદા જુદા જુથોમાં વહેંચાયેલ કુટુંબો જોવા મળ્યા હતાં. સામાજિક પ્રસંગોએ એકબીજા સાથે જોડાયેલ હોવા છતાં ચૂંટણીઓએ તેમની એકતામાં ભેદરેખા ઉભી કરી છે કેટલીકવાર એકજ કુટુંબની વ્યક્તિઓ ચુંટણીમાં સામસામે આવી જતી હોવાથી રાજકીય રીતે જુદાંજુદાં જુથોમાં જોવા મળી હતી. દા.ત. ક્ષેત્રકાર્ય વખતે તરતજ થયેલ પંચાયતની ચૂંટણીના પરિણામે ગામમાં સરપંચ થએલ વ્યક્તિએ ગોઠવેલ ભોજન સમારંભોમાં પોતાના ચુંટણીના ટેકેદારોનેજ ભોજનમાં આમંત્રણ આપવામાં આવ્યું હતુ ' સગાઇજાથ' તરીકે નહી.

(૪) સગાઇ સંબંધો : ભીલોમાં સગાઇસંબંધો ત્રણ પ્રકારના જોવા મળે છે.

(૧) લોહીપર આધારિત :

ગોત્રના સંબંધિઓ લોહીપર આધારીત હોઇ તેઓ અંદરો-અંદર વ્યવહાર કરતાં નથી. કોઇપણ સામાજિક પ્રસંગે સાથે મળીને પ્રસંગ ઉજવે છે. એક બીજાને આર્થિક સહાય પણ કરે છે. જેમાં મુખ્યત્વે ત્રણચાર પેઢી સુધીના સંબંધીઓને નજીકના સંબંધીઓ માની વહેવાર કરતા હોય છે.

(૨) લગ્નપર આધારિત :

લગ્ન કરવાથી નવા સંબંધો ઉભા થાય છે. પતિ-પત્ની, વેવાઇઓ, સાસુ-સસરા, દિયર-જેઠ, નણંદ-ભોજાઇ, કાકાજી-મામાજી, ફુઆ, માસા-માસી, જે સંબંધોને આધારે ભીલો સામાપક્ષો લગ્ન વ્યવહાર કરતા નથી. પ્રસંગો પર સાથે મળે છે અને એક બીજાને સહાય કરે છે.

(૩) એક સ્થળપર રહેવાથી થયેલ સંબંધો :-

એકજ ગામમાં રહેતા હોવાને કારણે અન્ય ગોત્રવાળા કે

બિનઆદિવાસી કુટુંબો સાથે પણ સંબંધો રાખે છે. લગ્ન જેવા પ્રસંગોએ એક બીજાને ત્યાં જાય છે. અને સંબંધો પ્રમાણે આપવાલેવાના સંબંધો નિભાવે છે.

સગાઈસૂચક શબ્દો :

(૧) ભીલોમાં એક કરતાં વધારે વ્યક્તિઓને લાગુ પડતા શબ્દો છે, જેમકે ''દાદા'' આ શબ્દ પોતાનાથી મોટીવયના પુરુષોને બોલાવવા માટે વપરાય છે. ગામમાં ગમેતે ગોત્રની વ્યક્તિ હોય પણ વડીલ હોય તો તેને બોલાવવા માટે નામની આગળ ''દાદા'' શબ્દ મૂકી બોલાવવામાં આવે છે. દા.ત. 'દાદા છગન' 'દાદા-પુનીયા' વગેરે.

(૨) વિશિષ્ટ સગાઈ સંબંધ સૂચક શબ્દોનો ઉપયોગ જેમકે સાસુ, આઈ (બા) 'બાહ' બૈયર (પત્ની).

(૩) માધ્યમિક સગાઈ સૂચક શબ્દોમાં પત્ની કે પતિને બોલાવવા માટે વચ્ચે માધ્યમાં રાખી બોલાવે છે. બંન્ને એકબીજાને નામ દઈને બોલાવતા નથી. પત્નીને બોલાવવી હોયતો છોકરીનું નામ લઈ બોલાવે, પતિને બોલાવવો હોય તો છોકરાનું નામ લઈ બોલાવે છે.

મર્યાદા અને મશ્કરીના સંબંધો :

ભીલ સમાજમાં માતા-પિતા, જેઠ વડીલ વ્યક્તિની મર્યાદા રાખવામાં આવે છે. નાનાભાઈની પત્નીનું નામ પણ લેવામાં આવતુ નથી અને ભીલ સ્ત્રીઓ પોતાના પતિથી મોટા પુરુષોની લાજ કાઢે છે, ઘૂમટો તાણવો રિવાજ ભીલોમાં છે. એક બાજુ ચુસ્તપણે મર્યાદાના સંબંધો છે તો બીજીબાજુ મશ્કરીના સંબંધો પણ છે. જેમાં વેવાઈ-વેવાણો, દિયર-ભોજાઈ, સાળી-બનેવી વગેરે સંબંધીઓમાં મશ્કરીના સંબંધો જોવા મળે છે.

ભૌતિક રચના :

આ વિસ્તારમાં વસતા ભીલો અને નાયકાનું ભૌતિક જીવન જોઈએ તો મુખ્યત્વે અત્યંત ગરીબીને કારણે નિમ્નમ જીવન જીવતા

જીવે છે. જીવણ જરુરિયાતના ઓછામાં ઓછા સાધનોથી ચલાવી લે છે.

ઘર :

xx xxxxxxxxx ઘર સામાન્ય રીતે ૨૦ x ૨૫ જોવા મળે છે. ઘરમાં એક ખડ અને આગળ ઓશરી હોય છે. ઢોર પણ મોટાભાગના કુટુંબો ઘરમાંજ બાંધે છે. કોઈક કોઈક કુટુંબને ઢોરમાટે ઘરની દિવાલે છાપરી કરેલી જોવા મળે છે. આ ઘરની બનાવટમાં માટી, પથ્થરની દિવાલો અને છાજમાં વળીઓ અને વાંસની ખપાટો, તેના ઉપર દેશીનળિયાં કે જાતે બનાવી પકવેલા માટીના થાપડા, ઘરને બારીઓ હોતી નથી. ઓશરીમાં ખાટલા, ખેતીનો સામાન, ઢોર હોય તો ત્યાં બાંધે છે. આ સિવાય અંદરના ખડમાં વચ્ચે માટીની કોઠીઓ મુકી રાખી હોય છે. એક ખૂણામાં ચૂલો અને તેની આસપાસમાં એલ્યુમિનિયમ અને માટીના થોડાક વાસણો, પાણીની માટલી, તૂટેલાં બેત્રણ ગોદડાં, એક બીજાુ વાંસની વરગણીપર જુના પહેરવાનાં કપડાં, એક ખૂણામાં ઘંટી વગેરે ઓછામાં ઓછો સામાન ઘરમાં જોવા મળેછે. ભીલો કરતાં પણ નાયકો આર્થિક રીતે વધુ ગરીબીની સ્થિતિમાં છે. તેઓના ઘર પ્રમાણમાં ભીલો કરતાં નાના અને જીવનજરુરિયાતના સાધનો પણ ઓછાં જોવા મળે છે.

સ્ત્રીનો સામાજીક દરજ્જો :

ભીલોમાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં ઉતરતી કક્ષાનો ગણવવામાં આવે છે, છતાં કુટુંબમાં સ્ત્રીનુ સ્થાન પણ મહત્વનું છે. કોઈપણ પુરુષે લગ્ન કરવું હોય તો કન્યામૂલ્ય આપવુઅનિવાર્ય છે તેમાંથી અત્યારે ૫ થી ૧૦ હજાર રુપિયા સુધી કન્યામૂલ્ય ચુકવવામાં આવે છે. જેને પરિણામે લગ્ન કરવાની મુશ્કેલી પણ અનુભવાય છે. કારણકે વધતુ જતું કન્યામૂલ્ય આર્થિકરીતે ગરીબ ભીલોમાં મુંજવણનો મોટો પ્રશ્ન ઉભો કરે છે, જેથી સ્ત્રીને છૂટાછેડા આપવા કે બીજી સ્ત્રી કરવી મુશ્કેલ પડે છે. સ્ત્રી કેટલાક ક્ષેત્રોમાં સ્વતંત્ર પણ છે. જેવાકે લગ્નની બાબતમાં પોતાની ઈચ્છા હોય અને પુરુષ તેને ગમે તોજ હા પાડે છે. ઘરમાં પણ સામાજીક બાબતોમાં તેનો મત લેવામાં

આવે છે. ઘરની કમાણીમાંથી ખર્ચવાનો અધિકાર પુરુષનો હોવા છતાં કેટલાક ખર્ચ માટે સ્ત્રીને પૂછવામાં પણ આવે છે. પોતાની કમાણી સ્ત્રી પોતાની પાસે પણ રાખી શકે છે, અને પોતાના ઉપયોગ માટે તેને ખર્ચે પણ છે. બીજી બાજુ આ સમાજમાં સ્ત્રી પુરુષ રથના બન્ને ચક્રોની માફક સમાનતા અનુભવે છે. કાંય જવુ હોય તો બન્ને સાથે જાય છે. ખેતરમાં કામ સાથે કરે છે, બજાર કે હાટમાં પણ સાથે જાય છે, બહારગામ મજૂરી કરવા પણ સાથે જતાં હોય છે, છૂટાછેડા લેવાની ઈચ્છા હોય તો પુરુષની માફક સ્ત્રી પણ પુરુષ ન ગમે કે ન ફાવેતો છૂટી થઈ શકે છે. વિધવા થયાપછી તેની ઈચ્છા હોયતો લગ્ન કરે છે. પરણીત જીવનમાં પણ પતિ સાથે બરાબર ન ગોઠવાઈ શકે અને અન્ય પુરુષની સાથે પ્રેમ થાય તો આ પતિને છોડીને ચાલી જાય છે. અને મનગમતા પુરુષના ઘરમાં જઈને બેસે છે. આ રીતે અનેક ક્ષેત્રોમાં ભીલ સમાજની સ્ત્રી સ્વતંત્ર અને ઉચ્ચ હોદ્દો પણ ભોગવે છે.

સામાજિકક્ષેત્રોમાં તેનું મહત્વ કેટલીક બાબતોમાં છે તેની અવગણા કરવામાં આવતી નથી. લગ્ન જેવા પ્રસંગોમાં તેની હાજરી આવશ્યક ગણવામાં આવે છે. જ્યારે ધાર્મિકક્ષેત્ર જાહેરમાં થતી સામૂહિક ધાર્મિક પૂજા વિધિઓમાં સ્ત્રી હાજર રહી શકતી નથી. આવા ધાર્મિક ઉત્સવોમાં પુરુષો એકલાજ હાજર રહે છે. ઘરની અંદર દેવની પૂજા વિધિઓમાં પણ સ્ત્રી ભાગ લઈ શકતી નથી માત્ર પ્રેક્ષક બની શકે, અને તેમાંય તે જ્યારે બહાર બેઠી હોય(એમ.સી.માં) ત્યારે દેવની જગ્યાએ ઘરમાં, ગામમાં કે અન્ય જગ્યા જઈ શકતી નથી. તેમજ ધાર્મિક સાધનો જેમકે પાવરી, દેવની ટોપલી, અન્ય વાજીંત્રો ને અડકી શકતી નથી.

જાતિપંચ :

ભીલોમાં જાતિપંચનું વ્યવસ્થિત સ્વરૂપ જોવા મળતું નથી. ગુજરાતના આદિવાસીઓમાં દૂબળા, ચૌધરી, કોકણા, ધોડિયા વગેરે જાતિઓમાં વ્યવસ્થિત જાતિપંચ છે તેવું ભીલોમાં નથી.

...૩૪..

પણ ગામકક્ષાએ પટેલ હોય તે અને મોટી ઉંમરના વડીલો હોય તે કોઈપણ સામાજિક પ્રવૃતિ થાય તો તેને રોકવાનો પ્રયત્ન કરેછે. આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે કંઈપણ પ્રશ્ન વ્યક્તિગત કોઈને ઉભો થાયતો આ પંચ તરીકે રહેલ લોકો બન્ને પક્ષોને ભેગા કરી દાવો ભોગવવામાં આવે છે, જેમાં મુખ્યત્વે દહેજ, છૂટાછેડા, જાતિસંબંધોને લગતા પ્રશ્નો, કોઈની સ્ત્રીને લઈને કોઈ પુરુષ નાસી જાય, ચોરી, મારામારી, ઝઘડા વગેરેમાં આ 'પંચ' તરીકે રહેલ લોકોને એકત્ર કરી ન્યાય કરાવવામાં આવે છે. જોકે વ્યવસ્થિત સળંગસૂત્ર સ્વરુપ જોવા મળતું નથી. પણ આ પંચ તરીકે રહેલ વ્યક્તિઓ ઉભાથતા પ્રશ્નો પતાવી દંડ કે સામાજિક બહિષ્કાર જેવા સાધનોનો ઉપયોગ કરે છે.

આગેવાનો :

ભીલોમાં નેતૃત્વ ખાસ કરીને ગામમાં પટેલ સંભાળે છે. જે ઉંમર લાયક હોય, આર્થિક રીતે સુખી હોય તેવા વડીલો આગેવાન તરીકે પણ ભાગ લે છે, અને સરપંચની ચૂંટણીઓમાં ઝંપલાવે છે. કેટલાક ગામોમાં સુમેળસાથી પસંદગી કરવામાં આવે છે. તો કેટલાક ગામોમાં આવી રહેલ રાજકીય જાગૃતીને કારણે ચૂંટણીઓ થાય છે અને બન્ને પક્ષો પડી જાય છે. એ પક્ષો વ્યક્તિગત ધોરણે પણ એકબીજાના વિરોધી બનીને સંઘર્ષોમાં પણ આવે છે. સંબંધીઓ હોવા છતાં પણ જુદાજુદા પક્ષોમાં વહેંચાઈ જતા જોવા મળે છે, છતાં ગામ કક્ષાએ સરપંચ, પટેલ અને કાઠીઓ મુખ્ય છે. તેઓ ગામના અન્ય પ્રશ્નોમાં પણ હાજર રહે છે. તેઓની ઉપરની કક્ષાએ તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના આગેવાનો સાથે રાજકિય સંબંધોથી જોડાય છે, કારણકે તાલુકા, જિલ્લા, ધારાસભ્ય અને લોકસભાની ચૂંટણીઓમાં ગામકક્ષા સુધીની કડી ગામમાં રહેલ આગેવાનો હોવાથી તેઓ છેકસુધી સંબંધો અને લાગવગો ધરાવે છે. બિનઆદિવાસી નેતાગીરી પણ સાથેસાથેજ હોય છે તેમાંય આદિવાસી અને બિનઆદિવાસીઓની વસ્તી જયાં ભેગી છે ત્યાં આદિવાસી આગેવાનો પણ બિનઆદિવાસી નેતાગીરીનું પ્રભુત્વ જોવા મળે છે. આ સાથે આદિવાસી ગામોમાં ધાર્મિકક્ષેત્રે નેતાગીરી ભોગવતા ભૂવા-ભગતો છે જેઓનું મુખ્ય કાર્યતો ધાર્મિકક્ષેત્રે છે. છતાં ગામમાં તેમની અવગણા કરવામાં આવતી નથી.

સમાજસેવી સંસ્થાઓ :

આ વિસ્તારમાં સમાજસેવી સંસ્થામાં ભીલ સેવા મંડળની કામગીરી મુખ્ય દેખાય છે. તેના ધ્વારા મોરામાં આશ્રમશાળા ચાલે છે, આ સિવાય બીજી સમાજસેવી સંસ્થાઓ પણ કામ કરે છે. આ સમાજસેવી સંસ્થાઓ સહકારીક્ષેત્રે પણ મહત્વનુ કાર્ય કરે છે. આશ્રમશાળામાં આદિવાસી બાળકો અભ્યાસ કરે છે. શિક્ષણનો વ્યાપ વધારવા આશ્રમશાળાઓની કામગીરી મહત્વની છે. વિકાસ કાર્યોમાં આવી સંસ્થાઓ નમૂનારુપ બની જાય છે. અને આસપાસના વિસ્તારમાં તેનો પ્રભાવ પણ પડે છે. જે ધ્વારા આ સંસ્થાઓની અસરો એક યા બીજા ક્ષેત્રમાં પડતીજ હોય છે.

સહકારી મંડળી :-

મોરો લઘુ વિસ્તારમાં બે મોટા કદની ખેતી વિષાયક વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ છે જેમાં એક મોરામાં અને બીજી વાડોદરપાં છે. આ બન્ને મંડળીઓ નીચે પોકેટના બધાજ ગામો આવરી લેવામાં આવેલ છે. 'મોરા' મંડળીમાં ૧૬ ગામો અને વાડોદર (વંદેલી) મંડળી નીચે ૧૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, આ મોટાકદની મંડળીઓ આ વિસ્તારમાં ખેતધિરાણો કરે છે અને આ વિસ્તારના વિકાસમાં અગત્યની સંસ્થા તરીકે કામ કરે છે.

નમૂનામાં લઘુ વિસ્તારમાં આવેલા ૩૧ ગામોને મોરા 'લેમ્પસ' અને વંદેલી 'લેમ્પસ' ધ્વારા આવરી લીધા છે.

મોરા વિભાગ મોટાકદની ખેતી વિષાયક વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાં કુલ ૧૮૪૦ સભાસદો જોડાયેલા છે જેમાં ૯૫૨ નાના ખાતેદાર અને ૮૮૮ મોટા ખાતેદારો છે. કુલ સભાસદોમાંથી ૫૦% ઉપરાંતના એટલે કે ૯૫૫ આદિવાસી સભાસદો આ મંડળીમાં જોડાયેલાછે.

આ મંડળી ધ્વારા સભાસદોના ખેતીના વિકાસ માટે જીવન-જરૂરી ચીજો પૂરી પાડવા અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ મંડળી સાથે જોડાયેલા કુલ ૯૫૫ આદિવાસી સભાસદોમાંથી ૭૬૧ સભાસદો લોન લેનારા હતા. જ્યારે બિનઆદિવાસી લોન

...૩૬..

લેનાર સંસ્થાઓની સંખ્યા ૫૫૪ની હતી. જેમને આખા વર્ષ દરમ્યાન (૧૯૮૪-૮૫) ૩,૮૮,૧૮૦ રૂા. નું ધિરાણ કરવામાં આવ્યું હતું. '૮૪-૮૫' ની શરૂઆતમાં બાકી લહેણું ૫,૮૪,૨૨૨ રૂા. નું હતું. વર્ષના અંતે બાકી લહેણું ૪,૬૨,૦૦૦ રૂા. નું હતું. આ રીતે મોરા 'લેમ્પ્સ' માં જોડાયેલા લવિના કુલ ૧૪ ગામો હતા. જ્યારે વેદેલી 'લેમ્પ્સ'માં કુલ ૧૭ ગામો જોડાયેલા હતા.

આદિવાસી વિસ્તારમાં 'લેમ્પ્સ' દ્વારા સભાસદોને ખેતી વિષયક ધિરાણ ઉપરાંત રાસાયણિક ખાતરો, સુધારેલા બિયારણો, ઇનપુટસ કિટસ, મીની કિટસ, છૂટક અનાજ વેચાણ અને ઓઇલ એન્જિન વગેરેનું વેચાણ કરવામાં આવે છે. તેમજ દવા છાંટવાના પંપ લોકો વ્યકિતગત દવા છાંટવાના પંપ વસાવી શકે તેટલી સુવિધા ન હોવાથી તે પણ મંડળી પોતાના પંપ ભાડે આપીને સેવા પૂરી પાડે છે.

વેદેલી 'લેમ્પ્સ' માં જોઇએ તો લવિના કુલ ૧૫ ગામોમાંથી ૧૪૫૭૯ જેટલી આદિવાસી વસ્તીને આવરી લઇ ૫૧૦ નાના ખેડૂતો અને ૧૮૩ જેટલા મોટા આદિવાસી ખેડૂત કુટુંબોને આવરી લીધા છે. એટલે કે આ મંડળી સાથે જોડાયેલા કુલ ૧૫૦૭ સભાસદોમાં ૬૮૩ જેટલા આદિવાસી સભાસદો છે. જેમાંથી ૨૫૦ જેટલા આદિવાસી નાના ખેડૂતો અને ૧૪૦ જેટલા મોટા ખેડૂતો મંડળીમાં કર્જદાર હતા. એટલે અહી પણ જોઇ શકાય છે કે 'લેમ્પ્સ' સાથે સંકળાયેલા કુલ આદિવાસી સભાસદોમાંથી ૫૦% ઉપરાંતના સભાસદો મંડળી દ્વારા જાુદી જાુદી સેવાઓ મેળવતા હતા.

ટૂંકમાં કહીએ તો ગ્રામ્ય અર્થતંત્રમાં ખેતીએ મહત્વનો ભાગ ભજવે છે. ખેતી અર્થતંત્રમાં સીમાંત ખેડૂતો - નાના ખેડૂતો અને ખેત-મજાૂરોનો વિચાર ન કરવામાં આવે ત્યાં સુધી ખેતી અર્થતંત્રમાં ગતિશીલતા આવી શકે નહી. તેથી આદિવાસી વિસ્તારમાં 'લેમ્પ્સ' દ્વારા મોટાભાગની આદિવાસી વસ્તીને આવરી લઇ ખેતી અને જીવન જરૂરી ચીજો વ્યાજબી ભાવે પૂરી પાડે છે. આજે આદિવાસી વિસ્તારમાં કૃષિ વિકાસ માટે સહકારી મંડળીઓ દ્વારા નાણાંકીય

...૩૭..

બાબતની જરુરિયાતની પૂર્તિ થાય છે. 'લેમ્પ્સ' દ્વારા આ જરુરિયાત પુરી પાડીને ખેતીના અનુસાંગિક કામકાજો અને બીજી અનેક પ્રવૃત્તિ દ્વારા ખેડૂતોને મદદરુપ બને છે.

આજે આદિવાસી વિસ્તારમાં ચાલતી અને વિધ સહકારી સંસ્થાઓ દ્વારા આદિવાસી પ્રજાને શોષણમાંથી મુકત કરવામાં ઘણોજ અગત્યનો ભાગ ભજવ્યા છે તે આપણે જોઇ શકીએ છીએ.

શિક્ષણ :

લવિવિસ્તારમાં પ્રથામિક વ્યવસ્થા દરેક ગામમાં છે. માધ્યમિકશાળાઓની વ્યવસ્થા મુખ્ય કેન્દ્રોમાં જોવા મળે છે જેમાં મોરા, વાડોદર વગેરેમાં આશ્રમશાળા મોરામાં છે, અને ઉચ્ચતર માધ્યમિકશાળા મોરામાં છે આ સિવાય સંતરામપુર અને ગોધરામાં કોલેજો છે. જેને પરિણામે આ વિસ્તારના બાળકો આસપાસના ગોધરા અને સંતરામપુર સ્થળોએ જાય છે.

અભ્યાસ માટે પસંદ કરેલ પાંચ ગામોમાં શિક્ષણ નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણેની સ્થિતિ હતી. ખેતમજૂરીના વ્યવસાય સાથે સંકડાયેલા હોવાથી શિક્ષણનો વ્યાપ ઘણો ઓછો જોવા મળે છે. અશિક્ષીતોનું પ્રમાણ ૭૭.૨૦ ટકા હતુ કારણ કે મોટાભાગની બહારના વિસ્તારોમાં મજૂરી માટે નીકળી પડે છે. જેને પરિણામે અશિક્ષિતોનું મોટું પ્રમાણ છે. પ્રાથમિક શિક્ષણ ૧૫.૮૭ ટકા જોવા મળતું હતું જયારે માધ્યમિક શિક્ષણ માત્ર ૫.૪૮ ટકા અને ઉચ્ચતર શિક્ષણ ૦.૪૪ ટકા જયારે કોલેજમાં ભણતા હોય તેવા માત્ર ૧.૦૧ની ટકાવારી હતી.

....૩૮..

## શિક્ષણ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | અભણ | | બાલમંદિર | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચતર | | ઉચ્ચશિક્ષણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| વેડેલી | જ.વાળા | ભીલ | ૨૦ | ૪૩ | ૪૫ | – | – | ૧૪ | ૫ | ૧૦ | ૪ | – | ૧ | ૪ | – |
| ભાઠા | જ.વાળા | ભીલ | ૨૦ | ૩૮ | ૫૮ | – | – | ૧૬ | ૨ | ૩ | – | ૧ | – | ૧ | – |
| મોરા | જ.વાળા | ભીલ | ૨૦ | ૩૩ | ૬૮ | – | – | ૨૨ | ૧ | ૮ | – | – | – | ૧ | – |
| વીરણીયા | જ.વાળા | ભીલ | ૧૮ | ૩૯ | ૬૭ | – | – | ૨૩ | ૨ | ૭ | – | – | – | ૧ | – |
| | જ.વગર | ભીલ | ૨ | ૭ | ૨ | – | – | ૧ | – | – | – | – | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૪૬ | ૬૯ | – | – | ૨૪ | ૨ | ૭ | – | – | – | ૧ | – |
| વાડોદર | જ.વાળા | ભીલ | ૭ | ૧૯ | ૨૫ | – | – | ૧૨ | ૬ | ૪ | ૨ | ૨ | – | – | – |
| | જ.વાળા | નાયકા | ૧૨ | ૪૫ | ૪૩ | – | – | ૬ | – | – | – | – | – | – | – |
| | જ.વગર | નાયકા | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૬૬ | ૬૯ | – | – | ૧૮ | ૬ | ૪ | ૨ | ૨ | – | – | – |
| બધાંનું કુલ | | | ૧૦૦ | ૨૨૬ | ૩૦૯ | – | – | ૬૪ | ૧૬ | ૩૨ | ૬ | ૩ | – | ૭ | – |
| | કુલ | | | ૫૩૫ | | | | ૧૧૦ | | ૩૮ | | ૩ | | ૭ | |
| | ટકા | | | ૭૭.૨૦ | | | | ૧૫.૮૭ | | ૫.૪૮ | | ૦.૪૪ | | ૧.૦૧ | |

ઉપરના કોઠામાં જોતા સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અશિક્ષિતોમાં પણ સ્ત્રીઓનું પ્રમાણ ઘણું મોટું છે જ્યારે શિક્ષિતોમાં માત્ર ૧૬ સ્ત્રીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. અને માધ્યમિક શિક્ષણ મેળવતી માત્ર ૬ સ્ત્રીઓજ હતી. માધ્યમિક ઉપરનું શિક્ષણ સ્ત્રીઓમાં જોવા મળ્યું હતું. આ વિસ્તારની શિક્ષણની સ્થિતિ છે. જેને ગંભીરગણી વિચાર કરવો આવશ્યક બને છે. કારણકે આ વિસ્તારોમાં ખેતમજૂરી માટે મોટાભાગનો સમય બહાર જતાં કુટુંબોના બાળકો શિક્ષણથી વંચિત રહે છે. તેમાંય ખાસ કરીને ૧૪વર્ષથી નાના બાળકો કે જે શિક્ષણ લેવાને યોગ્ય છે તેવા પણ શિક્ષણ ન લેતાં મજૂરીના કાર્યમાં જોડાઇ જાય છે.

..૪૦..

## પ્રકરણ - ૪

## મોરા (પોકેટસ) લવિની અર્થવ્યવસ્થા

લઘુવિસ્તારના આયોજન માટે રાજ્યના જુદા જુદા આઠ પ્રાયોજના વિસ્તારો સિવાયના ૧૪ પોકેટસનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લાના ''મોરા'' પોકેટસનો સમાવેશ આ અભ્યાસમાં કર્યો છે. તેની અર્થ વ્યવસ્થાને સમજવા માટે પહેલાં લવિ(પોકેટસ) ની ભૌતિક સંસ્કૃતિ વિષે જોઈશું.

મોરા પોકેટસમાં વસ્તી આદિવાસી જાતિના ગામો એકજ સંકુલમાં આવેલા છે. કેટલાક ગામો ડુંગરાઓની તળેટીમાં આવેલા છે, કેટલાક ગામો સપાટ પ્રદેશમાં પણ છે. ડુંગરોની તળેટીમાં અને સપાટ પ્રદેશમાં વસતા આદિવાસીઓની અર્થવ્યવસ્થામાં કોઈ ખાસ ફરક જોવા મળતો નથી. તેમનું જીવન કુદરત પર આધારિત છે. અહિ પોકેટસના આદિવાસીઓના ઘરો, ઘરોની રચના, ઘરોની જમીનની માલીકી, ઘરના પ્રકાર ઘરવખરી, પહેરવેશ, ઘરેણાં, ખોરાક અને પીણાં અને વ્યસનો વિષે જોઈએ.

### ઘરોની સ્થિતિ :

લવિમાં વસતા આદિવાસીઓના ઘરો મોટે ભાગે છૂટાં છવાયાં અને પોતાનાજ ખેતરોમાં બાંધેલા હોય છે. કેટલીક જગ્યાએ ઊંચાણવાળી ટેકરી ઉપર પાંચ-સાત ઘરોના જૂથમાં પણ એકબીજાના ઘરો જોવા મળે છે. તેમની સાથે અલગ જાતિના પણ ઘરો હોય છે. એક ગોત્રના અને એક લોહીના સંબંધીઓ પણ એક ફળિયામાં રહેતા હોય છે. તેમના ઘરો મુખ્યત્વે પોતાની માલિકીની જમીનમાજ ખેતરોમાં બાંધેલા હોય છે. દરેક ઘરો મોટે ભાગે કાચાં, છાણમાટીથી લીપેલાં અને સ્થાનિક સાધનોથી બનાવેલા હોય છે. દરેક ઘરો છૂટા છવાયા પોતાના ખેતરોમાંજ બાંધે છે. આમાં ખેતરની પણ જાળવણી અનાયાસે થાય છે. ઘરના મુખ્યત્વે બે ભાગ હોય છે ઓસરી પણ હોય છે. એક ભાગમાં તેઓ પોતે રહે છે અને બીજા ભાગમાં પોતાના ઢોરને બાંધે છે. સ્થિતિપાત્ર અને વધુ ઢોર હોય તેમનાં ઘરોની બાજુમાં ઢોર માટે

...૪૧..

અલગ ઢાળિયું પણ જોવા મળે છે. કેટલાક ઘરોમાં એક નાનકડું માળિયું પણ હોય છે. માળિયામાં તેઓ જરૂરિયાતની ચીજ વસ્તુઓ મૂકી રાખે છે. ઘરની દિવાલો કામઠાનીકાઠીની, માટીની અને ઈંટ-માટીની જોવા મળે છે.

ઘરમાં પાણિયારું આગળની ઓસરીના એક છેડે લાકડાં રોપીને વચ્ચે આડું લાકડું મૂકી બનાવેલું હોય છે. કેટલાક ઘરોમાં માટીનું પાણિયારું પણ ઓસરીમાં જોવા મળે છે.

સામાન્ય રીતે પાકેટના ગામોમાં મોટા ભાગના ઘરો કાચા જોવા મળે છે. ઘરની બહાર એક છેડે નાહવા-ધોવા માટેનો પથ્થર પણ નાખેલો હોય છે. મોટાભાગના ઘરોમાં પૂરતાં હવા-ઉજાસની સગવડ પણ હોતી નથી. જેથી ઘરમાં અંધારુંજ છવાયેલું રહે છે. ઘરની અંદરજ કોઢ-કોઠાર, રસોડું અને ઘરવખરી રાખવા માટે અને સૂવા માટેની સઘળી વ્યવસ્થા અંદરજ હોય છે. નમૂનાના કુટુંબોના ઘરોની સ્થિતિ જોતાં આપણે તેમના મકાનો અને તેની રચના વિષે વધુ ખ્યાલ આવશે. નમૂનાના કુટુંબોના ઘરોની સ્થિતિ કોઠા ૧.૧ થી ૫ માં દર્શાવી છે

<u>ઘરની વિગતો :</u>

નમૂનાના કુટુંબોમાંથી મોટાભાગના કાચા જોવા મળ્યા હતા. નમૂનાના કુલ ઘરોમાંથી ૧૦ ઘરોને સાંઠીની દિવાલ, ૮૭ ઘરોને માટીની દિવાલ અને ૩ ઘરોની પથ્થરની દિવાલ હતી. દરેક ઘરોના છાપરા વિષે જોઈએ તો નમૂનાના કુલ ઘરોમાંથી ૩૨ ઘરોના છાપરા દેશી નળિયાથી છવાયેલાં હતા. ૬૩ ઘરોના છાપરા દેશીનળિયા અને દેશીથાપડા વડે, ૩ ઘરોના છાપરાં વિલાયતી નળિયાથી અને ૨ ઘરોના છાપરાં ઘાસપાનથી છવાયેલાં જોવા મળ્યાં હતાં. દરેક ઘરમાં પશુ બાંધવાની છાપરી સાથે જ હતી. માત્ર એકજ ઘર એવું જોવા મળ્યું હતું કે જેણે ઢોરને બાંધવાની વ્યવસ્થા અલગ ઢાળિયું બાંધી કરી હતી. નમૂનાના દરેક ઘરોની જમીન પોતાની માલિકીની હતી જેમણે પોતાનાજ ખેતરોમાં મકાન બાંધેલા હતા.

....૪૨..

નમૂનાના ઘરોની લંબાઇ અને પહોળાઇ વિષે જોઇએ તો મોટાભાગના ઘરો ૨૦ x ૩૦ અને ૨૫ x ૩૫ ની ફૂટની લંબાઇવાળા હતાં. ઘરો ખૂબજ નાના જોવા મળ્યા હતા. નમૂનાના ઘરોનો પ્રકાર, દિવાલ, છાપરુ, કોઢિયુ અને મકાન માલિકીની જમીનની વિગતો સાથે કોઠા નં. ૧ થી ૫માં દર્શાવવામાં આવી છે. જેના અભ્યાસથી વિસ્તાર પ્રમાણે ગામવાર દરેક ઘરોની સ્થિતિ વિષે વધુ ખ્યાલ આવશે.

નમૂનાના અભ્યાસક્ષેત્રના ગામોમાં મકાનોની વિગત જોતાં એટલું સ્પષ્ટ થાય છે કે દરેક ઘરો પ્રમાણમાં ખૂબજ નાના અને એકજ બારણાવાળા તેમાંય કેટલાક ઘરોને તો જાળીનું બનાવેલું બારણું જોવા મળ્યું હતું. અહીં ઘરોની સ્થિતિ વિષે જોયું હવે લવિના કુટુંબોની ઘરવખરી વિષે જોઇશું.

## ઘરવખરી :

લવિના નમૂનાના ગામોના સર્વેક્ષણ કરેલા કુટુંબો પાસે ઘર-વખરીના સાધનોમાં મોટે ભાગે માટીના વાસણો, એલ્યુમિનિયમની તપેલી, થાળીઓ અને પિતળના લોટા, તેમજ પાણી ભરવામાટેના બેડાં, તેમજ કેટલાક કુટુંબો પાસે સ્ટીલની થાળી, વાડકી અને કાચના નાના વાસણો જોવા મળ્યા હતા. જ્યારે ઘરવખરીના ભાગરુપે ફર્નિચરના સાધનોમાં ખાટલા અને ગોદડાં-ગોદડીઓ તેમજ ઘંટી અને અનાજ ભરવા માટેની કોઠીઓ જોવા મળી હતી.

મોટા ભાગના ઘરોમાં એક ખૂણામાં રસોડુ, એકબાજુ રહેઠાણ અને બીજા ભાગમાં રાચરચીલુ મૂકતા હોવાથી અને ઘરો એક ખંડવાળા હોવાથી રાચ-રચીલાની ગોઠવણી પણ અસ્તવ્યસ્ત હોય છે. ખેતી કરતા કુટુંબો પાસેના હળ, કરબડી, જેવા સાધનો પણ ઘરની બહાર વાડને ટેકવીને કાંતો દિવાલને ટેકવીને મૂકેલા હોય છે. ઘરવખરીની

...૪૩..

કોઠા નં. ૧ : નમૂનાના કુટુંબોમાં મકાનનો પ્રકાર – ટોચલાનો પ્રકાર – છાપરાનો પ્રકાર

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | કાચું | પાકું | મકાન સંખ્યા | સાંઠી | માટી | ઈંટપત્થર | દેશી થાપડા | થાપડા નળિયાં | વિલાયતી નળિયાં | ઘાસ પાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૨૦ | ૨ | ૧૭ | ૧ | ૧૩ | ૬ | ૧ | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૨૦ | ૩ | ૧૭ | – | ૯ | ૧૧ | – | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૮ | ૨ | ૨૦ | – | ૧૮ | ૨ | ૨ | ૧૬ | ૨ | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૧૮ | – | ૧૮ | – | ૧ | ૧૭ | – | – |
| | જમીનવગર | ભીલ | ૨ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૨૦ | – | ૨૦ | ૨ | ૧૮ | – | ૧ | ૧૭ | – | ૨ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૭ | ૧ | ૬ | – | ૨ | ૫ | – | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૨ | – | ૧૨ | ૨ | ૧૦ | – | ૪ | ૮ | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૨૦ | – | ૨૦ | ૩ | ૧૭ | – | ૭ | ૧૩ | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૯૮ | ૨ | ૧૦૦ | ૧૦ | ૮૭ | ૩ | ૩૨ | ૬૩ | ૩ | ૨ |

પશુમાટેની છાપરાની વિગત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | પશુ બાંધવાની જગ્યા સાથે | પશુ બાંધવાની જગ્યા અલગ | મકાનમાલીકીની જમીન પોતાની |
|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૨૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૨૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૨૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૧૮ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | ૧ | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૯ | ૧ | ૨૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૭ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૨ | – | ૧૨ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૨૦ | – | ૨૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૯૯ | ૧ | ૧૦૦ |

ચીજો અને ફર્નિચરના સાધનો દરેક કુટુંબો પાસે પૂરતા હોતા નથી.

નમૂનાના કુટુંબો પાસેથી ઘરવખરી અને ફર્નિચરના સાધનોની વિગતો મેળવવામાં આવી હતી. તેની માહિતી વિગતવાર કોઠા નં.૬ અને ૭ માં દર્શાવવામાં આવી છે. નમૂનાના કુટુંબોમાં મોટે ભાગે નીચે દર્શાવ્યા મુજબના ઘરવખરીના વાસણો જોવા મળ્યા હતાં.

૧) <u>માટીના વાસણો</u> :

માટીના વાસણોમાં માટલા, ભાત-દાળશાક બનાવવા માટેના માટીના હાંડલાં અને ખાવાના ઉપયોગ માટેના માટીના વાટલાં અને કોચલાં નજરે પડયાં હતાં. દરેક કુટુંબ પાસે માટીના વાસણો વિશેષ જોવા મળ્યા હતા.

૨) <u>એલ્યુમિનિયમ</u> :

ધાતુના વાસણોમાં નાનીમોટી એલ્યુમિનિયમની તપેલીઓ અને થાળી તેમજ ધાતુના લોટા પણ જોવા મળ્યા હતા.

૩) <u>પિત્તળ</u> :

નમૂનાના કુટુંબો પાસે પિત્તળના વાસણો ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા. સ્થિતિપાત્ર કુટુંબો પાસે પિત્તળના થાળી-વાડકા અને લોટા તેમજ પિત્તળના બેડાં જોવા મળ્યા હતા.

૪) <u>સ્ટીલ</u> :

તપાસેલ કુટુંબમાંથી બહાર નોકરી અને મજૂરીએ જાતાં કુટુંબો પાસે બે-ત્રણ સ્ટીલના વાસણો જેમાં થાળી વાડકા અને સ્ટીલના પ્યાલા જોવા મળ્યા હતાં.

૫) <u>કાંસાના</u> :

કાંસાના વાસણો કોઈકજકુટુંબો પાસે થાળી-તાસળી જોવા મળે છે. નમૂનાના કુટુંબોમાંથી કોઈ કુટુંબ પાસે કાંસાનું વાસણ ન હતું.

૬) <u>તાંબાના</u> :

નમૂનાના કુટુંબોમાં માત્ર બાર વાસણો જ તાંબાના જોવા મળ્યા હતા. જેમાં પાણી ભરવા માટેના બેડાં અને નાની દેગડીનો સમાવેશ થાય છે.

૭) <u>નાના વાસણો</u> :

નમૂનાના કુટુંબો પાસે નાના વાસણોમાં ચા-પાણીના કપ-રકાબી અને પાણી ભરવા માટેની લોખંડની ડોલ જોવા મળી હતી.

૮) <u>ફર્નિચર</u> :

ફર્નિચરના સાધનોમાં મોટે ભાગે કાથીના ભરેલા ખાટલા જોવા મળ્યા હતા. માત્ર ત્રણ કુટુંબ કે જે નોકરી કરતા હતા તેમની પાસેજ ટેબલ ખુરશી જોવા મળ્યા હતા.

૯) <u>મોજશોખના સાધનો</u> :

નમૂનાના કુટુંબો પાસે મોજશોખના સાધનોમાં જોઈએ તો માત્ર ૩૬ કુટુંબો પાસે ઘડિયાળ, ૧૮ કુટુંબો પાસે રેડિયો, ૧૮ કુટુંબો પાસે સાયકલ જોવા મળી હતી.

ટૂંકમાં નમૂનાના કુટુંબો પાસે ઘરવખરીના સાધનો અને ફર્નિચરના સાધનો ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ઘરવખરીના સાધનો અને ફર્નિચરના સાધનોની વિગતો કોઠા નં.૬ અને ૭માં જોવાથી વધુ ખ્યાલ આવશે.

કોઠા નં. ૬ ઘરવપરાશના વાસણોની સંખ્યા અને કિંમત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | તાંબાના | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટીના | કાચના | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬ | ૧૧૫ | ૧૦૩ | ૮૩ | ૧૩૧ | ૫૨ | ૪૯૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૪ | ૧૨૮ | ૯૩ | ૬૩ | ૧૦૨ | ૬૧ | ૪૫૧ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૧૩૬ | ૧૨૪ | ૭૮ | ૧૧૫ | ૫૬ | ૫૧૧ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | – | ૧૨૩ | ૧૦૪ | ૬૮ | ૧૦૨ | ૫૪ | ૪૫૧ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૧૦ | ૪ | – | ૧૭ | – | ૩૧ |
| વીરણીયા | કુલ | | ૨૦ | – | ૧૩૩ | ૧૦૮ | ૬૮ | ૧૧૯ | ૫૪ | ૪૮૨ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૫૩ | ૩૩ | ૨૮ | ૬૨ | ૧૬ | ૧૯૨ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૫૫ | ૪૧ | ૧૪ | ૮૮ | ૧૪ | ૨૧૨ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૩ | ૧ | – | ૧૦ | – | ૧૪ |
| વાડોદર | કુલ | | ૨૦ | – | ૧૧૧ | ૭૫ | ૪૨ | ૧૬૦ | ૩૦ | ૪૧૮ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૨ | ૬૨૩ | ૫૦૩ | ૩૩૪ | ૬૨૭ | ૨૫૩ | ૨૩૫૨ |

કોઠા નં.૭ : ઘરવખરીમાં ફર્નિચર અન્ય સાધનોની વિગત



| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખાટલા | ટેબલ ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડિયો | સીવવાના સંચા | જાળ | શિકાર સાધન | વાજીંત્રો | ફાનસ ચીમની | ટોપલા ટોપલી | ઘંટી | પ્રાયમસ | પેટી | બેટરી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૯૧ | ૨ | ૬ | ૯ | ૩ | ૧ | – | ૪ | ૪ | ૨૨ | ૮૪ | ૨૦ | ૪ | ૨૪ | ૭ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૮૭ | ૧ | ૨ | ૧૨ | ૬ | – | ૮ | ૫ | – | ૨૬ | ૮૧ | ૧૯ | ૭ | ૨૫ | ૧૧ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૯૭ | ૧ | ૨ | ૯ | ૬ | ૧ | ૧ | ૧ | ૪ | ૨૨ | ૮૯ | ૨૦ | ૫ | ૧૫ | ૭ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૮૮ | – | ૧ | ૩ | ૧ | ૧ | ૩ | ૫ | ૧૧ | ૨૨ | ૮૧ | ૧૯ | ૨ | ૨૩ | ૪ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૮ | – | – | – | – | – | – | ૨ | – | ૨ | ૭ | – | ૧ | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૯૬ | – | ૧ | ૩ | ૧ | ૧ | ૩ | ૭ | ૧૧ | ૨૪ | ૮૮ | ૧૯ | ૩ | ૨૩ | ૪ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૩૯ | – | – | ૨ | ૧ | – | ૧ | ૩ | ૨ | ૮ | ૨૮ | ૭ | ૨ | ૬ | ૨ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૫૩ | – | – | ૧ | ૧ | – | – | ૩ | – | ૧૨ | ૪૩ | ૧૨ | – | ૭ | – |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૯૩ | – | – | ૩ | ૨ | – | ૧ | ૬ | ૨ | ૨૧ | ૭૧ | ૧૯ | ૨ | ૧૩ | ૨ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૪૫૪ | ૪ | ૧૧ | ૩૬ | ૧૮ | ૩ | ૧૩ | ૨૩ | ૨૧ | ૧૧૫ | ૪૧૩ | ૯૭ | ૨૧ | ૧૦૦ | ૩૧ |

ઉપરના કોઠા નં. ૬ અને ૭ માં દર્શાવ્યા મુજબ નમૂનાના કુટુંબો પાસે કુટુંબ દીઠ ઘરવખરીના બધા સાધનો મળી કુલ ૨૪ વાસણો થતા હતા. જ્યારે ફર્નિચરના સાધનોમાં ખાટલા અને ટોપલા-ટોપલીઓ જેવા સાધનો કુટુંબદીઠ સરેરાશ ૪ની સંખ્યા હતી, જ્યારે ચીમની, ઘંટી, અને પેટી જેવા સાધનો એક એક હતા. બાકીના સાધનો કોઈકજ કુટુંબો પાસે જોવા મળ્યા હતા.

<u>પહેરવેશ</u> :

લવિમાં આદિવાસી અને બિન-આદિવાસી કુટુંબોના રહેઠાણ સાથે હોવાથી લવિના આદિવાસીઓમાં પહેરવેશમાં ફેરફાર જોવા મળે છે. હાલ પુરુષો ધોતીયું અને ખમીશ પહેરે છે. કેટલાક માથે ટોપી પણ પહેરે છે.

સ્ત્રીઓ ઘેરા લાલ-લીલા રંગના ઘેરવાળા ઘાઘરા અને તેવાજ રંગો ઉપરાંત કાળા રંગના કબજા પહેરે છે. અને આખો સાડલો ઓઢે છે. નાની ઉંમરની છોકરીઓ ઘાઘરી અને બુશર્ટ પણ પહેરે છે. નાની વયના બાળકો ચડ્ડી અને ઝભલું પહેરે છે જ્યારે મોટી ઉંમરના બાળકો કે જેઓ નિશાળે જાય તેવા છે તે બાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે.

<u>ઘરેણાં</u> :

લવિમાં વસતા આદિવાસી કુટુંબોમાંથી ઘણાં ઓછા કુટુંબો પાસે ઘરેણાં જોવા મળે છે. ઘરેણાંમાં મોટે ભાગે ધાતુના અને કંઈક અંશે ચાંદીના જોવા મળે છે.

<u>સ્ત્રીઓ</u> :

ગળામાં ચાંદીની હાંસળી, કેટલીક સ્ત્રીઓ જંઠી માળાઓ પણ પહેરે છે. માથે અંબોડામાં ધાતુની પીનો અને કેટલીક સ્ત્રીઓ બોર પણ પહેરે છે. હાથે લાખની, કચકડાની અને કાચની તેમજ રબરની બંગડીઓ પહેરે છે. આંગળામાં તાંબાની અને સ્થિતિપાત્ર કુટુંબની સ્ત્રી ચાંદીની વીંટી પણ પહેરે છે.

કાને કોઇ ખાસ પ્રકારના ઘરેણાં જોવા મળ્યાં નથી પરંતુ પિત્તળની કડીઓ ઉપયોગ કરે છે. કેડમાં કેટલીક સ્ત્રીઓ પાસે કંદોરા પણ જોવા મળે છે.

પુરુષો:

મોટાભાગના પુરુષો પાસે ઘરેણાં જોવા મળતાં નથી પરંતુ મોટી ઉંમરના ઘરડા માણસોના કાને ચાંદીની કડીઓ જોવા મળે છે.

ખોરાક :

આદિવાસી જાતિ અત્યંત સાદો ખોરાક લે છે. મુખ્ય ખોરાક મકાઈ છે. આ સિવાય ઘઉં, ચોખા, અડદની દાળ અને બીજા હલકા ધાન્યો પણ ખોરાકમાં ઉપયોગ કરે છે. રોજ સવારે મકાઈના રોટલા અને અડદની દાળ અથવા શાક/છાશ લે છે. અને સાંજે કેટલાક કુટુંબો મકાઈની થૂલી તો કેટલાક ચોખાનો પણ ઉપયોગ કરે છે. વાર-તહેવારોમાં દાળ-ભાત અને કંસાર અથવા તો લાપસી બનાવે છે. કેટલાક કુટુંબો માંસનો પણ ઉપયોગ કરે છે.

વ્યસનો :

લવિમાં વસતા આદિવાસીઓમાં બીડીનું વ્યસન ખાસ જોવા મળે છે. કેટલાક કુટુંબોમાં દારુ પણ પીવાય છે. મોટાભાગના કુટુંબોમાં ચાનો પીણા તરીકે ઉપયોગ થાય છે. ચ્હા પણ મોટે ભાગે દૂધ વગરની હોય છે.

આ રીતે ઉપર મુજબ લવિમાં વસતા આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિનો ખ્યાલ મેળવ્યા પછી તેમની અર્થવ્યવસ્થા વિષે જોઈએ.

લવિની અર્થવ્યવસ્થા :

ભારત એ ખેતી પ્રધાન દેશ છે. ભારતની મોટા ભાગની વસ્તી ખેતી પર નિર્ભર છે. દેશ આખો ગામડાંઓથી છવાયેલો છે અને દેશની ૮૦ થી ૮૨ ટકા વસ્તી ગામડાઓમાં વસે છે. તેજ રીતે ગુજરાતની પણ

મોટાભાગની વસ્તી ગામડાઓમાં પથરાયેલી છે. ગામડાંની પ્રજાનો મુખ્ય આધાર ખેતી, પશુપાલન અને મજૂરી છે. ગુજરાતના ૭૦ ટકા લોકોનો મુખ્ય ધંધો ખેતી હોવા છતાં ખેતીમાંથી જીવનનિર્વાહ પૂરતુ પણ રળી શકતા નથી. કારણકે આખા દેશની જેમ ગુજરાતમાં પણ જમીનની અસમાન વહેંચણી અને જમીનનું નાના નાના ટુકડાઓમાં વિભાગીકરણ હોવાથી ઉત્પાદન પણ ઓછું આવે છે અને જે કુટુંબો ખેતી કરે છે તેમની પાસે પૂરતા પ્રમાણમાં જમીનનો અભાવ ખેતીના સાધનોનો અભાવ અને ખેતી કરવા માટે બે બળદ પણ પૂરતા નથી. તો પછી આદિવાસી જાતિઓની ખેતી અંગેની શું પરિસ્થિતિ હોઇ શકે તે તો પ્રત્યક્ષકાર્યથી નિહાળી શકાય ?

લવિના આદિવાસીઓ પાસે વત્તા ઓછા પ્રમાણમાં જમીનતો છે જ ! પરંતુ તે જમીનનું પ્રમાણ અપૂરતું અને તેમાંય જમીનની ઉત્પાદનક્ષમતા ઓછી. કારણ કે મોટા ભાગના આદિવાસી વિસ્તારોની જમીન ડુંગરાળ અને ઢોળાવવાળી તેમજ ખાડાટેકરાવાળી છે. જેથી ખેતીમાંથી અપૂરતી ઉપજને કારણે લવિના આદિવાસીઓને જુદાજુદા ધંધા રોજગાર કરીને પોતાનું જીવન ચલાવવું પડતું હોય છે.

લવિના આદિવાસીઓ જીવનનિર્વાહ માટે ખેતી, પશુપાલન, ખેતી મજૂરી, જંગલમજૂરી, અને છૂટક કામો જેમાં રોડકામ, દહાડી અને વ્યક્તિગત નાના નાના ધંધારોજગાર કરીને પોતાનો રોટલો રળે છે આ બધુ ખેતીની સાથે પૂરક રોજી માટે કરતા હોય છે. અહીં લવિની અર્થવ્યવસ્થાને સમજતાં પહેલાં લવિના આદિવાસીઓના શ્રમવિભાજન અને દૈનિક તેમજ વાર્ષિક વર્ષચક્ર વિષે ટૂંકમાં જોઇએ.

દૈનિક કાર્યક્રમ :

આદિવાસી વિસ્તારોની જેમ પોકેટમાં ગામોમાં વસતા આદિવાસીઓના ઘરોમાં પણ વહેલી સવારથી સાંજ સુધી પોતાના કાર્યક્રમો લગભગ નક્કી હોય છે. આદિવાસી કુટુંબોમાં વહેલી સવાર દરણાં દળવાની પ્રવૃત્તિથી શરૂ થાય છે. આખા દિવસનું શિરામણ માટે દળી લે છે. અજવાળું થતાં ખેડૂત કુટુંબ પોતાના ઢોરને

ઘરની અંદરના કોઢિયામાંથી બહાર લાવી ખુલ્લામાં બાંધે છે. પાસચારો હોયતો ઢોરને ઘાસ નીરે છે. સ્ત્રીઓ ઘર-આંગણું અને કોઢની સફાઈના કામકાજથી પરવારી દૂધવાળી અને દૂધવગરની ચા બનાવી પીતા હોય છે. ચ્હા-પાણી કર્યા પછી કૂવો નજીક હોયતો પાણી ભરી લાવે. કેટલાક કુટુંબોને પાણી ભરવા માટે દૂર પણ જવુ પડે છે. ખેતમજૂરો અને મજૂરી પર નભતા કુટુંબો દિવસ દરમ્યાન મજૂરી ક્યાં મળશે તેની ગણત્રી કરતા હોય છે. ટૂંકમાં મજૂરી માટે જે બોલાવે તેને ત્યાં મજૂરીએજ જાય અને ત્યાંજ આખો દિવસ એકટાણું ખાઈને કામ કરી પસાર કરે, અને સાંજે ૪ થી ૫ રુપિયા અથવાતો પાંચશેર અનાજ લઈ પરત આવે એ રીતે પ્રવૃતિ કરે. ખેડૂત કુટુંબ સવારે પરવારી ખેતીના કામે હળ જોતરી ખેતરમાં જાય અને ઘેરથી સ્ત્રી બપોરનું ખાણું (રોટલો) લઈ ખેતમાં જાય ત્યાં તે ખેતીમાં મદદ કરે અને સાંજે આવતાં ખેતરમાંથી ઘાસ/પાલો લઈ ઘરે આવે. ખેડૂત આખો દિવસ ખેતરમાં ખેતીનું કામ કરીને સાંજે પરત આવે થોડો સમય બળદને ચરાવે પણ ખરા. ખેડૂતના ખેતરમાંથી ઘેર આવ્યા પછી સૌ સાથે મળીને સાંજે જે બનાવ્યુ હોય તે જમી પરવારી બીડી-તમાકું પીને બીજા દિવસના કામની ગોઠવણી કરી આરામ કરે. ખેડૂતની આ સીઝનની વાત થઈ પરંતુ ખેતી સિવાયના દિવસોમાં તે પોતે પણ મજૂરીએ જતો હોય છે. અને પોકેટના ગામોમાંથી મોટાભાગનાં કુટુંબો ચોમાસા સિવાયના દિવસોમાં ગુજરાતમાં અમદાવાદ, ખેડા, જામનગર, ના ગામો ખેતીની મજૂરીએ બહાર જતા હોય છે, ત્યાં આખો દિવસ ખેતમજૂરી અને બીજી જે કંઈ મજૂરી મળે તે કરીને દિવસ પૂરો કરે છે.

<u>બાળકો</u> :

ઘરમાં નાના-મોટાં બાળકો હોયતો સૌથી મોટી ઉંમરનું બાળક કે જે ૧૨ થી ૧૪ વર્ષનું હોય તે ગોવાળ જાય છે તેનાથી નાની ઉંમર એટલે કે ૧૦ થી ૧૨ વર્ષનું બાળક બે-ચાર વર્ષની ઉંમરનાની દેખભાળ રાખી રમાડે છે. ૧૨ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો કેટલીકવાર મા-બાપની પ્રવૃતિમાં ભાગીદાર પણ બને છે.

અને સાથે મજૂરી કરવા માટે પણ જાય છે. જે તે આર્થિક પ્રવૃત્તિ કરીને જીવનનિર્વાહની આવક મેળવવામાં ભાગીદાર બને છે.

વર્ષચક્ર :

આદિવાસીઓમાં દરેક ગામોમાં દરેક ઘરોમાં સર્વે સભ્યો કોઈને કોઈ પ્રવૃત્તિમાં પછી તે આર્થિક, સામાજિક, ધાર્મિક કે અન્ય કોઈ સેવા કિય હોય તેવા કાર્યોમાં પરોવાયેલા રહે છે. તેવીજ રીતે વર્ષના બારમાસમાંથી દસ માસ જેટલા સમયગાળામાં આર્થોપાર્જનની પ્રક્રિયા કરતા હોય છે. બાકીના કુલ બે માસ જેટલા સમયગાળામાં સામાજીક અથવા તો ઘરના કામોમાં રોકાય છે. તેમનું વર્ષચક્ર મોટા ભાગે નીચે મુજબ ગોઠવાયેલું રહે છે.

વૈશાખ-જેઠ :

અખાત્રીજથી ( પહેલાંપણ) હળોતૃ કરીને ખેતીવાડીની કામગીરીની શરુઆત કરે છે. જેમાં જમીનને ખેડવી અને વાવણી માટે તૈયારી કરવી. ઉપરાંત પોતાના ઘરોની પણ સાફસૂફી કરતાં હોય છે. વૈશાખ અને જેઠ માસ દરમ્યાન ખેતી માટેની જમીન - ખેતરની વાડો (રક્ષણ માટે) હોય તો તેની સાફ સૂફી કરી અનાજની વાવણી થઈ શકે તે રીતે તૈયાર કરી રાખે છે.

અષાઢ-શ્રાવણ-ભાદરવો:

વર્ષાઋતુની શરુઆત થતાં જમીનમાં વાવણીનું કામ કરે છે. જેમાં મકાઈ, બાજરી, કપાસનું વાવેતર કરી ડાંગર માટેના ધરુ-વાડીયા પણ તૈયાર કરે છે. ઘરનાં સર્વે બાળકો સ્ત્રીઓ પણ આ કામમાં ભાગીદાર બને છે. સારો વરસાદ થતાં ડાંગરના ધરુ તૈયાર થતા હોય તો તેની રોપણી કરે છે. પુરુષો હળ-કરબ-કરબડી ના ઉપયોગથી કાંજલ જમીનને ખેડાણ કરી વાવણી લાયક બનાવી તેમાં અનાજ વાવે છે. અનાજ ઉગી નીકળતાં તેમાં ઉગતા નકામા ઘાસચારાનું નિંદામણ પણ કરે છે. ખેતમજૂરો આ કામમાં

એકબીજાને ઘેર રોજ પર જાય છે. આ રીતે અનાજની વાવણી અને ડાંગરની રોપણી અષાઢના અંતથી શ્રાવણના પ્રથમ પંદર દિવસ સુધી ચાલતી હોય - પાછલા પંદર દિવસ અને ભાદરવા માસ દરમ્યાન નિંદામણની પ્રવૃત્તિ અને કરબડીની સીઝન ચાલે છે ત્યારબાદ પાકની સાચવણી કરે છે.

આસો-કારતક-માગશર :

અષાઢ -શ્રાવણમાં વાવણી કરેલ પાકની કાપણીની સીઝન આસોના અંતભાગથી ચાલુ થાય છે. કારતકના પ્રથમ પંદર દિવસ સુધી ડાંગર, મકાઈ, બાજરીનું કામ પુરુ કરી જમીનમાં સારો ભેજ હોય તો શિયાળુ પાક માટે જમીન કરી તૈયાર કરે છે. અને ઘઉં ચણાની વાવણી શકય હોય તો કરે નહિતો હુંડિયું આવવા જારનું વાવેતર કરે, ભેજ ન હોય તો તૈયાર થયેલા પાક લણીને કેટલાક કુટુંબોમાંથી ખેતમજૂરી માટે બહાર પણ જાય છે. ખેતમજૂરો તો અગાઉ ખેતી મજૂરી માટે બહાર જતા રહે છે. ઘેર એકાદ વ્યકિત પોતાના પશુઓના પાલન માટે અને ખેતરમાં રહ્યું સહ્યું કઠોળ, તુવેરની સાચવણી કરે છે અને ઢોર સાચવે છે.

પોષ-મહા-ફાગણ :

આ માસમાં વાલ, મગ, મઠ અને તુવેર જેવા કઠોળનું જો ચોમાસાની શરૂઆતમાં વાવેતર કર્યું હોય તેને એકઠું કરવાની પ્રવૃત્તિ અને ઢોરને માટે ઘાસચારો મેળવવાની પ્રવૃત્તિ કરે છે. તે દરમ્યાન આસો-કારતક માસમાં બહાર ગયેલા ખેડૂત મજૂરો અને મજૂરી કરનાર કુટુંબો હોળીનો તહેવાર આવતાં પોતાના વતનમાં પાછા કરે છે. તેઓ પણ કઠોળની લણણીમાં મદદરૂપ થાય છે. જેઓને પોતાની વ્યવસ્થા હોય તેવા કુટુંબો ઘઉં/કઠોળની લણણી કરે છે.

ફાગણ- ચૈત્ર :

મહા માસના અંતમાં અને ફાગણ માસની શરૂઆતમાં ઘઉં, ચણાની લણણી પૂરી કરીને નિરાંતનો દમ અનુભવે છે અને હોળીના તહેવારની ઉજવણીની તૈયારીઓ કરે છે. કારણકે મોટાભાગના આદિવાસીઓ આ તહેવારનું ઘણું મહત્વ આંકતા હોય છે.

હોળી આગળના આઠથી દશ દિવસ અને હોળી પછી દસબાર દિવસની મજામાણીને પછી મોટાભાગના આદિવાસી કુટુંબો પોતાના ઘરોની આડે કાંટા-ઝાખરા મૂકી બારણાં બંધ કરી ગુજરાતમાં મજૂરીએ નીકળી જાય છે જે તે કામ કરી પોતાની રોજી-રોટી રળે છે. અને જીવન સ્તર નિભાવે છે.

આ સમય ગાળામાં કેટલાક ઘેર રહેલા બાળકો અને મોટાઓ ઘર અને જમીન સાચવણી પણ કરે છે. તેમના દરેક કામમાં બાળકો અને સ્ત્રીઓનો હિસ્સો તો હોયજ.

ઉપર મુજબ લવિમાં વસતા આદિવાસી કુટુંબોનું વર્ષાચક્ર લગભગ ગોઠવાયેલું જોવા મળે છે. અને વ્યવસાય પણ એ રીતનાજ જોવા મળે છે.

વ્યવસાયનું વર્ગીકરણ :

લવિના પસંદ થયેલા ગામોમાંથી નમૂનાના કુટુંબો પાસેથી તેમના જુદા જુદા ધંધાઓ વિષેની માહિતી મેળવવામાં આવી હતી. જેની વિગતવાર - વિસ્તારવાર માહિતી કોઠા નં.૮ અને ૯ માં દર્શાવી છે. કોઠા નં.૮ માં મુખ્ય ધંધા પ્રમાણે અને કોઠા નં.૯ માં ગૌણ ધંધા પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ દર્શાવ્યું છે.

નમૂનાના કુટુંબોનું (મુખ્ય) ધંધા પ્રમાણે વર્ગીકરણ :

પસંદ થયેલા લવિના ગામોમાંથી નમૂનાના કુટુંબો પાસેથી તેમના મુખ્ય ધંધાની વિગતો મેળવી હતી: નમૂનાના કુલ કુટુંબોમાંથી ૮૮ કુટુંબો ખેતીનો ધંધો, ૮ કુટુંબો ખેતી મજૂર અને ૪ કુટુંબો નોકરી કરતા હતા.

નમૂનાના કુટુંબોનું ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ :

નમૂનાના કુટુંબોનો ગૌણ ધંધો જોઈએતો કુલ કુટુંબોમાંથી ૮૦ કુટુંબો ખેતીની સાથે ખેત મજૂરી, ૧૫ કુટુંબો માત્ર ખેતી, ૧ કુટુંબ નોકરી અને ૪ કુટુંબો કડિયાકામ, મત્સ્યનો ધંધો કરી જીવન ગુજારતા હતા. નમૂનાના કુટુંબોનો ગૌણ ધંધો એ ખેતીની સાથે કરતા હતા.

કોઠા નં.૮ નમૂનાના કુટુંબોનું (મુખ્ય) ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખેતી | ખેતમજૂરી | નોકરી | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૧ | ૨ | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૪ | ૪ | ૨ | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | – | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | – | – |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૨ | – | – |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | – | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૨ | – | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૯ | ૧ | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૮૮ | ૮ | ૪ | – |

કોઠા નં.૯ : નમૂનાના કુટુંબોનું ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખેતમજૂરી | ખેતી | નોકરી | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૩ | – | ૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૪ | ૬ | – | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૩ | – | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૧ | – |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૨ | ૧ | – |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૬ | ૧ | – | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૨ | – | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૯ | ૧ | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૮૦ | ૧૫ | ૧ | ૪ |

નોંધ: અન્ય ધંધામાં કડીયાકામ, મત્સ્ય ઉદ્યોગનું કામ કરનાર ની માહિતી છે.

ઉપરના બંને કોઠામાં નમૂનાના કુટુંબોનું ધંધાવાર વિગતે જોયા પછી તેમની પાસેની ખેતીની જમીન વિષે જોઈએ.

## નમૂનાના કુટુંબો પાસેની જમીનનું કદ :

નમૂનાના કુટુંબોમાંથી ૮૫ કુટુંબો પાસે કુલ ૨૪૫.૧૫ એકર જમીન હતી. તેમાંથી માત્ર ૫૮.૧૪ એકરમાં જ પિયતની સુવિધા હતી. નમૂનાના કુટુંબો પાસેની જમીનનું કદ જોઈએ તો સરેરાશ કુટુંબદીઠ ૩.૦૭ એકર જેટલી જમીન હતી. મોરા લવિના નમૂનાના વિસ્તારોમાં વેદેલી, ભાંઠા અને મોરા ગામના મોટાભાગના કુટુંબો પાસે જમીન હતી. જ્યારે વીરણીયા અને વાડોદર ગામોમાંથી કુલ ૧૫ કુટુંબો પાસે જમીન ન હતી.

અહીં નમૂનાના કુટુંબો પાસેની જમીનધારકતા ઘણી ઓછી હતી. મોટાભાગની જમીન ગણોપજાવ હતી. જિલ્લાની પૂર્વ પટ્ટી તરફનો ભાગ ડુંગરાળ હોવાથી જમીનમાં માટીનો થર ઘણો ઓછો હોવાથી જમીન ઓછી ફળદ્રુપ છે. તેમાંય જમીનની સપાટી એકસરખી ન હોવાથી દર વર્ષે ચોમાસામાં જમીનનું ધોવાણ થતું હોવાથી તેનો કસ ઓછો થતો જાય છે. વરસાદ પણ અનિયમિત પડે છે. તેમાંય દર બે-ત્રણ વર્ષમાં એક દુષ્કાળનું વર્ષ આવતું હોવાથી અહીંના લોકો આર્થિક ભીંસમાં રહેતા હોય છે.

નમૂનાના કુટુંબો પાસેની જમીનની વિગતો કોઠા નં.૧૦માં દર્શાવી છે. કોઠો જોતાં જણાય છે કે નમૂનાના કુટુંબો પાસેની જમીનનું પ્રમાણ તેની વસ્તીના સંદર્ભમાં ઘણું ઓછું ગણી શકાય. લવિના નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ જોતાં માથાદીઠ જમીનનું પ્રમાણ નહિવત જોવા મળે છે.

ઉપર મુજબ જમીન ધારણનું કદ જોયા પછી જમીન પરનું ભારણ કેટલું છે તે તેને સભ્ય સંખ્યા પરથી જોઈ શકાય છે. તેમાંય કામકરનાર અને કામ નહિકરનારા સભ્યોનું પ્રમાણ વયજૂથ પ્રમાણે વર્ગીકરણના કોઠા ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

કોઠા નં. ૧૦: નમૂનાના કુટુંબો પાસેની જમીનની વિગતો

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | કુલ જમીન એ. | કુલ જમીન ગુંઠા | પિયત એ. | પિયત ગુંઠા | સરેરાશ જમીનનું કદ |
|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬૦ | ૦૦ | ૧૮ | ૦૦ | ૩.૦૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૪૩ | ૩૭ | ૮ | ૩૦ | ૨.૧૭ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬૭ | ૧૮ | ૧૯ | ૦૦ | ૩.૩૬ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪૬ | ૩૮ | ૧૨ | ૦૪ | ૨.૩૫ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૪૬ | ૩૮ | ૧૨ | ૦૪ | – |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૨૭ | ૦૨ | ૦ | ૨૦ | ૩.૩૪ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | – | – | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૨૭ | ૦૨ | ૦ | ૨૦ | |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૪૫ | ૧૫ | ૫૮ | ૧૪ | ૩.૦૭ |

**નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ :**

લવિના નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વર્ગીકરણ કોઠા નં. ૧૧ ઉપરથી જોતાં જણાય છે ૦ થી ૬ વર્ષની ઉંમરના કુલ ૨૧.૧ ટકા સભ્યો અને ૭ થી ૧૪ વર્ષના ૨૩.૭ ટકા સભ્યો હતા. અને ૬૦ વર્ષની ઉંમરના માત્ર ૨.૩ ટકા સભ્યો હતા. જેઓ કામ કરી શકવા શક્તિમાન નગણાવી શકાય. કોઠામાં દર્શાવ્યા મુજબ ૧૫ થી ૨૪ વર્ષની ઉંમરના ૨૦.૨ ટકા સભ્યો, ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના ૧૪.૩ ટકા સભ્યો અને ૩૬ થી ૬૦ વર્ષની વયના ૧૮.૪ટકા સભ્યો કે જેઓ કામકરી શકે તેવા હતા. જેમની કુલ સભ્ય સંખ્યા ૩૬૬ની હતી. જયારે કોઠા નં. ૧૨માં દર્શાવ્યા મુજબ કમાનાર સભ્યોની કુલ સંખ્યા ૩૬૨ની હતી. એટલે કે ૦ થી ૧૪ વર્ષ સુધીની અને ૬૦ વર્ષની ઉપરના સભ્યોનું ભારણ કમાનાર સભ્યો પર હતું તે સ્પષ્ટ થાય છે. કમાનાર અને નહીકમાનાર સભ્ય સંખ્યા પરથી આ અંગે વધુ સ્પષ્ટ ખ્યાલ આવે છે.

**કમાનાર અને નહિ કમાનાર :**

લવિના નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યામાં કમાનાર કેટલા હતા તેની વિગતો કોઠા નં. ૧૨માં દર્શાવી છે કોઠો જોતાં જણાય છે કે કુલ પુરુષોમાંથી ૫૨.૯ ટકા પુરુષો કમાનાર હતા જયારે ૪૭.૧ ટકા પુરુષો તેના પર આધારિત હતા. જયારે કુલ સ્ત્રીઓમાંથી ૫૧.૮ ટકા સ્ત્રીઓ પોતે ઘરના કામકાજની સાથે કમાતી હતી. ૪૮.૨ ટકા સ્ત્રીઓ કમાનાર પર આધારીત હતી. જેની વિગતવાર નોંધ કોઠા નં. ૧૨ પરથી જોઈ શકાય છે.

કોઠો જોતાં એ પણ સ્પષ્ટ થાય છે કે કુલ કામ કરનારાઓ પર નહિકમાનાર સભ્ય સંખ્યાનું ભારણ વધુ હતું. જેઓ કોઈપણ પ્રવૃતિ કરતા ન હતા. ગામવાર કમાનાર અને નહિ કમાનારની વિગતો જોઈએ તો પણ એકંદરે કમાનાર પર વધુ ભારણ જોઈ શકાય છે.

ઉપર પ્રમાણે જમીન ધારણનું કદ અને કમાનાર અને નહિકમાનાર સભ્યોની વિગતવાર માહિતી જોયા પછી કમાનાર સભ્યો ધ્વારા જુદા જુદા ધંધામાંથી કેટલી આવક પ્રાપ્ત થાય છે તે જોઈશું.

...૬૧..

કોઠા નં. ૧૧ નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ૦ થી ૬ પુ. | ૦ થી ૬ સ્ત્રી | ૭ થી ૧૪ પુ. | ૭ થી ૧૪ સ્ત્રી | ૧૫ થી ૨૪ પુ. | ૧૫ થી ૨૪ સ્ત્રી | ૨૫ થી ૩૫ પુ. | ૨૫ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૬૦ પુ. | ૩૬ થી ૬૦ સ્ત્રી | ૬૦ થી ઉપર પુ. | ૬૦ થી ઉપર સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૮ | ૧૭ | ૧૩ | ૧૭ | ૧૩ | ૭ | ૫ | ૧૨ | ૧૪ | – | ૧ | ૭૦ | ૫૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૧ | ૧૬ | ૧૩ | ૧૫ | ૧૬ | ૮ | ૧૩ | ૧૧ | ૬ | ૧૦ | – | – | ૫૯ | ૬૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૯ | ૧૨ | ૧૩ | ૨૩ | ૧૭ | ૯ | ૮ | ૮ | ૧૪ | ૧૬ | ૩ | ૧ | ૬૪ | ૬૯ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | ૧૩ | ૧૬ | ૧૬ | ૧૨ | ૧૧ | ૧૨ | ૧૧ | ૧૧ | ૧૬ | ૧ | ૨ | ૭૦ | ૬૯ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | – | ૩ | – | ૧ | ૧ | ૧ | – | ૨ | ૧ | – | – | ૮ | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૯ | ૧૩ | ૧૯ | ૧૬ | ૧૩ | ૧૨ | ૧૩ | ૧૧ | ૧૩ | ૧૭ | ૧ | ૨ | ૭૮ | ૭૧ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | ૯ | ૧૦ | ૪ | ૬ | ૬ | ૭ | ૬ | ૫ | ૭ | ૨ | ૧ | ૩૭ | ૩૩ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૫ | ૯ | ૧૧ | ૧૦ | ૧૧ | ૧૦ | ૬ | ૪ | ૬ | ૭ | ૨ | ૩ | ૫૧ | ૪૩ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – | ૨ | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૨૩ | ૧૮ | ૨૧ | ૧૪ | ૧૮ | ૧૭ | ૧૩ | ૧૦ | ૧૧ | ૧૪ | ૪ | ૪ | ૯૦ | ૭૭ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૭૯ | ૬૭ | ૮૩ | ૮૧ | ૮૧ | ૫૯ | ૫૪ | ૪૫ | ૫૬ | ૭૧ | ૮ | ૮ | ૩૬૧ | ૩૩૧ |
| | | | | ૧૪૬ (૨૧.૧) | | ૧૬૪ (૨૩.૭) | | ૧૪૦ (૨૦.૨) | | ૯૯ (૧૪.૩) | | ૧૨૭ (૧૮.૪) | | ૧૬ (૨.૩) | | ૬૯૨ (૧૦૦.૦) | |

કોઠા નં. ૧૨ : કમાનાર નહિકમાનાર

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | કમાનાર પુ. | કમાનાર સ્ત્રી | નહિ કમાનાર પુ. | નહિ કમાનાર સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩૧ | ૩૦ | ૩૯ | ૨૪ | ૭૦ | ૫૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩૬ | ૨૭ | ૨૩ | ૩૩ | ૫૯ | ૬૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૪૨ | ૩૩ | ૨૨ | ૩૬ | ૬૪ | ૬૯ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૩૩ | ૩૪ | ૩૭ | ૩૫ | ૭૦ | ૬૯ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૪ | ૨ | ૪ | – | ૮ | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૩૭ | ૩૬ | ૪૧ | ૩૫ | ૭૮ | ૭૧ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૧૯ | ૧૮ | ૧૮ | ૧૫ | ૩૭ | ૩૩ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૨૫ | ૨૬ | ૨૬ | ૧૭ | ૫૧ | ૪૩ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | ૧ | ૧ | – | ૨ | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૪૫ | ૪૫ | ૪૫ | ૩૨ | ૯૦ | ૭૭ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૯૧ | ૧૭૧ | ૧૬૩ | ૧૫૭ | ૩૬૧ | ૩૩૧ |
| | | | | (૫૨.૯) | (૫૧.૮) | (૪૭.૧) | (૪૮.૨) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

લવિની સ્ત્રોતવાર આવક : ખેતીની આવક-ખર્ચ :

લવિની જમીન અને ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ જોતાં નમૂનાના કુટુંબોની કુલ ૨૪૫.૧૫ એકર જમીનમાંથી બધુ મળીને કુલ ૨૪૧૭૮૦રૂા. નું ઉત્પાદન થતુ હતું, એટલે કે કુટુંબ દીઠ કુલ ૨૪૯૩ રૂા.ની આવક ખેતીના ધંધામાંથી પ્રાપ્ત થતી હતી. તેની પાછળ કુલ ૬૯૦૯૦ રૂા. એટલે કે કુટુંબદીઠ ૭૧૩ રૂા.નુ ખર્ચ થતું હતું.

પશુપાલનની આવક- ખર્ચ :

એજ રીતે પશુપાલનમાંથી કુલ ઉત્પાદન ૭૯૭૦૦ રૂા. નું અને કુટુંબદીઠ ૮૦૫ રૂા.નુ ઉત્પાદન થતુ હતું. ઉત્પાદન મેળવવા કુલ ૨૬૩૬૦ રૂા.નું ખર્ચ ( કુટુંબદીઠ ૨૬૭ રૂા.) થતું. એટલે પશુપાલનનું ઉત્પાદન પણ નહિવત જોવા મળ્યુ હતું. જ્યાં ખેતીનીજ ઉત્પાદન-ક્ષમતા નીચી હોય ત્યાં તેની અસર પશુપાલનના ઉત્પાદન પર પણ થાય છે. તે અહીં સ્પષ્ટ જોઈ શકાય છે.

મજૂરીમાંથી મળતી આવક- ખર્ચ :

નમૂનાના કુટુંબોને મજૂરીમાંથી કુલ ૩૨૯૯૬૦ રૂા.ની થતી હતી. જેમાં મજૂરી માટે સ્થળ પર આવવા જવાનું તેમજ અન્ય ખર્ચ કુટુંબદીઠ ૩૯૯ રૂા. જેટલો થતો હતો.

નોકરીની આવક:

લવિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું હોવા છતાં કેટલાક કુટુંબો નોકરી કરતા હતા. જેમાં કેટલાક શિક્ષકો, કલાર્ક તરીકે તેમજ પટાવાળા તરીકે નોકરી કરતા હતા. જેમની કુલ આવક ૮૫૯૨૦ રૂા. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૮૫૯૨ રૂા. ની હતી. નોકરીની આવકમાં ખર્ચ પણ ખૂબજ ઓછું આવતું હતું. આ ઉપરાંત કેટલાક કુટુંબો, સુથારીકામ, કડિયાકામ, અને મત્સ્ય ઉદ્યોગનો ધંધો કરતા હતા. તેમને કુલ ૫૮૫૦ રૂા.ની આવક મળતી હતી. કુટુંબદીઠ ગૃહઉદ્યોગની આવક સરેરાશ ૯૭૫ રૂા. જેટલી હતી. તેની પાછળ માત્ર રૂા.૩૪નું ખર્ચ કુટુંબદીઠ થતું.

....૬૪..

કુલ આવક : કુલ ખર્ચ :

લવિના નમૂનાના કુટુંબોને બધાજ ધંધાની કુલ ૭૪૩૨૧૦ રૂા. ની આવક થતી હતી. કુટુંબદીઠ આ આવક ૭૪૩૩ રૂા.ની હતી. જયારે બધા ધંધા પાછળનું કુલ ખર્ચ ૧૩૯૩૩૦ રૂા.નું હતું. જે કુટુંબદીઠ ૧૩૯૪ રૂા.નું થતું હતું.

ચોખ્ખી આવક:

નમૂનાના કુટુંબોની સ્ત્રોતવાર ઉપર મુજબ આવકખર્ચનું પ્રમાણ જોયા પછી ચોખ્ખી આવક જોઈએ તો બધા ધંધામાંથી કુલ ખર્ચ બાદ કરતાં ૬૦૩૮૮૦ રૂા. જેટલી ચોખ્ખી આવક હતી. કુટુંબદીઠ વાર્ષિક આવક ૬૦૩૯ રૂા. જેટલી પ્રાપ્ત થતી હતી, એકંદરે માસીક આવક ૫૦૪ રૂા. જેટલી ગણાવી શકાય.

નમૂનાના કુટુંબોની સ્ત્રોતવાર આવક - ખર્ચ અને ચોખ્ખી આવકનું પ્રમાણ કોઠા નં. ૧૩ અને ૧૩-અ માં દર્શાવવામાં આવી છે. કોઠા ઉપરથી વિસ્તારવાર (ગામવાર) આવક-ખર્ચનો વિગતવાર ખ્યાલ આવશે. ઉપરના બન્ને કોઠા ઉપરથી આવક અને ખર્ચની વિગતો જોયા પછી વપરાશી ખર્ચની વિગતો જોઈએ.

વપરાશીખર્ચ :

લવિનું વિસ્તારવાર, ગામવાર અને જાતિવાર જુદી જુદી જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ પાછળ કેટલું ખર્ચ થાય છે તેની વિગતો વપરાશી ખર્ચના કોઠા નં. ૧૪ માં દર્શાવી છે. નમૂનાના કુટુંબોને કુલખર્ચમાં ૬૧.૫ ટકા ખર્ચ ખોરાકી ચીજો પાછળ, ૫.૭ ટકા બળતણ, ૧૫.૫ ટકા કપડાં-પગરખાં, ૩.૮ ટકા સામાજીક, ૧.૫ ટકા ધાર્મિક, ૧.૯ ટકા શૈક્ષણિક, ૧.૭ ટકા મોજશોખ અને મનોરંજન, ૫.૧ ટકા ખર્ચ દારુ-બીડી-તમાકુ અને ૩.૩ ટકા ખર્ચ દવાઓ પાછળ થતું હતું.

કોઠા નં. ૧૩: સ્ત્રોતવાર આવક- અર્થ- ચોખ્ખી આવક 

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખેતી | પશુપાલન | ખેતમજૂરી | નોકરી | ગૃહઉદ્યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૫૪૦૩૦ | ૧૩૦૦૦ | ૫૪૪૫૦ | ૪૫૬૦૦ | ૧૨૦૦ | ૧૬૮૨૮૦ (૮૪૧૪) |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૪૩૦૦૦ | ૨૦૫૫૦ | ૬૮૫૨૦ | ૯૦૦૦ | ૪૬૫૦ | ૧૪૫૭૨૦ (૭૨૮૬) |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬૨૦૫૦ | ૧૩૯૦૦ | ૪૬૦૦૦ | – | – | ૧૨૧૯૫૦ (૬૦૯૮) |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪૩૩૦૦ | ૨૪૩૦૦ | ૭૨૨૭૦ | ૨૩૫૨૦ | – | ૧૬૩૩૯૦ (૯૦૭૮) |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧૦૦૦ | ૨૫૦ | ૭૮૦૦ | – | – | ૯૦૫૦ (૪૫૨૫) |
| વીરણીયા | કુલ | | ૨૦ | | | | | | ૧૭૨૪૪૦ (૮૬૨૨) |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૨૧૫૫૦ | ૬૮૦૦ | ૨૭૪૮૦ | ૭૮૦૦ | – | ૬૩૬૩૦ (૯૦૯૦) |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૬૮૫૦ | ૯૦૦ | ૫૦૨૪૦ | – | – | ૬૭૯૯૦ (૫૬૬૬) |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | ૩૨૦૦ | – | – | ૩૨૦૦ (૩૨૦૦) |
| વાડોદર | કુલ | | ૨૦ | | | | | | ૧૩૪૮૨૦ (૬૭૪૧) |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૪૧૭૮૦ | ૭૯૭૦૦ | ૩૨૯૯૬૦ | ૮૫૯૨૦ | ૫૮૫૦ | ૭૪૩૨૧૦ |
| | | | | (૨૪૯૩) | (૮૦૫) | (૩૩૦૦) | (૮૫૯૨) | (૯૭૫) | (૭૪૩૩) |

કોઠા નં. ૧૭-અ : સ્ત્રોતવાર ખર્ચ — ચોખ્ખી આવક

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખેતી | પશુપાલન | મજૂરી | નોકરી | ગૃહઉદ્યોગ | કુલ ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૨૯૪૦ | ૫૪૦૦ | ૬૯૬૦ | ૧૫૦૦ | ૨૦૦ | ૨૭૦૦૦ (૧૩૫૦) | ૧૪૧૨૮૦ (૭૦૬૪) |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૨૩૦૦ | ૧૦૪૫૦ | ૭૭૯૦ | ૮૦૦ | ૧૦૦ | ૩૧૪૪૦ (૧૫૭૨) | ૧૧૪૨૮૦ ( ૫૭૧૪) |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૮૭૦૦ | ૬૬૦૦ | ૫૬૫૦ | – | – | ૩૦૯૫૦ (૧૫૪૮) | ૯૧૦૦૦ (૪૫૫૦) |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૬૭૦૦ | ૧૨૧૦ | ૭૨૨૦ | – | – | ૨૫૧૩૦ (૧૩૯૭) | ૧૩૮૨૬૦ ( ૭૬૮૨) |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૧૫૦ | ૧૦૦૦ | – | – | ૧૧૫૦ (૫૭૫) | ૭૯૦૦ (૩૯૫૦) |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૬૭૦૦ | ૧૩૬૦ | ૮૨૨૦ | – | – | ૨૬૨૮૦ (૧૩૧૪) | ૧૪૬૧૬૦ (૭૩૦૮) |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪૫૦૦ | ૨૩૫૦ | ૫૦૮૦ | ૧૪૦૦ | – | ૧૩૩૩૦ (૧૯૦૫) | ૫૦૩૦૦ ( ૭૧૮૬ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૩૯૫૦ | ૨૦૦ | ૫૯૮૦ | – | – | ૧૦૧૩૦ (૮૪૫) | ૫૭૮૬૦ (૪૮૨૨) |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | ૨૦૦ | – | – | ૨૦૦ (૨૦૦) | ૩૦૦૦ ( ૩૦૦૦) |
| વાડોદર | કુલ | | ૨૦ | ૮૪૫૦ | ૨૫૫૦ | ૧૧૨૬૦ | ૧૪૦૦ | – | ૨૩૬૬૦ (૧૧૮૩) | ૧૧૧૧૬૦ (૫૫૫૮) |
| બધાંનું કુલ | | | ૧૦૦ | ૬૯૦૯૦ (૭૧૩) | ૨૬૩૬૦ (૨૬૭) | ૩૯૮૮૦ (૩૯૯) | ૩૭૦૦ (૩૭૦) | ૩૦૦ (૩૪) | ૧૩૯૩૩૦ (૧૩૯૪) | ૬૦૩૮૮૦ (૬૦૩૯) |

કોઠા પરથી સામાન્ય રીતે જોઇ શકાય છે કે વ્યક્તિની આવકનો મોટાભાગનો હિસ્સો ખાદ્યાખોરાકી અને કપડાં-પગરખાં પાછળ જ ખર્ચાયજાય છે. નમૂનાના કુટુંબોની કુલ આવકના સંદર્ભમાં ખર્ચ કુટુંબદીઠ વાર્ષિક વપરાશીખર્ચ રૂા. ૫૪૭૪ નો થાય છે.જયારે તેની કુલ કુટુંબદીઠ ચોખ્ખી આવક ૬૦૮૯ (એટલે કે ૫૦૪ રૂા) ની થતી હતી. અહીં આવક અને ખર્ચના પ્રમાણમાં થોડીઘણી બચત રહેતી હોય તેવું દેખાઇ આવે છે. પરંતુ એ બચત બચત નગણાવી શકાય આ બચતું પ્રમાણ તો ખેતી, નોકરી અને નાના ગૃહ ઉદ્યોગ ધંધાને લીધે કોઇકજ કુટુંબમાં રહેવા પામે છે. જો કુલ સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ જોઇએ તો નમૂનાના કુટુંબોની માથાદીઠ આવક જીવનજીવવા પૂરતી પણ નથી. એટલે કે દરેક કુટુંબ ગરીબાઇની રેખા નીચેજ જીવન ગુજારે છે, તે સ્પષ્ટ જોઇ શકાય છે. એજ રીતે ખર્ચની વિગતો જોતાં કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ જે ખર્ચ થાય છે તે અપૂરતો ગણાય. લવિના નમૂનાના કુટુંબોની વપરાશી ખર્ચની વિગતો ગામવાર અને જાતિવાર કોઠાં નં.૧૪માં દર્શાવી છે. કોઠો જોવાથી વપરાશી ખર્ચનો વિગત વાર ખ્યાલ આવશે.

વપરાશી ખર્ચની વિગતો કોઠા પરથી જોતાં ખર્ચના પ્રમાણમાં પોષણક્ષમ આહાર કોઇકજ કુટુંબ મેળવી શકે છે. તે વ્યક્તિગત કુટુંબના તારણ પરથી જોઇ શકાય છે.

...૬૮..

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખાધા ખોરાકી | બળતણ | કપડાં-પગરખાં | સામાજિક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ મનોરંજન | દારુ-બીડી | દવાઓ | કુલ ખર્ચ | કુટુંબદીઠ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૭૨૩૫૦ | ૬૪૪૦ | ૧૬૮૫૦ | ૫૧૪૦ | ૧૬૧૦ | ૨૩૯૦ | ૨૧૩૦ | ૫૫૩૦ | ૩૨૪૦ | ૧૧૫૬૮૦ | ૫૭૮૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬૫૦૫૦ | ૬૪૬૦ | ૧૫૨૦૦ | ૩૭૬૦ | ૧૪૯૦ | ૨૯૭૦ | ૨૦૪૦ | ૫૬૮૦ | ૩૪૫૦ | ૧૦૬૧૦૦ | ૫૩૦૫ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૫૬૮૫૦ | ૫૭૦૦ | ૧૩૯૫૦ | ૪૮૫૦ | ૧૨૫૦ | ૧૪૦૦ | ૧૩૩૦ | ૫૦૦૦ | ૩૨૨૦ | ૯૩૫૫૦ | ૪૬૭૮ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૭૩૩૫૦ | ૬૨૦૦ | ૧૭૧૦૦ | ૩૦૭૦ | ૧૫૨૦ | ૧૮૨૦ | ૧૮૬૦ | ૫૩૩૦ | ૩૩૦૦ | ૧૧૨૫૫૦ | ૬૨૫૩ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૪૮૦૦ | ૫૫૦ | ૧૦૫૦ | ૩૫૦ | ૧૫૦ | ૮૦ | ૧૨૦ | ૩૮૦ | ૨૫૦ | ૭૭૩૦ | ૩૮૬૫ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૭૭૧૫૦ | ૬૭૫૦ | ૧૮૧૫૦ | ૩૪૨૦ | ૧૬૭૦ | ૧૯૦૦ | ૧૯૮૦ | ૫૭૧૦ | ૩૫૫૦ | ૧૨૦૨૮૦ | ૬૦૧૪ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૨૩૬૫૦ | ૨૦૫૦ | ૯૭૦૦ | ૨૯૫૦ | ૯૮૦ | ૧૧૫૦ | ૧૧૦૦ | ૨૪૧૦ | ૩૦૫૦ | ૪૭૦૪૦ | ૬૭૨૦ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૪૦૩૦૦ | ૩૫૦૦ | ૧૦૨૫૦ | ૭૦૦ | ૯૫૦ | ૩૦૦ | ૯૯૦ | ૩૧૫૦ | ૧૪૫૦ | ૬૧૫૯૦ | ૫૧૩૩ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૨૧૦૦ | ૨૫૦ | ૪૫૦ | ૫૦ | ૫૦ | - | - | ૨૦૦ | - | ૩૧૦૦ | ૩૧૦૦ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૬૬૦૫૦ | ૫૮૦૦ | ૨૦૪૦૦ | ૩૭૦૦ | ૧૯૮૦ | ૧૪૫૦ | ૨૦૯૦ | ૫૭૬૦ | ૪૫૦૦ | ૧૧૧૭૩૦ | ૫૫૮૭ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૩૩૭૪૫૦ | ૩૧૧૫૦ | ૮૪૫૫૦ | ૨૦૯૭૦ | ૮૦૦૦ | ૧૦૧૧૦ | ૯૫૭૦ | ૨૭૬૮૦ | ૧૭૯૬૦ | ૫૪૭૩૪૦ | ૫૪૭૪ |
| | કુટુંબદીઠ ખર્ચ | | | (૩૩૭૫) | (૩૧૨) | (૮૪૬) | (૨૦૯) | (૮૦) | (૧૦૨) | (૯૬) | (૨૭૭) | (૧૮૦) | (૫૪૭૪) | |
| | કુલ ખર્ચના ટકા | | | (૬૧.૫) | (૫.૭) | (૧૫.૫) | (૩.૮) | (૧.૫) | (૧.૯) | (૧.૭) | (૫.૧) | (૩.૩) | (૧૦૦.૦) | |

ઉપરના કોઠામાં વપરાશી ખર્ચની વિગતો જોતાં મોટાભાગના કુટુંબોને ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતુ હતું. દેવાની વિગતવાર નોંધ હવે જોઈએ.

<u>દેવું :</u>

લવિના પ્રસ્તુત અભ્યાસમાં પસંદકરેલા નમૂનાના ગામોની સર્વેક્ષણ કરેલ કુટુંબો પાસેથી દેવા વિષાયક માહિતી મેળવવામાં આવી હતી. નમૂનાના કુલ કુટુંબોમાંથી ૭૭ કુટુંબો દેવાદાર, જેમણે શાહુકાર-વેપારી, સગાસબંધી, સહકારીમંડળી અને બેંક રોકડ તેમજ વસ્તુમાં દેવું કર્યું હતું.

દેવાદાર કુલ કુટુંબોની દેવાની વિગત જોઈએ તો કુલ રકમના ૩૧.૮ ટકા રોકડ રકમ અને ૨૪.૯ ટકા વસ્તુના રૂપમાં સહુકાર પાસેથી, ૧૨.૨ ટકા રોકડ રકમ અને ૦.૯ ટકા રકમ વસ્તુના સ્વરુપે સગાઓ પાસેથી, ૧૬.૦ ટકા રોકડ રકમ અને ૫.૪ ટકા વસ્તુના સ્વરુપે સહકારી મંડળીમાંથી અને ૮.૮ ટકા રોકડ રકમ બેંકમાંથી પ્રાપ્ત કરી હતી.

દેવાદાર કુટુંબોનું કુલ દેવું ૧૨૫૧૬૫ રૂા. નું હતું. દેવાદાર કુટુંબદીઠ દેવું ૧૬૨૬ રૂા. નું હતું. જેની ગામવાર અને સ્ત્રોતવાર દેવાની વિગતો કોઠા નં.૧૫ માં દર્શાવવામાં આવી છે. કોઠાના અભ્યાસ પરથી દરેક ગામવાર કુટુંબદીઠ દેવાની વિગતોનો વધુ ખ્યાલ આવે છે.

<u>હેતુવાર દેવું :</u>

નમૂનાના કુટુંબોએ કરેલા દેવાના હેતુવાર પ્રમાણ જોઈએ તો દેવાદાર કુટુંબોએ કુલ દેવાના ૫૪.૮ ટકા દેવું ખર્ચવામાં ખાધાખોરાકી અને કપડાંની ખરીદી માટે કર્યું હતું. ૭.૩ ટકા દેવું સામાજીક પ્રસંગો માટે, ૧.૨ ટકા દેવું પશુધનની ખરીદી (ભેંસ) માટે, અને ૩૬.૭ ટકા દેવું ખેતીના સાધનો, ખાતરબિયારણ અને સિંચાઈના સાધનો માટે કર્યું હતું.

કોઠા નં. ૧૫ : દેવાની વિગતો

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | દેવું છે. હા | દેવું છે. ના | શાહુકાર વેપારી રોકડ | શાહુકાર વેપારી વસ્તુમાં | સગાઓ રોકડ | સગાઓ વસ્તુમાં | સહકારી મંડળી રોકડ | સહકારી મંડળી વસ્તુમાં | બેંક રોકડ | બેંક વસ્તુમાં | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૩ | ૭ | ૬૨૦૦ | ૨૧૦૦ | ૬૫૦૦ | ૧૨૦૦ | – | ૧૭૧૦ | ૩૦૦ | – | ૧૮૦૧૦ (૧૩૮૬) |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૮ | ૨ | ૨૦૦૦ | ૭૦૦૦ | ૨૬૦૦ | [illegible] | ૧૫૬૦૦ | – | ૫૫૦૦ | – | ૩૨૭૦૦(૧૮૧૭) |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૩ | ૭ | ૨૦૨૫ | ૩૩૦૦ | ૬૦૦૦ | – | ૧૨૮૦ | ૨૦૦૦ | ૨૦૦ | – | ૧૪૮૦૫ (૧૧૩૯) |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૨૮૨૦૦ | ૧૪૪૦૦ | ૨૦૦ | – | ૧૫૦૦ | ૨૩૭૦ | ૫૦૦૦ | – | ૫૧૬૭૦(૨૮૭૧) |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | | | | | | | | | |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૨ | ૨૮૨૦૦ | ૧૪૪૦૦ | ૨૦૦ | – | ૧૫૦૦ | ૨૩૭૦ | ૫૦૦૦ | – | ૫૧૬૭૦(૨૮૭૧) |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૩ | – | – | – | – | ૧૬૦૦ | – | – | – | ૧૬૦૦(૪૦૦) |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૦ | ૨ | ૧૩૫૦ | ૪૨૫૦ | – | – | – | ૬૮૦ | – | – | ૬૨૮૦(૬૨૮) |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | – | ૧૦૦ | – | – | ' | – | – | – | ૧૦૦(૧૦૦) |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૫ | ૫ | ૧૩૫૦૦ | ૪૩૫૦ | – | – | ૧૬૦૦ | ૬૮૦ | – | – | ૭૯૮૦(૫૩૨) |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૭૭ | ૨૩ | ૩૯૯૭૫ | ૩૧૧૫૦ | ૧૫૩૦૦ | ૧૨૦૦ | ૧૯૯૮૦ | ૬૭૬૦ | ૧૧૦૦૦ | – | ૧૨૫૩૬૫(૧૬૨૮) |
| | | | | | | (૩૧.૮) | (૨૪.૮) | (૧૨.૨) | (૦.૯) | (૧૬.૦) | (૫.૪) | (૮.૮) | | (૧૦૦%) |

કોઠા નં. ૧૬ હેતુવાર દેવું

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ઘરખર્ચ | સામાજિક | પશુખરીદી | ખેતી | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૧૫૦૦ | ૪૧૦૦ | – | ૨૪૧૦ | ૧૮૦૧૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭૧૦૦ | ૮૦૦ | ૧૫૦૦ | ૧૩૩૦૦ | ૩૨૭૦૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૭૨૨૫ | ૨૫૦૦ | – | ૫૦૮૦ | ૧૪૮૦૫ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૨૭૦૦ | ૧૭૦૦ | – | ૨૨૮૭૦ | ૫૧૬૭૦ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૨૭૧૦૦ | ૧૭૦૦ | – | ૨૨૮૭૦ | ૫૧૬૭૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | – | – | ૧૬૦૦ | ૧૬૦૦ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૫૬૦૦ | – | – | ૬૮૦ | ૬૨૮૦ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧૦૦ | – | – | ૬૮૦ | ૧૦૦ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૫૭૦૦ | – | – | ૨૨૮૦ | ૭૯૮૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૬૮૬૨૫ | ૯૧૦૦ | ૧૫૦૦ | ૪૫૯૪૦ | ૧૨૫૧૬૫ |
| | | | | (૫૪.૮) | (૭.૩) | (૧.૨) | (૩૬.૭) | (૧૦૦.૦) |

કોઠા પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે દેવાદાર કુટુંબોનું મોટાભાગનું દેવુ વપરાશી ખર્ચ માટેનું હતું. જયારે ઉત્પાદકીય હેતુ માટેનું દેવું માત્ર ૩૬.૭ ટકા હતું. અહીં એ સ્પષ્ટ થાય છે કે આવક અને વપરાશી ખર્ચમાં તુલનામાં રહેતી બચતએ માત્ર અમુકજ કુટુંબોને લીધે જોવા મળે છે. બાકીના કુટુંબોને તો કરજિયાત દેવું કરવુ પડે છે. જે કોઠામાં જોઇ શકાય છે.

ઉપર મુજબ દેવાદાર કુટુંબોની દેવાની વિગતો જોયા પછી તેજ કુટુંબો પાસેથી દેવું ભરપાઇ કરવા અંગેની વિગતો xxx પણ જાણી હતી. જેમણે દેવુ ભરપાઇ કરવા માટે ખેતી, મજૂરી અને અન્ય કામો કરીને તેમાંથી આવક પ્રાપ્ત કરી દેવું ભરપાઇ કરીશુ તેવું સૂચવ્યું હતું. દેવુ ભરપાઇ કયા સાધનોમાંથી કરશો તેના બાબમાં મળેલા સ્ત્રોતની વિગતો કોઠા નં.૧૭માં દર્શાવી છે.

(કોઠામાં દેવાદાર કુટુંબની દેવું ભરપાઇ કરવા માટેના ત્રણે સ્ત્રોતને જોતા કેટલાક કુટુંબોએ ત્રણે સાધનો, તો કેટલાક કુટુંબોએ માત્ર ખેતીમાંથીજ દેવું ભરપાઇ કરવા વિચારો જણાવ્યું હતું જેથી અહીં કુલ દેવાદાર કુટુંબના સંદર્ભમાંજ સંખ્યા દર્શાવી છે.)

<u>અસ્કયામત</u> :

લવિની આર્થિક સંરચના સમજવા માટે લવિના આદિવાસીઓ પાસેથી મેળવેલી માહિતી અનુસાર પોતાની કઇ કઇ ચીજ વસ્તુઓને મિલકત તરીકે ગણાવે છે તે સમજવું જરુરી છે. દરેક સમાજમાં મિલકતની ધારણા અર્થવ્યવસ્થાની દ્રષ્ટિએ મહત્વની હોય છે. મનુષ્ય પોતાની દૈનિક આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો દ્વારા કરે છે તેને તે મિલકતની અંદર સામેલ કરી દે છે. અહીં સંપત્તિનો અર્થ બે પ્રકારે સ્થાવર અને જંગમ મિલકત તરીકે ગણવામાં આવે છે. સ્થાવર મિલકતમાં જમીન, મકાન અને જંગમ મિલકતમાં ઘરેણાં, પશુધન, ઓજારો વગેરેને સમાવેશ કરીને ગણવામાં આવી છે. જે માનવનિર્મિત અને માનવ સર્જિત છે જેની વિગતો કોઠા નં.૧૮ થી કોઠા નં.૨૦ માં દર્શાવી છે.

...૭૩..

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ખેતી | મજૂરી | અન્ય |
|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૩ | ૧૦ | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૧૮ | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૨ | ૧૧ | ૫ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | ૧૫ | ૧૭ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૧૫ | ૧૭ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૧ | ૩ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૧ | ૬ | ૮ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૫ | ૮ | ૧૧ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૭૫ | ૬૨ | ૩૩ |

વૃક્ષોની સંખ્યા :

લવિના વિસ્તારમાં મોટે ભાગે આંબા, મહુડા, સાગ, અને કેટલાક કુટુંબોની જમીનમાં સાગ જોવા મળ્યા હતા. પરંતુ તે દરેક કુટુંબ પાસે એક સરખા ન હતા. નમૂનાના કુટુંબો પાસે કોઠામાં દર્શાવ્યા મુજબ જુદા જુદા પ્રકારના કુલ ૪૮૮ વૃક્ષો જોવા મળ્યા હતા. જેનું કુટુંબદીઠ પ્રમાણ માત્ર ૫ નું હતું. જેની કિંમત કુટુંબદીઠ સરેરાશ ૭૯૦ ની થાય છે.

પશુધનની સંખ્યા :

નમૂનાના કુટુંબો પાસેની પશુધનની વિગતો જોઈએ તો કુલ પશુધનમાં ખેતી માટેના બળદ લગભગ બધાજ કુટુંબો પાસે હતા. જયારે ગાય અને ભેંસોનું પ્રમાણ નહિવત હતું. કોઠા પરથી જોતાં નમૂનાના કુટુંબો પાસેનું પશુધન જોઈએ તો સરેરાશ ૬ ની સંખ્યા હતી જેમાં મરઘાં, બળદ, અને ઘેટાં-બકરાં સંખ્યાની દ્રષ્ટિએ વિશેષ જોવા મળ્યાં હતાં. દરેક કુટુંબ પાસે સરેરાશ પશુધનની અસ્કયામત ૩૨૦૯ રૂા. ની હતી.

નમૂનાના કુટુંબો પાસેનું પશુધન અનેતેની અસ્કયામત કોઠા નં.૧૯ માં દર્શાવી છે. ગામવાર પશુધનની વિગતો જોવા માટે કોઠાનો અભ્યાસ જરૂરી છે.

ઘરવખરીના વાસણો :

આપણે આગળ જોયું તે પ્રમાણે લવિના નમૂનાના ગામોમાંથી સર્વેક્ષણ કરેલા કુટુંબો પાસેથી તેમની પાસેના ઘરવખરીના સાધનોમાં વાસણોની વિગતો એકત્રીત કરી હતી. નમૂનાના કુટુંબો પાસે એલ્યુમિનિયમ, માટીના અને પિત્તળના વાસણો વિશેષ જોવા મળ્યા હતા. જયારે સ્ટીલના અને કાચના નાના ચ્હા-પાણી પીવા માટેના વાસણો ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા. નમૂનાના કુટુંબો પાસે કુટુંબદીઠ સરેરાશ બધા મળીને ૨૪ જેટલા નાના-મોટા વાસણો હતા જેની કિંમત કુટુંબદીઠ સરેરાશ ૪૮૬ રૂા. જેટલી થતી હતી.

...૭૫..

ફર્નિચર :

ઉપર મુજબ ઘરવખરીના સાધનોની વિગતો પછી ફર્નિચરના સાધનો વિશે જોઈએ તો નમૂનાના કુટુંબો પાસેના ખાટલા થી માંડીને પેટી-બેટરી જેવી ચીજોની કુલ સંખ્યા ૧૯૭૨ ની હતી. કુટુંબદીઠ આ સાધનોની સંખ્યા લગભગ ૧૪ની હતી. તેની કિંમત ૭૦૩ રૂ. જેટલી થતી હતી. જેની વિગતવાર માહિતી શરૂઆતમાં દર્શાવી છે.

યંત્ર અને ઓજારો :

નમૂનાના કુટુંબો પાસેના ખેતીના સાધનોની વિગત જોઈએ તો દરેક કુટુંબ પાસે હળ-લાકડું અને તેમની રીતે પૂરતા પ્રમાણમાં હતું, પરંતુ તે ઘણાં જૂના પુરાણાં અને સાદા હતા. એત સાધનોની સંખ્યા કુટુંબદીઠ ૧૦ની હતી જેમાં મોટાભાગના સાધનો નાના ઓજારો જેવા કે દાતરડુ, કુહાડી, કોદાળી, ત્રિકમ અને પાવડા હતા. ખેતીના સાધન તરીકે હળની સંખ્યા માત્ર એકની હતી. બીજા ઉપયોગી ખેતીના સાધનો પણ એક-એકની સંખ્યામાં જોવા મળ્યા હતા. જેની કિંમત લગભગ (કૂવાની કિંમત સાથે) ૨૧૩૯ રૂ. જેટલી થતી હતી.

નમૂનાના કુટુંબોની અસ્કયામતના ભાગરુપે વૃક્ષોની સંખ્યા કોઠા નં.૧૮માં, પશુધનની સંખ્યા કોઠા નં.૧૯, યંત્રો ઓજારોની વિગત કોઠા નં.૨૦માં દર્શાવી છે. જ્યારે ઘરવખરીના સાધનોની અને ફર્નિચરની વિગતો આગળ ઉપર કોઠા નં.૬ અને ૭ માં ગામવાર વિગતે દર્શાવી છે. કોઠાઓના અભ્યાસથી અસ્કયામતનો ઊંડાણથી ખ્યાલ મેળવી શકાશે.

ઉપર મુજબ અસ્કયામતના સાધન તરીકે વૃક્ષો, પશુધન, ઘર, ઘરવખરીની વિગતોનો ખ્યાલ મેળવ્યા પછી અસ્કયામતની કિંમતના રુપે જુદી જુદી અસ્કયામત પ્રમાણે દરેક કુટુંબોની અસ્કયામતની કિંમત કોઠા નં.૨૧ માં દર્શાવી છે.

કોઠા નં. ૨૮ : વૃક્ષોની સંખ્યા અને કિંમત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | મહુડા | આંબા | સાગ | સુબાબુલ નીલગીરી | વાંસ | કુલ વૃક્ષો | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૪ | – | – | ૨૯ | ૩૩ | ૪૮૦૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૭ | ૭૨ | ૬૫ | ૯ | ૭૫ | ૧૭૮ | ૩૦૮૫૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૩ | ૨૧ | ૩ | – | ૧૫૪ | ૧૯૧ | ૨૩૫૫૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪ | ૩૪ | ૨ | ૧૧ | ૨૧ | ૭૨ | ૧૪૮૦૦ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | – | – | – | – | ૧ | ૫૦૦ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૫ | ૩૪ | ૨ | ૧૧ | ૨૧ | ૭૩ | ૧૫૩૦૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૧ | – | – | – | ૧ | ૬૮૦ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૬ | – | ૭ | ૯ | ૨૨ | ૩૮૦૦ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | – | ૭ | – | ૭ | ૯ | ૨૩ | ૪૪૮૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૫ | ૮૮ | ૭૦ | ૨૭ | ૨૮૮ | ૪૯૮ | ૭૮૯૮૦ |

કોઠા નં. ૧૯ પશુધનની સંખ્યા અને કિંમત 

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | ગાય | ભેંસ | બકરાં ઘેટાં | બળદ | વાછરડા | વાછરડી | મરઘાં | કુલ પશુધન | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૧ | ૬ | ૧૧ | ૩૩ | ૫ | ૨ | ૨૫ | ૯૩ | ૫૫૨૫૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૫ | ૧૬ | ૨૧ | ૪૨ | ૧ | ૫ | ૮૮ | ૧૮૮ | ૭૩૧૦૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૦ | ૧૨ | ૩૩ | ૩૭ | ૩ | ૪ | ૪૨ | ૧૪૧ | ૬૫૭૩૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૬ | ૧૯ | ૩૧ | ૪૫ | ૯ | ૮ | ૪ | ૧૩૨ | ૮૨૮૫૦ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૯૦૦ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૬ | ૧૯ | ૩૧ | ૪૬ | ૯ | ૮ | ૪ | ૧૩૩ | ૮૩૭૫૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૫ | ૧ | ૪ | ૨૫ | ૮ | ૨ | ૪ | ૪૯ | ૨૪૭૫૦ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૫ | – | ૪ | ૧૪ | ૪ | ૩ | – | ૩૦ | ૧૮૩૦૦ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૦ | ૧ | ૮ | ૩૯ | ૧૨ | ૫ | ૪ | ૭૯ | ૪૩૦૫૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૬૨ | ૫૪ | ૧૦૪ | ૧૯૭ | ૩૦ | ૨૪ | ૧૬૩ | ૬૩૪ | ૩૨૦૮૮૦ |

કોઠા નં. ૨૦ યંત્રો, ઓજારો અને તેની કિંમત 

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | લાકડાનું હળ | લોખંડનું હળ | કરબ | સમાર | વાવણિયો | નાના ઓજાર | ગાડુ | કુવો કાચો | પાકો | કોસ | ઓ. એન્જી. | ઈલે. મો. | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૯ | ૧ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૧૬ | – | ૯ | ૫ | ૬ | ૩ | ૨૧૦ | ૫૫૬૯૫ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૩ | – | ૧૮ | ૧૭ | ૧૭ | ૮૩ | – | ૧ | ૪ | – | ૩ | ૧૬૬ | ૩૭૦૫૫ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૧ | – | ૧૬ | ૧૭ | ૧૭ | ૧૩૦ | ૧ | ૯ | ૪ | ૨ | ૪ | ૨૨૧ | ૫૪૮૮૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૨૧ | – | ૧૫ | ૧૮ | ૨૧ | ૧૧૨ | – | ૭ | – | ૩ | ૩ | ૨૦૦ | ૫૨૮૨૦ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | – | ૧ | ૧ | ૧ | ૫ | – | – | – | – | – | ૯ | ૩૦૦ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૨૨ | – | ૧૬ | ૧૯ | ૨૨ | ૧૧૭ | – | ૭ | – | ૩ | ૩ | ૨૦૯ | ૫૩૧૨૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૩ | ૬ | ૬ | ૫૧ | – | ૨ | – | – | – | ૭૫ | ૭૫૩૫ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૧ | – | ૯ | ૧૦ | ૧૦ | ૬૪ | – | ૪ | – | ૨ | – | ૧૧૦ | ૫૬૨૫ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૮ | – | ૧૨ | ૧૬ | ૧૬ | ૧૧૫ | – | ૬ | – | ૨ | – | ૧૮૫ | ૧૩૧૬૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૦૩ | ૧ | ૭૮ | ૮૬ | ૯૦ | ૫૬૧ | ૧ | ૩૨ | ૧૩ | ૧૩ | ૧૩ | ૯૯૧ | ૨૧૩૯૧૦ |

અસ્કયામતની કિંમત :

લવિના નમૂનાના ગામોમાંથી સર્વેક્ષણ કરેલા કુટુંબોની જમીન, મકાન, ઝાડ, પશુધન, ખેતીના સાધનો, ઘરવખરી, ફર્નિચરના સાધનો, ઘરેણાં અને શેર અનામતો મળીને કુલ ૨૫૪૫૬૩૦ રૂા.ની અસ્કયામત ધરાવતા હતા. જેમની કુટુંબદીઠ કુલ અસ્કયામતનું પ્રમાણ ૨૫૪૫૭ રૂા.ની હતી.

નમૂનાના કુટુંબોની કુલ અસ્કયામતને વિગતવાર જોઈએ તો કુટુંબદીઠ જમીનની અસ્કયામત ૧૨૮૨૦ રૂા., મકાન ૪૭૨૫ રૂા., ઝાડ ૭૮૮ રૂા., પશુધન ૩૨૪૨ રૂા., ખેતસાધનો ૨૧૬૧, ઘરવખરીના વાસણો ૪૮૭ રૂા., ફર્નિચર ૭૦૩ રૂા., ઘરેણાં ૯૨૫ રૂા. અને ૨૦ સભાસદ કુટુંબોની શેર અનામત તરીકે ૩૬૦ રૂા.ની કુટુંબદીઠ અસ્કયામત હતી. કુટુંબદીઠ અસ્કયામત બધી મળીને ૨૫૪૫૭ રૂા. જેટલી હતી. નમૂનાના કુટુંબોની ઉપર મુજબની અસ્કયામતો જોતાં અન્ય આદિવાસી વિસ્તારની સરખામણીએ આ પ્રમાણ ઘણું ઓછું ગણાય છે.

અહીં આ પ્રકરણમાં લવિની અર્થવ્યવસ્થાને સમજવા વિસ્તૃત રીતે વિશ્લેષણ કર્યું છે. લવિના આદિવાસીઓ આર્થિક રીતે ખૂબજ ગરીબ અને પછાત પણ છે. છતાં તેમની અર્થ વ્યવસ્થા મિશ્ર સ્વરુપની જોવા મળે છે. તેઓમાં થોડી જાગૃતતા તો છે જ પરંતુ નબળી આર્થિક પરિસ્થિતિ અને સાથે રહેતા બિનઆદિવાસીઓની કેટલીક ધાકને કારણે દબાયેલા રહેતા હોય તેવું જોવા મળે છે. અક્ષરજ્ઞાનનું પ્રમાણ પણ ઓછું હોવાથી વ્યંકિતગત મિલ્કત તરફનો ઝોક પણ ઓછો છે.

ઉપર મુજબ લવિની અર્થવ્યવસ્થાને જણાવ્યા પછી તેમના માટે કેવું, કયા પ્રકારનું આયોજન સૂચવી શકાય તેના માટે કયા સિધ્ધાતો અને હેતુઓ વિષે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

કોઠા નં.૨૧ અસ્કયામત (કુલ) રુપિયામાં

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | જમીન | મકાન | ઝાડ | પશુધન | ખેતસાધનો | ઘરવખરી | ફર્નિચર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩૧૪૫૦૦ | ૯૬૧૦૦ | ૪૮૦૦ | ૫૫૨૫૦ | ૫૫૬૯૫ | ૧૧૦૫૦ | ૧૬૪૬૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૯૪૨૦૦ | ૮૮૪૦૦ | ૩૦૮૫૦ | ૭૩૧૦૦ | ૩૭૦૫૫ | ૮૭૫૦ | ૧૬૩૫૫ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩૨૩૭૦૦ | ૧૨૭૧૦૦ | ૨૩૫૫૦ | ૬૫૭૩૦ | ૫૪૮૮૦ | ૧૦૦૭૦ | ૧૪૮૩૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૨૧૫૭૦૦ | ૧૦૫૫૦૦ | ૧૪૮૦૦ | ૮૨૮૫૦ | ૫૨૮૨૦ | ૧૦૦૦૦ | ૧૧૮૩૫ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૧૯૦૦ | ૪૦૦ | ૯૦૦ | ૩૦૦ | ૫૯૦ | ૭૭૫ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૨૧૫૭૦૦ | ૧૦૭૪૦૦ | ૧૫૨૦૦ | ૮૩૭૫૦ | ૫૩૧૨૦ | ૧૦૫૯૦ | ૧૨૬૧૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૧૩૫૫૦૦ | ૨૭૩૦૦ | ૬૦૦ | ૨૪૭૫૦ | ૭૫૩૫ | ૩૮૨૦ | ૪૫૮૫ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૫૯૯૦૦ | ૨૪૨૦૦ | ૩૮૦૦ | ૧૮૩૦૦ | ૫૬૨૫ | ૪૨૦૦ | ૫૩૯૫ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૨૦૦૦ | – | – | – | ૨૦૦ | ૬૫ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૯૫૪૦૦ | ૫૩૫૦૦ | ૪૪૦૦ | ૪૩૦૫૦ | ૧૩૧૬૦ | ૮૨૨૦ | ૧૦૦૪૫ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૨૪૩૫૦૦ | ૪૭૨૫૦૦ | ૭૮૮૦૦ | ૩૨૦૮૮૦ | ૨૧૩૯૧૦ | ૪૮૬૮૦ | ૭૦૩૦૦ |
| | | | | (૧૨૮૨૦) | (૪૭૨૫) | (૭૮૮) | (૩૨૪૨) | (૨૧૬૧) | (૪૮૭) | (૭૦૩) |

### કોઠો – ૨૧ ચાલુ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | પરેશા | શેર અનામત | કુલ ચરેકચામત | કુટુંબદીઠ ચરેકચામત |
|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦૨૫૦ | ૧૫૮૦ | ૫૭૫૬૮૫ | ૨૮૭૮૫ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૭૨૦૦ | ૨૦૦૦ | ૪૭૭૯૧૦ | ૨૩૮૯૬ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૯૧૫૦ | ૧૫૭૦ | ૬૪૦૫૯૦ | ૩૨૦૩૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૪૭૦૦ | ૧૪૩૦ | ૫૦૯૬૩૫ | ૨૮૩૧૩ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | ૪૮૬૫ | ૨૪૩૩ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૪૭૦૦ | ૧૪૩૦ | ૫૧૪૫૦૦ | ૨૫૭૨૫ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૫૩૦૦ | ૬૫૦ | ૨૧૦૦૪૦ | ૩૦૦૦૬ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૩૧૦૦ | ૧૨૦ | ૧૨૪૬૪૦ | ૧૦૩૮૭ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | ૨૨૬૫ | ૨૨૬૨ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૮૪૦૦ | ૭૭૦ | ૩૩૬૯૪૫ | ૧૬૮૪૮ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૮૯૭૧૦ | ૭૩૫૦ | ૨૫૪૫૬૬૦ | ૨૫૪૫૭ |
| | | | | (૯૨૫) | (૩૬૦) | (૨૫૪૫૭) | |

# પ્રકરણ – ૫

## આયોજન સિધ્ધાંતો અને હેતુઓ

લવિ આયોજન માટે આપણે કયા સિધ્ધાંતોને લક્ષ્યમાં લઈએ છીએ તે આપણને આત્મસાત થઈ જવા જોઈએ. એ સિધ્ધાંતો બધાજ આદિવાસી વિસ્તારો અને આદિવાસી જાતિઓના વિકાસ આયોજનને લાગુ પડે છે. સિધ્ધાંતો આત્મસાત થઈ જાયતો આયોજન કરવું સહેલું થઈ પડે છે. આ સિધ્ધાંતોને અહેવાલમાં પણ સ્પષ્ટ રીતે વર્ણવેલવામાં આવ્યા છે. જેની કાર્યાન્વિત કરનારને તથા આયોજનને અનુમોદન આપનારને અભિગમની ખબર પડે અને તેનું કામ સહેલુ થઈ જાય.

<u>મુખ્ય સિધ્ધાંતો આ મુજબ છે.</u> :

(૧) લવિના વિકાસ માટે અત્યાર સુધી શું કરવામાં આવ્યું છે તેનું મૂલ્યાંકન કરી તેના આધારે આયોજન કરવું. એવું લાગે છે કે આ વિસ્તારો પર વધુ ધ્યાનઅભિ નથી અપાયું.

દા.ત. મોરા લવિ વિસ્તારના ગામોમાં વસતા આદિવાસી કુટુંબોએ વિકાસયોજનાનો લાભ નહિવત લીધો છે. તેમાંય મોટાભાગના કુટુંબો પણ આ વિકાસ કોર્થોથી અપરિચીત છે. જેને પરિણામે લાભ લઈ શકયા નથી.

આ વિકાસ યોજનાઓ હોવાછતાં અને કેટલાક જાણતા ~~xxx~~ હોવા છતાં તેનો લાભ લેવા માગતા નથી. કારણકે તે યોજના તેમના માટે તેમને અનુકુળ લાગતી ન હોય અથવા તો પોતાના આજીવિકાના ચક્રમાં તે અવરોધ રુપ પણ બની જતી હોય. દા.ત. મોરા પોકેટમાં મોટાભાગનાને દૂધાળા ઢોર યોજના અંગે પૂછવામાં આવ્યું તો કેટલાક કુટુંબો સ્પષ્ટ લેવાની ના પાડે છે કારણકે તેમનો મુખ્ય ધંધો ખેતીની સિઝન સિવાય (ચોમાસા સિવાય) અન્ય વિસ્તારોમાં ખેતમજૂરીનો છે તો આ ખેતમજૂરો કે જેમની પાસે જમીન ઘણી ઓછી છે અથવા નથી તેવા કુટુંબો જ્યારે અન્ય વિસ્તારોમાં જાય તો દૂધાળાઢોરોને શું કરે? તેમની વ્યવસ્થા કેવી રીતે કરવી, અથવા આ પશુઓ માટે મજૂરી છોડી એકાદ વ્યક્તિએ ઘેર રહેવું પડે, આ પશુ તેમના જીવનનિર્વાહમાં કેટલી મદદ કરી શકે તેનો અનુભવ કે તેની શ્રધ્ધા નથી. જેને પરિણામે તેની ના પાડે છે, છતાં પશુ આપવામાં આવે તો તેની સફળતા મળી શકે નહી, અને માને છે કે જે લોન લીધી છે તે લોન અને વ્યાજના પૈસા

ભરવાની પણ મુશ્કેલી પડશે. ભરી શકે નહી છતાં સરકાર તરફથી મળે છે તો ભલે મળતી એવો અભિગમ પણ જોવા મળે છે. મરો લવિમાં દૂધાળાઢોરોમાં ૧૦૦ કુટુંબોથી માત્ર ૧ કુટુંબેજ લાભ લીધો છે. ૯૯ કુટુંબોને લાભ મળ્યો ન હતો. એટલે આ યોજનાનો લાભ મેળવી શકયા નથી, તો તેમનું માનસ અને આયોજનાના લાભાર્થીઓને ધ્યાનમાં રાખી પુનઃ વ્યવસ્થિત આયોજન કરી શકાય તેમની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને.

આ સિવાય અન્ય યોજનાઓમાં કોને કેટલો લાભ મળ્યો છે તે નીચે આપેલ કોઠાઓ પરથી ખ્યાલ આવશે.

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | હા | ના | |
|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ | |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ | |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ડેન્ડ્ર મંડળી દ્વારા ભેંસ મળી છે. |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | – | ૧૮ | |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | |
| વીરણીયા | કુલ | | ૨૦ | – | ૨૦ | |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૭ | |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૧૨ | |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | |
| વાડોદર | કુલ | | ૨૦ | – | ૨૦ | |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧ | ૯૯ | |

## જમીન સંરક્ષણ યોજનાનો લાભ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | હા | ના | હા તો પાળા બાંધકામ | જમીન સમતલ કરવા | નાળાં બાંધણી |
|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ | – | – | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ૧ | – | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩ | ૧૭ | ૩ | – | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧ | ૧૭ | ૧ | ૧ | – |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧ | ૧૯ | ૧ | ૧ | – |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૭ | ૪ | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૧૨ | – | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૭ | ૧૩ | – | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૨ | ૮૮ | ૧૨ | ૫ | – |

સિંચાઇ યોજનાનો લાભ મળ્યો છે હા તો પ્રકાર

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | હા | ના | તળાવની નહેર | એન્જીનમાટે | કૂવામાટે |
|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૧૮ | ૧ | ૧ | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૫ | ૧૫ | – | ૩ | ૨ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | – | – | ૧ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪ | ૧૪ | – | ૪ | ૨ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૪ | ૧૬ | – | ૪ | ૨ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૭ | – | – | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧ | ૧૧ | ૧ | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧ | ૧૯ | ૧ | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૩ | ૮૭ | ૨ | ૮ | ૫ |

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | કિટ્સની યોજનાનો લાભ હા | ના | હા તો ખાતર | બિયારણ | કિટ્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૪ | ૧૬ | ૧ | ૧ | ૩ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૧૮ | ૧ | – | ૧ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬ | ૧૪ | ૨ | ૨ | ૪ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૩ | ૧૫ | ૧ | ૨ | ૩ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૩ | ૧૭ | ૧ | ૨ | ૩ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૩ | ૧ | ૧ | ૨ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧ | ૧૧ | ૧ | – | ૧ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૫ | ૧૫ | ૨ | ૧ | ૩ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૦ | ૮૦ | ૭ | ૬ | ૧૩ |

મરઘાં યોજનાનો લાભ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | હા | ના |
|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | – | ૧૮ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | – | ૨૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૭ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૧૨ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | – | ૨૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | – | ૧૦૦ |

| | | | | શિક્ષણની યોજનાનો લાભ | | હા તો કયો લાભ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | હા | ના | સ્કોલરશીપ | ગણવેશ | પુસ્તકો | મધ્યાહનભોજન |
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૯ | ૧૧ | ૭ | ૯ | ૧ | ૮ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૮ | ૧૨ | ૩ | ૮ | – | ૯ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૨ | ૮ | ૧૦ | ૧૦ | ૧ | ૧૧ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૩ | ૧૫ | ૩ | ૩ | – | ૩ |
| | જમીનવગર | ભીલ | ૨ | [illegible] | ૨ | – | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૩ | ૧૮ | ૩ | ૩ | – | ૩ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૬ | ૧ | ૫ | ૫ | ૧ | ૫ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૩ | ૯ | ૩ | ૩ | – | ૩ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૯ | ૧૧ | ૮ | ૮ | ૧ | ૮ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૪૧ | ૫૯ | ૩૧ | ૩૮ | ૩ | ૩૯ |

આરોગ્ય યોજનાનો લાભ

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | કુટુંબમાં માંદગી હા | કુટુંબમાં માંદગી ના | હા તો પ્રકાર | માંદગી અંગે સહાય |
|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ | | |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ટી.બી. | ૪૦૦ રૂા. |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ટી.બી | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | – | ૧૮ | | |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | | |
| વીરણીયા | કુલ | | ૨૦ | – | ૨૦ | | |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૭ | | |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૧૨ | | |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | | |
| વાડોદર | કુલ | | ૨૦ | – | ૨૦ | | |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨ | ૯૮ | ૨ ટી.બીના દર્દવાળા | ૧ કુટુંબને ૪૦૦ રૂા. |

(૨) લોકોની આવશ્યકતાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવા જોઇએ (રાજય અને દેશની અગ્રિમતાઓને પ્રથમ સ્થાન આપવાનું છે)

આયોજનામાં આ સિધ્ધાંત ઘણો મહત્વનો છે કે જેનો વિકાસ કરવો છે તે લોકોની જરુરિયાતોને પ્રથમ સમજવી જોઇએ, ખાસકરીને તેના કેટલાક સામાજિક નિષેધો હોય, વિસ્તારની અનુકુળતા ન હોય અને તે સર્વમાં આવશ્યક જરુરિયાતોને ધ્યાનમાં રાખી ખાસકરી તેને પગભર કરી શકે તેને અગ્રિમતા આપી તેની ઇચ્છા મુજબની યોજનાઓ દાખલ કરવાથી તે વિકાસ યોજનાઓનો ઝડપથી પ્રચાર થાય છે અને તેને ઝડપથી પોતાની માની અપનાવે છે. ક્ષેત્રકાર્યમાં તેમની જરુરિયાતો વિશે પૂછતાં અને વિવિધ યોજનાઓના લાભ માટે પૂછતાં તેઓએ જે જવાબો આપ્યા તે અહીં નીચેના કોઠાઓમાં રજૂ કર્યાં છે.

નવા ધંધા અંગે

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | નવો ધંધો કરવા ઈચ્છે છે: હા | ના | ઈંટ | પત્થરફોડવોરી | મત્સ્ય | ઢોલ.ઘંટી | ખેતી વિકાસ | વેપાર સીવણકામ | કડિયાકામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૯ | ૧૧ | – | – | – | – | ૯ | ૧ | – |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૨ | ૮ | – | – | ૫ | – | ૬ | – | ૨ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૦ | ૧૦ | – | – | – | – | ૭ | ૨ | – |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૭ | ૧ | – | – | ૧૫ | – | ૨ | – | – |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | ૧ | – | – | – | – | ૧ | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૨ | – | – | ૧૫ | – | ૩ | – | – |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૫ | ૨ | – | ૨ | – | – | – |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૪ | ૮ | – | – | – | – | ૪ | – | – |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | | | | | | | |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૧ | ૯ | ૫ | ૨ | – | ૨ | ૪ | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૬૦ | ૪૦ | ૫ | ૨ | ૨૦ | ૨ | ૨૯ | ૩ | ૨ |

## નવા ધંધા માટે સાધનોની જરુરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | તાલીમ | સાધનો | નાણાં |
|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૯ | ૮ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૧૨ | ૧૨ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૮ | ૭ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪ | ૧૪ | ૧૬ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૪ | ૧૪ | ૧૬ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | – | ૭ | ૭ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૫ | ૫ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | – | – | – |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૬ | ૫૫ | ૫૫ |

ઘરથાળના પ્લોટની જરૂરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | નવો પ્લોટ હા | નવો પ્લોટ ના | નવું મકાન હા | નવું મકાન ના | મકાન સમારકામ હા | મકાન સમારકામ ના |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ૧ | ૧૯ | – | ૨૦ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ૩ | ૧૭ | ૧ | ૧૯ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | ૫ | ૧૫ | ૧ | ૧૯ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪ | ૧૪ | ૫ | ૧૩ | – | ૧૮ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૫ | ૧૫ | ૬ | ૧૪ | – | ૨૦ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૩ | ૪ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૨ | ૧૦ | ૧ | ૧૧ | ૧ | ૧૧ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | ૧ | – | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૭ | ૧૩ | ૪ | ૧૬ | ૪ | ૧૬ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૧૫ | ૮૫ | ૧૯ | ૮૧ | ૬ | ૯૪ |

જમીન અંગે જરૂરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | જમીન સમતલ હા | જમીન સમતલ ના | પાળા બાંધકામ હા | પાળા બાંધકામ ના | નાળા બાંધકામ હા | નાળા બાંધકામ ના | ક્યારા બનાવવા હા | ક્યારા બનાવવા ના | પોતાની જમીન હા | પોતાની જમીન ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧ | ૧૯ | – | ૨૦ | – | ૨૦ | ૨ | ૧૮ | ૧ | ૧૯ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૧ | ૯ | ૭ | ૧૩ | – | ૨૦ | ૬ | ૧૪ | ૧૧ | ૯ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | ૩ | ૧૭ | ૧૨ | ૮ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૪ | ૧૪ | ૬ | ૧૨ | ૨ | ૧૬ | ૩ | ૧૫ | ૧૪ | ૪ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | ૧ | ૧ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૪ | ૧૬ | ૬ | ૧૪ | ૨ | ૧૮ | ૩ | ૧૭ | ૧૫ | ૫ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૬ | ૧ | ૧ | ૬ | – | ૭ | ૪ | ૩ | ૨ | ૫ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧ | ૧૧ | ૧ | ૧૧ | – | ૧૨ | ૧ | ૧૧ | ૨ | ૧૦ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | ૧ | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૭ | ૧૩ | ૨ | ૧૮ | – | ૨૦ | ૫ | ૧૫ | ૫ | ૧૫ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૩ | ૭૭ | ૧૫ | ૮૫ | ૨ | ૯૮ | ૧૯ | ૮૧ | ૪૪ | ૫૬ |

ફિટ્સ અંગેની જરુરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | બિયારણ હા | બિયારણ ના | ખાતર હા | ખાતર ના | જંતુનાશક દવા હા | જંતુનાશક દવા ના |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬ | ૧૪ | ૬ | ૧૪ | ૬ | ૧૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૦ | ૧૦ | ૬ | ૧૪ | ૧ | ૧૯ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩ | ૧૭ | ૨ | ૧૮ | – | ૨૦ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૫ | ૧૩ | ૫ | ૧૩ | ૨ | ૧૬ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૫ | ૧૫ | ૫ | ૧૫ | ૨ | ૧૮ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૩ | ૪ | ૩ | – | ૭ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૩ | ૯ | ૩ | ૯ | – | ૧૨ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | [illegible] | [illegible] | ૭ | ૧૩ | – | ૨૦ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૩૧ | ૬૯ | ૨૬ | ૭૪ | ૯ | ૯૧ |

ખેતીના સાધનોની જરુરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૧૮ | ૪ | ૪ | ૩ | ૧૭ | – | ૧ | ૧૧ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | – | ૧ | ૬ | ૪ | ૧ | ૭ | – | – | ૧૩ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨ | ૧૮ | ૫ | ૫ | ૫ | ૧૮ | – | – | ૧૫ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧ | ૧૭ | ૧૦ | ૪ | ૫ | ૧૭ | ૧ | – | ૧૨ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | – | – | – | – | – | – | – | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧ | ૧૭ | ૧૦ | ૪ | ૫ | ૧૭ | ૧ | – | ૧૨ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૩ | ૭ | ૪ | ૩ | ૩ | ૭ | – | – | ૨ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | – | ૧૦ | ૫ | ૫ | ૫ | ૧૦ | ૧ | ૧ | ૩ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| વાડોદર | કુલ | | ૨૦ | ૩ | ૧૭ | ૯ | ૮ | ૮ | ૧૭ | ૧ | ૧ | ૫ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૮ | ૭૧ | ૩૪ | ૨૧ | ૨૨ | ૭૬ | ૨ | ૨ | ૫૬ |

## પિયતના સાધનોની જરુરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | નવો કૂવો | | કૂવો ઉંડો કરાવવા | | કૂવાનું સમારકામ | | કોસ/ રેંટ | | કૂવા પર વિજળી કરણ | | ઓઈલ એન્જીન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩ | ૧૭ | ૮ | ૧૨ | ૬ | ૧૪ | – | ૨૦ | ૨ | ૧૮ | ૩ | ૧૭ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૬ | ૧૪ | ૭ | ૧૩ | ૩ | ૧૭ | ૨ | ૧૮ | ૮ | ૧૨ | ૨ | ૧૮ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૩ | ૧૭ | ૧૫ | ૫ | ૧૩ | ૭ | – | ૨૦ | – | ૨૦ | ૫ | ૧૫ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૭ | ૧૧ | ૩ | ૧૫ | ૨ | ૧૬ | – | ૧૮ | ૨ | ૧૬ | ૨ | ૧૬ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૭ | ૧૩ | ૩ | ૧૭ | ૨ | ૧૮ | – | ૨૦ | ૨ | ૧૮ | ૨ | ૧૮ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૪ | ૩ | ૩ | ૪ | ૨ | ૫ | – | ૭ | ૪ | ૩ | ૨ | ૫ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧ | ૧૧ | ૫ | ૭ | ૪ | ૮ | – | ૧૨ | – | ૧૨ | ૧ | ૧૧ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૫ | ૧૫ | ૮ | ૧૨ | ૬ | ૧૪ | – | ૨૦ | ૪ | ૧૬ | ૩ | ૧૭ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૨૪ | ૭૬ | ૪૧ | ૫૯ | ૩૦ | ૭૦ | ૨ | ૯૮ | ૧૬ | ૮૪ | ૧૫ | ૮૫ |

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | શાકભાજીનું વાવેતર | | ફળઝાડ ઉછેર | | [illegible] | | વનીકરણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૪ | ૬ | ૩ | ૧૭ | ૨ | ૧૮ | ૧૩ | ૭ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૮ | ૨ | ૫ | ૧૫ | ૬ | ૧૪ | ૧૬ | ૪ |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૫ | ૫ | ૩ | ૧૭ | ૩ | ૧૭ | ૧૫ | ૫ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૬ | ૧૨ | ૩ | ૧૫ | ૧૩ | ૫ |
| | જમીનવગર | ભીલ | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૮ | ૨ | ૬ | ૧૪ | ૩ | ૧૭ | ૧૩ | ૭ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૭ | – | ૧ | ૬ | ૫ | ૨ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૩ | ૯ | – | ૧૨ | – | ૧૨ | ૩ | ૯ |
| | જમીનવગર | નાયકા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૦ | ૧૦ | ૭ | ૧૩ | ૧ | ૧૯ | ૮ | ૧૨ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૭૫ | ૨૫ | ૨૪ | ૭૬ | ૧૫ | ૮૫ | ૬૫ | ૩૫ |

પશુપાલનની જરૂરિયાત

| ગામનું નામ | વિગત | જાતિ | કુલ કુટુંબ | પશુની જરૂરિયાત હા | ના | પ્રકાર ગાય | ભેંસ | બળદ | બકરાં-ઘેટાં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંદેલી | જમીનવાળા | ભીલ | ૨૦ | ૨૦ | – | ૧૫ | ૨૦ | ૬ | ૪ |
| ભાઠા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૬ | ૪ | ૪ | ૧૫ | ૧ | – |
| મોરા | જમીનવાળા | ભીલ | ૨૦ | ૧૭ | ૩ | ૯ | ૧૭ | ૭ | ૪ |
| વીરણીયા | જમીનવાળા | ભીલ | ૧૮ | ૧૮ | – | ૬ | ૧૭ | ૫ | ૪ |
| | જમીનવગર | ભીલ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – |
| વીરણીયા | કુલ | | ૨૦ | ૧૯ | ૧ | ૭ | ૧૮ | ૬ | ૪ |
| વાડોદર | જમીનવાળા | ભીલ | ૭ | ૭ | – | ૬ | ૭ | ~~૪~~ | ૩ |
| | જમીનવાળા | નાયકા | ૧૨ | ૧૧ | ૧ | ૮ | ૭ | ૫ | ૫ |
| | જમીનવગર | નાયકા | ૧ | ૧ | – | ૧ | ૧ | – | ૧ |
| વાડોદર | કુલ | | ૨૦ | ૧૯ | ૧ | ૧૫ | ૧૫ | ૫ | ૯ |
| બધાનું કુલ | | | ૧૦૦ | ૯૧ | ૯ | ૫૦ | ૮૫ | ૨૫ | ૨૧ |

ઉપર આપેલ કોઠાઓ જોતા તેમને શું જોઈએ છે કે કઈ વસ્તુઓની જરુરિયાત છે તેવું પૂછતા કુટુંબોમાંથી પ્રાપ્ત થયેલ માહિતી અહી રજા કરી છે. જોકે આમાં એવું બનવાનો સંભવ છે કે સરકારધ્વારા આપવામાં આવે છે તો તેનો લાભ લેવા કે તે વસ્તુઓ ભાડેગાળાની તેમાં કેટલીકવાર પોતાની મર્યાદાઓને ધ્યાનમાં રાખ્યા સિવાય 'હા' પાડવામાં આવતી હોય છે. તેનો વ્યવસ્થિત કોઈ દિવસ વિચાર કર્યો હોતો નથી. છતા કેટલાક કુટુંબોની માંગણી વિચારપૂર્વકની હોય છે. જે સાધનો પ્રાપ્ત થતા વિકાસ સાધી શકે છે. એટલે તેઓની આકાંક્ષા તેમની અને વિસ્તારની મર્યાદાઓને સમજી જેટલું શકય હોય તેટલું કરવામાં આવેતો તે પોતાની ઈચ્છા હોવાને કારણે રસપૂર્વક ખંતથી કામ કરી શકે છે.

(૩) જે તે વિસ્તારના લોકોના સામાજિક-આર્થિક ગુંફન, લોકોનો વ્યવસાય, કુશળતાઓ, વલણો, આર્થિકસ્તર, શિક્ષણ અને નવાચાર અપનાવવાની આતુરતાને લક્ષમાં લીધા સિવાય આયોજન સારું થતું નથી, વિસ્તારના પરિવેશની વિકાસક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ, જેથી લોકોની રોજગારી અને આવક વધે, નબળા અને નકામા થયેલા પરિવેશને નવસાધ્ય કરી ઉત્પાદક બનાવવો જોઈએ.

મોરા પોકેટના મોટાભાગના ગામો મેગાણઠાકોરના તાબામાં હતા. જેને પરિણામે ઠાકોરોનું પ્રભુત્વ તેમજ અન્ય વિસ્તારોમાં કોળીઓની વસ્તી છે, અને અન્ય બીન આદિવાસી વસવાટો છે જેમના પ્રભાવતળે જોવા મળે છે. તો આ બન્ને સમાજો વચ્ચેના આંતરીક સંબંધને પણ લક્ષમાં લેવો આવશ્યક બને છે તે ઉપરાંત જેમ કે આ વિસ્તારમાં નદીઓ ઉપર બંધો બંધાતા સિંચાઈ માટેના જળાકારો બન્યા છે તેમાંથી વધુ પ્રમાણમાં માછલી પકડવાની શકયતાઓ વધી છે, તેમજ તે દિશા તરફ આદિવાસી કુટુંબો વસતા જાય છે, તેની આવક વધે અને ભેગી કરેલ માછલીનાયોગ્ય ભાવો મળે અને તેને ત્યાંથી સમયસર લઈ જવાની વ્યવસ્થા ગોઠવાયતો તેમનો ઉત્સાહ અને કાર્ય તરફથી સુઝ પણ વધતી જાય. આજ રીતે આ વિસ્તાર પહેલા જંગલો નીચે હતો પણ આજે

...૧૦૨..

જંગલો રહયા નથી. માત્ર કહેવાય જંગલ વિસ્તાર પણ બિલકુલ વૃક્ષો છે નહી બધા કપાઈ ગયા છે તો તેને લક્ષમાં લઈ નવા આયોજનમાં ગુથી શકાય, આ સિવાય આ વિસ્તારમાં પથ્થરો છે જેનો વિવિધ ઉપયોગ કરી અથવા તેને આધારિત નાના કે મોટાપાયાના ઉદ્યોગો ધ્વારા રોજીના સાધનો ઉભા કરી શકાય. તે ઉપરાંત આ પથ્થરોના વિસ્તારમાં બીજો ખજાનો છે કે નહી તે સંશોધનો ધ્વારા શોધી તે ઉપરના ઉદ્યોગો પર કરી શકાય. જલાગારમાં જે પાણી પુરવઠો છે તે આધારિત કઈ કરી શકાય તો તે સમગ્ર શકયતાઓ તપાસવી જોઈએ જે આયોજનમાં ઉપયોગી થઈ શકે.

(૪) વિસ્તારના લોકોની લઘુતમ આવશ્યકતાઓની પૂર્તિ થવી જ જોઈએ. રોજી, રોટી અને મકાન, પીવાનું પાણી, સ્વાસ્થ્ય અને તેને માટેની સેવાઓ, શિક્ષણ (ખાસ કરીને સ્ત્રીઓમાં) અને રોજિંદી જરુરિયાતોનો પુરવઠો આટલું મળવું જોઈએ.

જયારે લઘુતમ જરુરિયાતો માટેની આંકડાકીય માહિતી જોઈએ તો કેટલાક ગામોમાં નળ, વિજળી, પીવાની વ્યવસ્થા દેખાય પણ તે વ્યવસ્થા માત્ર ગામઠાણમાંજ હોય પણ આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં ન હોય, જેમકે પોકેટના ગામોમાં મોરામાં નળ વિજળી ની વ્યવસ્થા હોવા છતાં આદિવાસી વિસ્તારોમાં નથી. તેમાંથી છૂટાછવાયા વિસ્તારો હોવાને કારણે પીવાના પાણી માટે હેન્ડપંપ કે કૂવો જયાં હોય ત્યાંથી ઘરો ઘણા દૂરના અંતરે હોય તેમાંય ચોમાસામાં દૂરના ઘરો માટે તે કૂવાનો ઉપયોગ પણ મુશ્કેલ હોય તેમજ ભાગ્યેજ કોઈ આદિવાસીના ઘરમાં વિજળી હોય એટલે માત્ર ગામની જરુરિયાતોની આંકડાકિય માહિતીથી વિકાસ સંપૂર્ણ થયો છે કે દરેકને જરુરિયાત મળી ગઈ છે તેવું હોતું નથી કારણ કે બિનઆદિવાસી-આદિવાસીઓનો વસવાટ સાથે હોવાથી તે આવશ્યક જરુરિયાતો આદિવાસીઓ સુધી કેટલી પહોંચી છે તે જોવું જોઈએ.

(૫) આની પૂર્તિ માટે પાયાની જરુરી સામાજિક આર્થિક સંસ્થાઓની રચના ( અથવા વર્તમાન સંસ્થાઓની પુનર્રચના) થવી જોઈએ.

...૧૦૩..

(૬) જે ગરીબમાં ગરીબ છે તેના વિકાસને અગ્રિમતા આપવી જોઈએ.

આગળ ચાર નંબરમાં જોયું કે જે આદિવાસીઓ છે તેમાંય ગરીબમાં ગરીબ છે કે મોટાભાગની આવશ્યક જરુરિયાતો તેમના સુધી પહોંચતી નથી જે મોરા પોકેટમાં પણ જોવા મળી છે તો આવી જરુરિયાતો દરેકને પહોંચે તેવું આયોજન જરુરી છે.

(૭) શોષણની વ્યવસ્થા બંધ થવી જોઈએ.

(૮) આદિવાસીઓની સહભાગિતાથી આયોજન સફળ બનશે. પહેલીથી છેલ્લે સુધી એમનેજ મોખરે રાખવા જોઈએ.

(૯) એમને સંગઠિત કરવા જરુરી છે, એમની સ્થાનિક

જાગૃતિ માટે એમના સંગઠનો પણ જરુરિ છે જેને પરિણામે શોષણ સામે પણ અવાજ ઉઠાવી શકે તેમજ પોતાની સમસ્યાઓને સમજી વિકાસ માટે તૈયાર થઇ શકે તેમજ રજૂઆતો કરી શકે.

(૧૦) આયોજનમાં વિભાગાનીર્યત અને આંતરવિભાગીય અગ્રિમતાઓ હોવી જોઈએ. ( દા.ત. રોજગારી લવિ બહાર અને લવિની અંદરમાં અગ્રિમતા નકકી કરવી, ખેતી વિરુધ્ધ ઉદ્યોગમાં અગ્રિમતા કોને ?

મોરા નવ લઘુવિસ્તારના મોટાભાગના કુટુંબો મજૂરી માટે ખેડા, વડોદરા, અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જાય છે. તો જયાં જતા હોય તે વિસ્તારોને પણ ધ્યાનમાં રાખી આયોજનમાં તેઓ જયાં હોય ત્યાં તેનો લાભ લઈ શકે તે ધ્યાનમાં રાખવું જરુરિ બને છે. દા.ત. ખેતમજૂરી કરવા જતાં કુટુંબો પોતાના બાળકો સાથે જાય છે જેને પરિણામે આ બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. તો જયાં જાય છે ત્યાં શાળાઓમાં છૂટછાટ આપી તેમને દાખલ કરે અથવા મોટી મજૂર વસાહતોમાં શિક્ષકો રાખી શિક્ષણ અપાય તો તેનો લાભ લઈ શકે વગેરે.

(૧૧) લાંબાગાળાની મદદ હોવી જોઈએ. એક વખત મદદ કરી હોય અને થોડો વખત આવક વધે તેના કરતાં હંમેશને માટે ગરીબીને દૂર કરી દેવાય તેવો અભિગમ વધુ શ્રેયકર છે. એ બે વચ્ચેનો ભેદ સમજી તેવા

...૧૦૪..

જરુરી છે. આયોજન કાર્યક્રમો પણ તે પ્રમાણે ગોઠવવા જોઈએ.

(૧૨) લોકોમાં સ્વાયત્તતા આવે તથા ધીરેલાં નાણાં પાછાં આપવાની ઇચ્છા અને સામર્થ્ય આવે એ જરુરી છે. આયોજનને લઈને લોકોમાં ઉત્પાદક અસ્કયામતો ઉભી થવી જોઈએ.

અનેક પ્રકારની યોજનાઓનો લાભ મેળવે પણ એ યોજનાઓ ધ્વારા મેળવેલ પૈસા પાછા આપી શકે તેવું સામર્થ્ય થાય તે એટલુજ મહત્વનું છે. તે માટે જે આયોજન થાય તેમાં આ બાબત પણ ધ્યાન રાખવી જરુરી છે. દા.ત. આદિવાસી વિસ્તારમાં જેને ભેંસ આપી હોય તે ભેંસ ને લીલો ઘાસચારો ખવડાવવાની તેની ક્ષમતા, પશુને બરાબર રાખવાની ક્ષમતા, તેનું દૂધ શહેર સુધી પહોંચાડવાની વ્યવસ્થા (મંડળી) હોય તો પૈસા પાછા મેળવી શકાય પણ તેના ઉત્પાદીત માલના પૈસા તેને ન મળે તો તેનો આર્થિક આધાર તેના અને ધીરનાર બન્ને માટે નકામો બને છે. આજ રીતે મરઘાં ઉછેર, મત્સ્ય ઉદ્યોગ વગેરે.

(૧૩) લઘુ આયોજન રાષ્ટ્ર, રાજય અને પ્રાયોજના વિસ્તાર આયોજનનો એક અભિન્ન ભાગ હોવો જોઈએ.

(૧૪) પંચવર્ષીય યોજનામાં જે ધનરાશિ પ્રાપ્ત થાય છે તેના સંદર્ભમાંજ આયોજન થવું જરુરિ છે.

(૧૫) આયોજનમાં અવરોધો શોધી તેમને અટકાયવવા જોઈએ.

(૧૬) આયોજનની સાથે સંશોધન અને મૂલ્યાંકન પણ આપવાં જોઈએ.

૨. <u>હેતુઓ</u> :

ઉપરના સિધ્ધાંતોમાંથી લઘુ આયોજનના હેતુઓ સ્પષ્ટ થાયછે દા.ત.

(૧) લોકોના જીવનની ગુણવત્તા વધારવા માટે આયોજન છે. માત્ર આર્થિક વિકાસજ નહીં પણ તેમનાં સાંસ્કૃતિક અને સામાજિક પાસાઓ ઝળકી ઉઠે અને તેમની પ્રત્યેક વ્યક્તિનું અંતર વિકસિત થાય, તે નિરલસ અને કાર્ય માટે ઉદ્યત બને એને બધા સાથે મુકત થાય.

...૧૦૫..

(૨) કમસે કમ ૫૦% પરિવારો ગરીબીની રેખા ઉપર લાવવાના છે.

(૩) પાયાની સવલતો એમને પહોંચાડવાની છે.

(૪) સ્ત્રી શિક્ષણ વધારવાનું છે. (સામાન્ય પ્રજાનું શિક્ષણ વધરો તોજ એ વધશે.)

પ્રૌઢ શિક્ષણ શરૂ કરી પ્રૌઢોને લખતાં વાંચતાં, નવું સમજતાં શીખવવાનું છે, વગેરે.

## પ્રકરણ - ૬

## આયોજન માટેના સૂચનો

પંચમહાલ જિલ્લામાં બે લઘુવિસ્તારો આવેલા છે. એક લઘુ-વિસ્તાર મોરા જે ગોધરા તાલુકામાં પ્રાયોજના વિસ્તાર હેઠળના તાલુકાઓની સરહદે આવેલો છે, જ્યારે બીજો લઘુવિસ્તાર 'કાલોલ' તાલુકામાં આવેલ છે. મોરા લઘુવિસ્તારમાં એકવીસ ગામો છે. આ બન્ને લઘુવિસ્તારોની વહીવટી વ્યવસ્થા તાલુકા પંચાયતો પાસે છે. જેથી તેનો વહીવટ તાલુકા કક્ષાએ ગોઠવાયેલ છે. જે સીધા તાલુકા વિકાસ અધિકારીના વહીવટ તળે આવે છે. તો આ વિસ્તારોને લઘુવિસ્તાર તરીકે જાહેર કર્યા છે તો જ્યાં જ્યાં આવા લઘુવિસ્તારો હોય ત્યાં તેને માટેનો એક વહીવટી અધિકારી અલગ નિમવામાં આવે તો તેની કામગીરી ઝડપથી થઈ શકે અને અલાયદી રીતે તેના ઉપર ભાર મૂકી વિકાસ કાર્યમાં પણ ઝડપ આવી શકે.

'મોરા' લઘુવિસ્તારની વિગતો ઊંડાણથી આગળના પ્રકરણોમાં જોઈ ગયા છીએ. આ વિસ્તાર ડુંગરાળ પથ્થરોવાળી જમીનોવાળો તેમજ વનરાજી સિવાયનો જંગલવિસ્તાર છે. તો અહીંની ભૌગોલિક પરિસ્થિતિ અને તત્કાલીન આર્થિક માળખાને ધ્યાનમાં રાખી ભાવી વિકાસના કાર્યક્રમો વિષે વિચાર કરી શકાય.

**આર્થિક વિકાસ :**

જે કંઈ કાર્યક્રમો હાથધરવામાં આવે તેમાં ખાસ કરીને જે કુટુંબોને સહાય કરવામાં આવે તે કુટુંબો ગરીબી રેખાની ઉપર આવી જાય તેવા કાર્યક્રમોને અગ્રતા આપવી જોઈએ. કારણ કે જે કુટુંબોને આવરી લેવામાં આવે તેમને લાંબાગાળાની યોજનાઓ અપાયતો તે ગરીબીની રેખા ઓળંગી જાય, તેમાં ખાસ કરીને ઉત્પાદનલક્ષી કાર્યક્રમો પર વધુભાર દેવામાં આવે તો તેના ધાર્યા પરિણામો આવી શકે. ક્ષેત્રકાર્યને આધારે આ વિસ્તારમાં શું કરવા જેવું લાગે છે તે એના સૂચનો અહીં મૂકવામાં આવ્યા છે.

**આર્થિક વિકાસ માટે :**

**પૂરું :** અહીંના ભીલો મુખ્યત્વે ખેતમજૂરી પર આધારીત છે. પોતાના ગામમાં ખેતીની થોડીપણી જમીન ધરાવે છે. પણ આ જમીન તેઓના

..૧૦૭..

કુટુંબનું પોષણ કરવા શક્તિમાન નથી. જેને પરિણામે ખેતમજૂરી માટે અન્ય વિસ્તારોમાં ચાલ્યા જાય છે, પણ જયારે આવે ત્યારે તેમના રહેઠાણની મોટી સમસ્યાઓ છે. કારણકે આ વિસ્તારમાં લાકડું મળતું નથી મળે તો ઘણું મોંઘુ પડે છે એટલે નવું ઘર બાંધવું હોય તો સામાન્ય વ્યક્તિ માટે ઘણું મુશ્કેલ છે. જેથી ઘણા ઘરોમાં તો પુત્રો અલગ રહયા હોય તો એકજ ઘરમાં જુદા જુદા ચુલા બનાવીને રહે છે. અને જમીનનો પણ પ્રશ્ન છે કારક કે મોટાભાગના પોતાની ખેતીની જમીનમાં ઘર બાંધે છે. પણ જેમ વસ્તી વધતી જાય તેમ ખેતીની જમીનનો પણ ઘરમાં ચાલી જાયતો આ માટે ગામમાં ગૌચા કે ખરાબાની પડતર જમીનો ઉંચાણવાળી હોય તેવી જમીનોમાં પ્લોટ આપી આર્થિક સહાય કરવામાં આવે તો પોતાનું આગવું ઘર બાંધી શકે. આ સિવાય જેમની પાસે ઘર છે તેમને 'નળિયાં' લાવવાની પણ મુશ્કેલી છે. તો એવા જરુરિયાતવાળા કુટુંબોને નળિયાં આપી ચાનું ઘર ઢાંકી શકાય તેવી રીતે મદદ કરવામાં આવે તો ઘરના પ્રશ્નો હળવા બને.

<u>વિજળીકરણ</u> :

લઘુવિસ્તારમાં મોટેભાગે આદિવાસી બિનઆદિવાસીઓનો ભેગો વસવાટ છે. આમાં વિજળી ગામમાં હોય અને આંકડાકિયરીતે વિજળીકરણવાળાં ગામોની સંખ્યા બોલતી હોય છતાં આદિવાસીઓના ઘરોમાં વિજળી જોવા મળતી નથી. કેટલાક ગામોમાંતો પચાયતની બત્તીના થાંભલા બિઆદિવાસીઓ રહેતા હોય ત્યાંજ હોય આદિવાસી વિસ્તારવાળાં ફળિયામાં જોવા મળે નહીં તો આદિવાસીઓના ફળિયાં અને ઘરોને વિજળી કરણથી જોડવામાં આવે તો વધુ ઉચીત બને. જો કે આદિવાસીઓના ઘરો છૂટા છવાયાં છે પણ જયાં ઝુમખામાં ઘરો હોય ત્યાં લાઈટની વ્યવસ્થા થઈ શકે, અને ઘરમાં વિજળી લેવાવાળાને પ્રથમ સહાય કરવામાં આવે તો તે વિજળી લઈ શકે. આ ઉપરાંત કૂવા માટે વિજળીની જરુર હોય ત્યાં આપવામાં આવે તો આર્થિક ઉત્પાદનના કાર્યક્રમમાં તે કુટુંબો પગભર થઈ શકે કારણકે કુવા પર મોટર હોય તો તે ધ્વારા સિંચાઈ કરી પોતાનો પાક લઈ શકે.

<u>પાણીની વ્યવસ્થા</u> :

પ્રથમ પીવાના માટેના પાણીની વ્યવસ્થાએ અગ્રિમ જરુરીયાતછે. કારણ કે આદિવાસી વિસ્તારો છૂટા છવાયા છે, છતાં જયાં હેડ પંપ કે

... ૧૦૮..

કૂવા જ્યાં કરવામાં આવે ત્યાં વધુમાં વધુ વ્યક્તિઓ તેનો લાભ લઈ શકે તેને ધ્યાનમાં રાખવું જોઈએ. કેટલીક જગ્યાએ આગેવાન હોય અને રાજકીય વગ ધરાવનાર લોકો આવા લાભો લઈ જાય છે. કે જેમને ઓછામાં ઓછી જરૂર હોય છે અને ઓછા લોકોને લાભ મળે છે તો આવા ~~XXXX~~ લાભ વધુ સંખ્યામાં મળે તેવા સ્થળે જાહેર કૂવા કે હેન્ડપંપ મુકવા જોઈએ, આવું ક્ષેત્રકાર્યમાં કેટલાક ગામોમાં જોવા મળ્યું છે. આ હજુ પણ કેટલાક ગામોમાં કેટલાક કુળિયાવાળા નદી કે ખાડીનું પાણી લાવીને પીવે છે તો તેમને પણ પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તેવી વ્યવસ્થાને અગ્રીમતા આપવી જોઈએ.

સિંચાઈ માટે :

આ વિસ્તાર ઓછા વારસાદવાળો છે અને બે ત્રણ વર્ષે એકાદ દુષ્કાળ પડતો હોય છે. જમીનો સપાટ નથી તો આ માટે નદી, નાળા કે ખાડીઓને થોડેક થોડેક અંતરે બાંધી ચેક કરતાં અનેક ચેકડેમો બાંધવામાં આવે તો આમાંથી લીફ્ટ ઈરીગેશન થઈ શકે અને શિયાળુ પાક લઈ શકે તેમજ ઓછા વરસાદમાં પોતાના પાકને બચાવી પણ શકે. આ સિવાય જ્યાં બંધો બાંધવામાં આવ્યા છે તેની આસપાસની જમીનોને પણ પાણી મળે તે માટે આ બંધોમાંથી પાણી પંપો દ્વારા લીફ્ટ કરી આપવામાં આવે તો જેમની જમીનો બંધમાં ગઈ છે તેવાઓને આ બંધના પાણીનો લાભ મળી શકે. કૂવા જ્યાં ઉંડા કરવાની જરુરિયાત જણાય ત્યાં ઉંડા કરવા અને નવા કૂવા કરવા સહાય કરી વ્યક્તિગત અને સામૂહિક સિંચાઈના સાધનો ઉભા કરવામાં આવે તો ખેત મજૂરીએ જનાર કુટુંબ પોતાની જમીનમાં ધાર્યું ઉત્પાદન લઈ શકે.

જમીન :

આ વિસ્તારની જમીનો સપાટ નથી, ઢોળાવવાળી અને પથ્થરોવાળી છે તો તેને પાળાબંધી સરખી કરવામાં આવે તો દર વર્ષે જે જમીનનું ધોવાણ થાય છે તે અટકાવી શકાય. જમીનો સમતલ કરવા પુરેપુરી આર્થિક સહાય કરવામાં આવે તો જેમની પાસે જે થોડીઘણી જમીનો છે તેને સરખી કરી તેમાં સારી ખેતી કરી શકે.

...૧૦૯..

<u>ખેતી માટે</u> :

(અ) જમીન ધરાવતા હોવા છતાં અન્ય જગ્યાએ ખેતમજૂરીનું કામ કરે છે. બીજાની ખેતી સારી કરી શકનાર પોતાની ખેતી સારી કરતા નથી, તેમને પોતાની જમીન તરફ પ્રેમ કે ઉત્સાહ નથી. તેઓ કહે છે કે અમારી પાસે સરખી જમીન નથી, સિંચાઈના સાધનો નથી, બળદ નથી, સારું બિયારણ નથી, ખેતીના પુરતાં ઓજારો નથી, અને પૈસા પણ નથી તો આ તેમની માગણીઓને ધ્યાનમાં લઈ ખેતી કરવા માટેનાં પુરક સાધનો અને યોગ્યસમયે બિયારણ, ખાતર, અને પૈસા મળે તેવું વ્યવસ્થા તંત્ર ગોઠવાયતો પોતાની જમીનમાં રસ લઈ ખેતી કરી પોતાના કુટુંબનો જીવન નિર્વાહ કરી શકે અનેતેને બીજા ઉપર આધાર રાખવો ન પડે, ખાસ તો તેને જ્યારે પૈસાની કે વસ્તુની જરુરિયાત હોય તે સમયે જ મળે તેવી લાગણી મોટાભાગનાની હોય છે. સીઝન ગયાબાદ મળે તેનો કઈ અર્થ નથી, માટે યોગ્ય વ્યવસ્થા તંત્ર ગોઠવાય તો જરુરીયાત પ્રમાણે સહેલાઇથી ખેતી માટેના સાધનો તેમજ મૂડી પ્રાપ્ત કરી શકે.

(બ) આ વિસ્તારના ભીલો ખેતી સારી કરી શકે છે પણ પોતાનાજ ઘરની ખેતી સારી કરી શકે તે માટે તેમને માનસિક રીતે તૈયાર કરવા માટે પ્રચાર, તાલીમવર્ગો, શિબિરો, નિદર્શનો વગેરે કરવામાં આવે તો ધીરે ધીરે પોતાની જમીનમાં રસ લેતા થાય. આ ઉપરાંત પરંપરાગત પાકોની જગ્યાએ નવા નવા પાકો ઉગાડવાની દિશામાં લઈ જવામાં આવે જેમાં રોકડીયા પાકો તો તેઓને આર્થિક ફાયદો દેખાતાં ખેતી તરફ વળશે.

<u>ઔદ્યોગિક કાર્યક્રમો</u> :

(અ) આ વિસ્તારમાં પથ્થરોનું પ્રમાણ ઘણું છે તો પથ્થરો પર આધારિત ઉદ્યોગ ધંધા કરવામાં આવે તો રોજી મેળવી શકે. ક્વોરી, સિમેન્ટ વગેરે પથ્થર પર આધારિત કારખાનાં કરવામાં આવે તે આ લોકો સારી એવી રોજી પ્રાપ્ત કરી શકે કારણ કે ખડતલ શરીર ધરાવતા અને સખત મજૂરીનું કામ કરવા વાળા છે જેથી સારુ કામ કરી રોજી મેળવી શકે.

(બ) ઈટઉદ્યોગ : ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક કુટુંબો ઈટોની કામગીરી માટે રસ બતાવ્યો હતો અને તેમનું કહેવું છે કે આ માટે સહાય કરવામાં આવે તો ઈટો પાડનાર તૈયાર થાય અને મોટાપાયે ઈટ ઉત્પાદનનું કાર્ય કરે તો તેમાંથી ઘણાને રોજી મેળવી શકે.

મરઘાં અને મત્સ્ય ઉદ્યોગ :

આ વિસ્તારમાં મોટા મોટા બંધોને કારણે જે જળાગારો બનાવવામાં આવ્યા છે તેમાંથી અત્યારે માછલાં પકડવામાં આવે છે પણ સરકાર દ્વારા જે ખરીદવામાં આવે છે તેના કરતાં આના વ્યાપારીઓ વધુ ભાવ આપે છે, તો આ માટે સહકારી મંડળીઓ ઉભી કરી માછલી પકડનારને હોળીઓ, જાળ તેમજ જરૂરિયાતનાં સાધનો પુરાં પાડવાં જોઈએ તેમજ માછલી એકત્ર થાય ત્યાં કોલ્ડસ્ટોરેજ કરી, આસપાસના માછલી પકડનારાઓ પાસેથી માછલી લેવામાં આવે વ્યાજબી ભાવ આપતાં આ કામ ખૂબ સારું થઈ શકે તેમ છે અને આ ધંધામાં ઘણાં કુટુંબો રોજી પ્રાપ્ત કરી શકે તેમ છે. જેથી ખેતમજૂરી માટે અન્ય વિસ્તારોમાં જાય છે તેને રોકી શકાય. ઘરઆંગણે માછલી પકડવા માટેના સાધનો પુરાં પાડી યોગ્ય રોજી મેળવી શકે તેવા પ્રયત્નો વધુ સારી રીતે કરવામાં આવે તો વધુ ઉચીત બને.

મરઘાં ઉછેર કેન્દ્રો કરતાં સહકારી ધોરણે દરેકના ઘેર પાંચ-દશ મરઘાનું એકમ બનાવી આપવામાં આવે અને સહકારી મંડળી દ્વારા તેના ઈંડાનું એકત્રીકરણ કરવામાં આવે તો તેના માલના પૈસા તેને વ્યાજબી મળી શકે, આમતો મરઘાં રાખવાની તેમને ટેવ છેજ પણ આ કાર્યક્રમને વધુ વ્યવસ્થિત કરવામાં આવે તો વધુ સારી રીતે કરી શકે. આવા પ્રયોગો દક્ષિણ ગુજરાતમાં સામુહીક અને વ્યકિતગત ધોરણે કરવામાં આવ્યા છે.

દૂધાળાઢોર :

ભીલો મુખ્યત્વે ખેતમજૂરી પર આધારિત હોવાથી મોટાભાગના તેમની મુલાકાતમાં જણાવતા હતા કે અમારે ભેંસ નથી જોઈતી કારણ કે વર્ષનો મોટો ભાગતો બહાર મજૂરી માટે જાય તેમજ ઢોરને શું ખવડાવે,

...૧૧૧..

તો કેટલાક કુટુંબો ના પાડે છે તો કેટલાક સારી જમીનો ધરાવતા કુટુંબો દૂધાળાઢોર માટે હા પાડે છે. તો આમાં જે કુટુંબને જરુરિયાત હોય અને તે ઢોરને રાખી શકે તેમ હોય, ઘાસચારાની વ્યવસ્થા હોય તેમજ દૂધમંડળી હોય અને તેનું દૂધ દરરોજ ભરી શકાય તેમ હોયતોજ લોન આપવી તે સિવાય ઢોરો આપવામાં આવશે તો માત્ર દેવાદાર જ બને છે અને તેના બદલે બીજાઓજ ફાયદો લઈ જશે, કેટલાકનું કહેવું છે કે 'બકરાં' આપવામાં આવે તો ઘાસચારોનો મોટો પ્રશ્ન રહે જ નહી. સાથે સાથે સારી ઓલાદની ગાયો આપવામાં આવે તો ખેતી માટેના બળદો પણ તેમાંથી પ્રાપ્ત કરી શકે, તો આ માટે ગાય અને બકરાં વધુ યોગ્ય છે,તેમાં પણ જે કરી શકે તેમ હોય તેને આપવાં જોઈએ.

ધંધા સાથે સુસંગત હોય તેવાને જે તે કાર્યક્રમમાં આવરી લેવામાં આવે તો તેની પુરેપુરી સફળતા મળે.

<u>ધંધાદારી તાલીમ</u> :

આ વિસ્તારનો મોટો પ્રશ્ન છે ખેતમજૂરી તરફ અન્ય વિસ્તારોમાં જતા રોકવાનો, તેમાંથી યુવાનવર્ગ જે રીતે શિક્ષણથી વંચીત રહી ખેતમજૂરી તરફ ધસડાય છે તો તેમને રોકવા માટે આવા યુવાનો અને યુવતીઓને ધંધાદારી તાલીમ આપવી જોઈએ. આ તાલીમવર્ગો ચલાવી માત્ર તાલીમાર્થીઓની સંખ્યાના આંકડાઓથી તોષ નહી માનતાં આ તાલીમાર્થીઓને ધંધાના સાધનો પુરા પાડી તે ધંધા સારી રીતે કરી રોજી મેળવે તે વધુ આવશ્યક છે. માટે તાલીમાર્થીએ તાલીમ લીધા પછી તે ધંધા માટેના જેટલાં અને જે સાધનો હોય તે તેને પુરા પાડવા જોઈએ તોજ તાલીમનો અર્થ સરે. આવી તાલીમોમાં ખાસ કરીને સીવણ, સુથારી, લુહારી, કડિયાકામ, ડ્રાયવર, મોટરરીવાઈડીંગ, મોટર મીકેનીક, ઈલેક્ટ્રીક ફીટીંગ્સ, સાયકલ રીપેરીંગ, ટ્રેક્ટર રીપેરીંગ, વગેરે ધંધાદારી તાલીમો આપી આ ધંધાઓ કરવા પ્રોત્સાહીત કરવો જોઈએ તેમજ તે અંગેના સાધનો આપવાથી તે પગભર બની શકેશે અને તાલીમનો અર્થ પણ સરે છે.

આરોગ્ય વિષયક :

આરોગ્યની દ્રષ્ટિએ અનેક પ્રકારના રોગોના ભોગ બને છે. તેમાંય ખાસ કરીને ખેતમજૂરી કરવા વાળા વર્ગને સખત મહેનત મજૂરી કરવાની હોવાથી અને ગમે ત્યાં રહેવાનું હોવાથી તેમજ મજૂરી કરવા જાય ત્યાં ગંદા વસવાટોમાં પણ રહેવું પડતું હોવાથી લાંબો ગાળે જીવલેણ રોગોના ભોગ પણ બને છે. આ ઉપરાંત ચામડીના રોગો પણ ઘણા જોવા મળે છે કારણકે ખાડીનાં પાણી પીવાથી તેમજ અત્યંત ગરીબીમાં જીવતાં હોવાથી અપૂરતો ખોરાક ખાવાથી વિટામીનોનો અભાવ હોય છે. રોગોના ભોગ બનેલ પરંપરાગત ભૂવા-ભગતોના ઉપચારો કરે છે. જેમાં કેટલાક રોગો જીવલેણ પણ નીવડે છે તો તે માટે કરતા દવાખાનાની સગવડો પુરી પાડવી જોઇએ તે ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પૂરેપૂરો ઉપયોગ કરતા થાય તે માટે પ્રચાર અને પ્રસાર જરૂરી છે. કારણકે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પણ મોટાભાગના ઉપયોગ કરતા નથી. અને આ આરોગ્ય કેન્દ્ર વધુ કાર્યક્ષમ બને તેમજ આસપાસના વિસ્તારોમાં રોગ થયા પછી નહીં પણ રોગો થયા નહીં તેના પ્રાથમિક પગલાં પણ ભરે તો આ સમસ્યા હલ થઈ શકે.

વૃધ્ધાવસ્થા :

ખાસકરીને આ વિસ્તારમાં ખેતમજૂરીનું કામ કરનાર વ્યકિતઓ મોટી ઉંમરે નિસહાયતા ભોગવે છે. કારણ કે પુત્રો અલગ થઈ ગયા હોય . પોતાનું આજીવિકાનું કોઈ આધીન ન હોય તો પાછલી જીંદગીમાં એકતો અશકિતને કારણે કામ કરી શકે નહીં રોગોના ભોગ પણ બન્યા હોય તો આવા વૃધ્ધોની દશા ખૂબજ કરુણ હોય છે. તો આવા અસહાય વૃધ્ધોને પેન્શન યોજના નીચે આવરી લેવાંમાં આવે તો નિસહાય દશામાંથી બહાર આવી શકે. મોટાભાગના વર્ગનો તો સરકારી યોજનાઓનો ખ્યાલ પણ હોતો નથી, તો આ માટે સરકારીની વિવિધ યોજનાઓનો ખ્યાલ મળે તે માટે તાલીમ વર્ગો કે શીબીરો યોજી વિવિધ યોજનાઓનો ખ્યાલ મળે તે વધુ જરુરી છે જેને પરિણામે આવી કોઇપણ યોજના હોયતો તેનો લાભ જયારે જાઇતો હોય ત્યારે લઈ શકે.

...૧૧૩..

**શૈક્ષણિક :**

આ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ કેવું છે તે આગળના પ્રકરણમાં જોયું કે અશિક્ષિતોનું પ્રમાણ ઘણું મોટું છે તેમજ શિક્ષણ લેવા યોગ્ય બાળકો પણ શિક્ષણથી વંચિત રહી જાય છે અને ખેતમજૂરોમાં જોડાઈ જાય છે. કારણકે ખેતમજૂરી સાથે જોડાયેલ આ બધા કુટુંબો અન્ય વિસ્તારોમાં ખેતમજૂરી કરવા જાય ત્યારે કુટુંબ સાથે જાય છે. તેમાં સાથે બાળકોને પણ લઈ જાય છે જે નિશાળે જઈ શકતા નથી, તો આ માટે આશ્રમશાળાઓ વધુ ખોલવી જોઈએ જેથી પોતાના બાળકોને આશ્રમશાળામાં મૂકી ગમે ત્યાં ખેતમજૂરી માટે જઈ શકે. આ ઉપરાંત આ કુટુંબો જ્યાં જેટલા દિવસ ખેતમજૂરી માટે જતાં હોય ત્યાં તે વિસ્તારમાં આ બાળકો ત્યાંની નિશાળોમાં જઈ શિક્ષણ લઈ શકે કારણકે બેત્રણ માસ માટે રહેતાં આવા બાળકોને ત્યાં થોડાક સમય માટે પણ રાખવામાં આવે તે ઉપરાંત શિક્ષકો આવી મજૂર વસાહતોમાં જઈ સાંજે બાળકોને શિક્ષણ આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ ઉપરાંત પ્રૌઢશિક્ષણના કાર્યક્રમો દ્વારા આવા અશિક્ષિતોને શિક્ષિત કરવામાં આવે તો તેમને ઘણું ઉપયોગી નીવડે.

**સાંસ્કૃતિક :**

આદિવાસી સમાજનું જીવન ધમકતું રાખવું હોય તો તેની સંસ્કૃતિ પ્રત્યેનું ગૌરવ કાયમ જળવાઈ રહે તે આવશ્યક છે. આ માટે તેના લોકગીતો, નૃત્યો, સજીવન રહે તે માટે મેળાવડા યોજી ઈનામો આપી બિરદાવવા જોઈએ જેથી પોતાની સંસ્કૃતિને ધબકતી રાખી ગૌરવભેર જીવી શકે.

**મજૂરી કરવા જતાં વિસ્તારોમાં કાર્યક્રમો :**

જ્યાં મજૂરી જાય છે ત્યાં બદતર હાલમાં જીવે છે. ગમેતેવા ગંદા વસવાટોમાં જીવે છે અથવા ગમેતેવી ખુલ્લી જગ્યાએ પણ આકાશનીચે પડયા રહે છે. તો જ્યાં કાયમી મજૂરી કરવા જતાં હોય તેવા વિસ્તારોમાં વ્યવસ્થિત શ્રમિકાલયોની વ્યવસ્થા થાય તો ત્યાં આરામથી રાત કાઢી શકે અને ચોમાસા, શિયાળા કે ઉનાળામાં ચિંતા સિવાય રહી શકે.

મજૂરી પણ પોતાના વિસ્તારમાં કે અન્ય વિસ્તારમાં પૂરતી મળતી નથી તો લઘુત્તમ વેતન મેળવી શકે તે માટેના કાનુનો હોવા છતાં મેળવી શકતો નથી માટે તે જાગૃત બને અને લઘુત્તમ વેતન માટેનો આગ્રહ રાખતો થાય. આ શિવાય આવું શોષણ અટકે તે માટેના પ્રયત્નો સઘન કરવા આવશ્યક બને છે. કારણકે આટલી મોંઘવારીમાં પણ કેટલાક વિસ્તારોમાં પુરતી રોજી મેળવી શકતો નથી અથવા પહેલાં ખેતમાલિકો પૈસા આપી ઓછા પૈસામાં મજૂરી કરાવે છે.

<u>વહીવટી માળખું :</u>

લઘુવિસ્તારો માટે છેક તાલુકા સુધી તેને જવું ન પડે પણ પોતાના લઘુવિસ્તારોમાંજ એકકાર્યાલય શરુ કરી એક અધિકારી રહે તો તેના ધ્વારા યોગ્ય માર્ગદર્શન તેને મળી રહે તો આ માટે લઘુવિસ્તારોનું વહીવટી તંત્ર જાુદુ ઉભી કરી શકાય કે તે માટેના અધિકારીઓ અલગ રાખી તેજ જવાબદારી સંભાળે તો લઘુવિસ્તારોનો વિકાસ ઝડપી થઈ શકે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

આદિવાસી પોકેટ વિસ્તારનું આયોજન

કુટુંબપત્રક

ગામ :  પત્રક ભરનારનું નામ :

તાલુકો :  તારીખ :

જિલ્લો :  ઘર નંબર :

---

(૧) કુટુંબની સામાન્ય માહિતી

૧. કુટુંબના વડાનું નામ :

૨. જાતિ / જ્ઞાતિ :

૩. મુખ્ય ધંધો :

૪. ગૌણ ધંધો :

૫. મકાનનો પ્રકાર : કાચું / પાકું :

૬. મકાનનું કુલ ક્ષેત્રફળ :

૭. ઓરડાની સંખ્યા :

૮. દીવાલનો પ્રકાર :

૯. છાપરાનો પ્રકાર :

૧૦. મકાન પોતાની માલિકીની જમીનમાં છે ? હા / ના

જો 'ના' તો કોની જમીનમાં છે ?

જમીન બીજાની હોય તો શું આપવું પડે છે ?

૧૧. પશુ માટેની છાપરી સાથે છે ? હા / ના

૧૨. ભાડાના મકાનમાં રહો છો ? હા / ના

૧૩. જો 'હા' તો માસિક ભાડું જણાવો

(૩) મિલકત
૧. અ. કુલ જમીન
૧. બ. જમીનની
૧. ક. તમારી
જો 'હા'
૨. મકાન

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | મકાન |
| ૨. | વાડો |

૩. પશુધન

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | ગાયો |
| ૨. | ભેંસો |
| ૩. | બકરાં |
| ૪. | ઊંટ |
| ૫. | વાછરડાં |
| ૬. | વાછરડી |
| ૭. | મરઘાં |
| ૮. | અન્ય |
| ૯. | કુલ |

(૨) કુટુંબના સભ્યોની માહિતી

| ક્રમ | નામ | કુટુંબના વડા સાથે સંબંધ | જાતિ પુરુષ / સ્ત્રી | ઉંમર | વૈવાહિક દરજ્જો | મુખ્ય ધંધો | ગૌણ ધંધો | કમાય છે ? હા | કમાય છે ? ના | 'હા'નો દૈનિક માસિક વેતન | શિક્ષણ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | |

(૩) મિલકત

૧. અ. કુલ જમીન (એકરમાં) પિયત : બિનપિયત :

૧. બ. જમીનની કુલ કિંમત :

૧. ક. તમારી જમીન ગીરો, વેચાણ આપી છે ? હા / ના

જો 'હા' તો કોને અને કયારે ?

૨. મકાન અને અન્ય સ્થાવર મિલકત :

| અ.નં. | વિગત | | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|---|
| ૧. | મકાન | | | |
| ૨. | વૃક્ષો | ૧. મહુડા | | |
| | | ૨. આંબા | | |
| | | ૩. ખજૂરી / તાડી | | |
| | | ૪. સાગ | | |
| | | ૫. નીલગીરી/સુબાબુલ | | |
| | | ૬. અન્ય (વિગત આપો) | | |

૩. પશુધન તપાસ સમયે

| અ.નં. | વિગત | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|
| ૧. | ગાયો | | |
| ૨. | ભેંસો | | |
| ૩. | બકરાં, ઘેટાં | | |
| ૪. | બળદ | | |
| ૫. | વાછરડા | | |
| ૬. | વાછરડી | | |
| ૭. | મરઘાં | | |
| ૮. | અન્ય | | |
| ૯. | કુલ | | |

૪. પોતાની માલિકીના યંત્રો, ઓજારો, માલવાહક સાધનો

| ક્ર.નં. | વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૧. | હળ : લાકડાનું | | |
| ૨. | હળ : લોખંડનું | | |
| ૩. | કરબ | | |
| ૪. | સમાર | | |
| ૫. | વાવણિયો | | |
| ૬. | નાના ઓજારો | | |
| ૭. | ગાડું : લાકડાના પૈડાવાળું | | |
| ૮. | ગાડું : ટાયરના પૈડાવાળું | | |
| ૯. | કૂવો : કાચો / પાકો | | |
| ૧૦. | કોશ | | |
| ૧૧. | રહેંટ | | |
| ૧૨. | ઓઇલ એન્જીન | | |
| ૧૩. | ઇલેક્ટ્રીક મોટર | | |
| ૧૪. | ટ્રેક્ટર | | |
| ૧૫. | ટ્રેક્ટર ટોલી સાથે | | |
| ૧૬. | ખટારો | | |
| ૧૭. | અન્ય (વિગતો આપો) | | |

૫. ઘરવખરીના સાધનો

૧. રસોઇના અને અન્ય ઉપયોગ માટેના ઘરવપરાશના સાધનો

| વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|
| વાસણો અ. તાંબાના | | |
| બ. એલ્યુમિનિયમના | | |
| ક. પિત્તળના | | |
| ડ. સ્ટીલના | | |
| ઇ. માટીના | | |
| ફ. કાચના | | |
| છ. અન્ય | | |

૬.

| અ.નં. | |
|---|---|
| ૨. | ફર્નિચર |
| ૩. | સાયકલ |
| ૪. | ઘડિયા |
| ૫. | રેડિયો |
| ૬. | સીવવા |
| ૭. | માછલા |
| ૮. | શિકાર |
| ૯. | વાજિંત્ર |
| ૧૦. | ફાનસ, |
| ૧૧. | ટોપલા |
| ૧૨. | દળવા |
| ૧૩. | પ્રાયમસ |
| ૧૪. | પેટી |
| ૧૫. | બેટરી |
| ૧૬. | અન્ય |

૭. અન્ય અસ્કયામત

૧. રોકડ

૨. ઘરેણાં

૩. ઢોર અને

૪. લેણું

૫. બેન્ક બચત

૬. અન્ય

સ્થાવર મિલ્કત

૬.

| અ.નં. | વિગત | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૨. | ફરનિચર અ. ખાટલા | | |
| | બ. પલંગ લોખંડના/લાકડાના | | |
| | ક. ટેબલ, ટીપાઇ, ખુરશી | | |
| | ડ. અન્ય | | |
| ૩. | સાયકલ | | |
| ૪. | ઘડિયાળ | | |
| ૫. | રેડિયો | | |
| ૬. | સીવવાનો સંચો | | |
| ૭. | માછલાં પકડવાની જાળ | | |
| ૮. | શિકારનાં સાધનો | | |
| ૯. | વાજિંત્રો | | |
| ૧૦. | ફાનસ, ચીમની, પેટ્રોમેક્ષ | | |
| ૧૧. | ટોપલા, ટોપલીઓ | | |
| ૧૨. | દળવાની ઘંટી | | |
| ૧૩. | પ્રાયમસ | | |
| ૧૪. | પેટી | | |
| ૧૫. | બેટરી | | |
| ૧૬. | અન્ય | | |

૭. અન્ય અસ્કયામતો

૧. રોકડ

૨. ઘરેણાં અ. ચાંદીનાં કિંમત

બ. સોનાનાં કિંમત

ક. કલાઇનાં કિંમત

ડ. અન્ય કિંમત

૩. શેર અને અનામતો

૪. લેણું

૫. બેન્ક બેલેન્સ

૬. અન્ય

સ્થાવર તથા જંગમ મિલકતની કિંમત રૂ. (૧+૨+૩+૪+૫+૬+૭)

(૪) જુદા જુદા સાધનવાર વાર્ષિક આવક (રૂપિયામાં)

| અ.નં. | વિગત | કુલ આવક | કુલ ખર્ચ | ચોખ્ખી આવક | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી / ઘાસ | | | | |
| ૨. | પશુપાલન | | | | |
| ૩. | જંગલ મજૂરી | | | | |
| ૪. | ખેતમજૂરી | | | | |
| ૫. | નોકરીની આવક | | | | |
| | ગૃહઉદ્યોગ | | | | |
| | ધંધામાંથી આવક | | | | |
| | નફો, વ્યાજ | | | | |
| | દારૂમાંથી આવક | | | | |
| | તાડીની આવક | | | | |
| | અન્ય | | | | |
| | કુલ | | | | |

(૫) વપરાશી ખર્ચ : પ્રમાણ

| અ.નં. | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| ૧. | ખાધાખોરાકી પાછળ થતું ખર્ચ | | |
| ૨. | બળતણ વગેરે | | |
| ૩. | કપડાં, પગરખાં | | |
| ૪. | સામાજિક | | |
| ૫. | ધાર્મિક | | |
| ૬. | શૈક્ષણિક | | |
| ૭. | મોજશોખ, મનોરંજન | | |
| ૮. | દારૂ, બીડી, તાડી | | |
| ૯. | દવાનું વ્યાજ | | |
| ૧૦. | અન્ય | | |
| | કુલ | | |

(૬) દેવું : તમારે દેવું છે ? હા / ના જો 'હા' હોય તો નીચેની વિગત આપો

| ક્રમ | દેવું કોની પાસેથી લીધું છે ? | દેવાની રકમ | | | ક્યારે લીધેલ | દેવું કરવાનો હેતુ | વ્યાજનો દર | દેવું ભરપાઈ ન થવાનું કારણ | લોન પરત કઈ રીતે શરૂથી કરવાના | આપેલી જામીનગીરી | દેવું લેતી વખતે કેટલા રૂપિયા કાપી લેવામાં આવે છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રોકડ | વસ્તુ કિંમત | કુલ કિંમત | | | | | | | |
| ૧. | શાહુકાર વેપારી | | | | | | | | | | |
| ૨. | સરકાર | | | | | | | | | | |
| ૩. | સહકારી મંડળી | | | | | | | | | | |
| ૪. | બેન્ક | | | | | | | | | | |
| ૫. | સગાંવહાલાં | | | | | | | | | | |
| ૬. | ખાનગી | | | | | | | | | | |
| ૭. | અન્ય (વિગત આપો) | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | |

(૭)

(૭) જમીન સંરક્ષણ યોજનાનો લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો ?

૧.

૨.

૩.

૨. સિંચાઇ યોજનાનો લાભ લીધો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો ?

૩. કિટ્સનો લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કયારે ?

૪. દૂધાળા ઢોર યોજના હેઠળ તમને કોઇ લાભ મળ્યો છે ? હા / ના

જો 'હા' તો વિગત લખવી

૫. મરઘાં ઉછેર યુનિટ લાભ મળ્યો છે ? હા / ના

(૮) ૧. શિક્ષણ યોજનામાં કંઇ લાભ મળ્યો છે ? હા / ના

'હા' તો કયા પ્રકારનો ?

અ. સ્કોલરશીપ

બ. ગણવેશ

ક. પુસ્તક

ડ. મધ્યાહ્ન ભોજન

૨. આરોગ્ય

૧. તમારા કુટુંબમાં કોઇ છેલ્લાં ત્રણ વર્ષથી ગંભિર માંદગીથી પિડાય છે ? હા / ના

'હા' તો કઇ ?

૨. માંદગી અંગેની કોઇ સહાય મળી છે ?

(૯) ૧. તમે કોઇ નવો ધંધો કરવા ઇચ્છો છો ? હા / ના

જો 'હા' તો કયો ?

૨. આ નવા ધંધા માટે નીચેનામાંથી શેની જરૂર છે ?

અ. તાલીમ

બ. સાધનો

ક. નાણાં

(૧૦) લોકોની જરૂ

૧૦.૧ ઘર

૧.

૨.

૩.

૧૦.૨ ખેત

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.૩ ખેતીન

૧.

૨.

૩.

૪. સ

૫. વ

૬. લ

૭. પા

૮. મ

૯. બળ

૧૦. દવા

૧૧. અન્ય

(૧૦) લોકોની જરૂરિયાત અંગે

૧૦.૧ ઘરથાળના પ્લોટ અંગે

૧. નવો પ્લોટ જોઇએ છે ? હા / ના

૨. નવા મકાનની જરૂરિયાત છે ? હા / ના

૩. મકાનનું સમારકામ કરાવવું છે ? હા / ના

૧૦.૨ ખેત વિષયક જરૂરિયાત

૧. જમીન સમતળ કરાવવી છે ? હા / ના

૨. પાળા બાંધવા છે ? હા / ના

૩. નાળાં બાંધવા છે ? હા / ના

૪. 'હા' તો કેટલા અને કેટલો ખર્ચ થશે ?

૫. ક્યારી બનાવવી છે ? હા / ના

૬. ખેતી માટે જમીન જોઇએ છે ? હા / ના

૭. બિયારણની જરૂરિયાત છે ? હા / ના

૮. ખાતરની જરૂરિયાત છે ? હા / ના

૯. જંતુનાશક દવાની જરૂરિયાત છે ? હા / ના

૧૦.૩ ખેતીનાં સાધનોમાં જરૂરિયાત શી છે ?

૧. લાકડાનું હળ

૨. રાંપ

૩. રાંપડી

૪. સમાર

૫. વાવણિયો

૬. લોખંડનું હળ

૭. પંખો

૮. મોધ

૯. બળદગાડું

૧૦. દવા છાંટવા માટે સ્પ્રેયર પંપ

૧૧. અન્ય

૧૦.૪ કૂવો તથા પિયતના સાધનોની જરૂરિયાત

૧. નવો કૂવો કરાવવો છે ? હા / ના

૨. કૂવો ઊંડો કરાવવો છે ? હા / ના

૩. કૂવો મરામત કરાવવો છે ? હા / ના

૪. કોશ અથવા રહેંટ જોઈએ છે ? હા / ના

૫. પિયત માટે કૂવા પર વીજળી જોડાણની જરૂર છે હા / ના

૬. ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટરની જરૂર છે હા / ના

૧૦.૫ ફળઝાડ, શાકભાજી અને વનીકરણની જરૂરિયાત

૧. શાકભાજીનું વાવેતર કરવું છે ? હા / ના

૨. ફળઝાડ ઉછેર કરાવવો હોય તો કયો ? હા / ના

૩. જમીનમાં ઘાસચારો ઉગાડવો છે ? હા / ના

૪. પોતાની જમીનમાં વનીકરણ કરવું છે ? હા / ના

૧૦.૬ પશુપાલનની જરૂરિયાત

૧. તમને કોઈ પશુની જરૂર છે ? હા / ના

૨. જો 'હા' તો કયા પશુની ? (કોઈ)

:::

આદિવાસી

૧. પોકેટ વિસ્ત

૨. આદિવાસી પ

૩. આ પોકેટ

૪. પોકેટના ગા

૫. પોકેટ વિસ્ત

૬. પોકેટના ગા

૭. પોકેટના ગ

૧. વીજળી

૨. પાણી

૩. વાહન

૪. ટપાલ

૫. આરોગ્ય

૬. શૈક્ષણિક

૭. ''

૮. ''

૮. પોકેટના

૯. પોકેટના

૧. કૂવા

૨. વિદ્યુત

૩. નહેર

૪. પપ

૫. અન્ય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## આદિવાસી પોકેટ વિસ્તારમાં માળખાકીય સગવડોની માહિતી

૧. પોકેટ વિસ્તારનું નામ :

૨. આદિવાસી પેટા યોજના :

૩. આ પોકેટ વિસ્તારના ગામોની સંખ્યા :

૪. પોકેટના ગામોમાં કુલ આદિવાસી વસ્તી :

૫. પોકેટ વિસ્તારમાં વસતી આદિવાસી જાતિઓના નામ :

૬. પોકેટના ગામોમાં વસતી અન્ય જ્ઞાતિઓ :

૭. પોકેટના ગામોમાં પ્રાથમિક સુવિધાઓ

| | હા | ના | કુલ |
|---|---|---|---|
| ૧. વીજળી | | | |
| ૨. પાણી પૂરવઠો | | | |
| ૩. વાહન વ્યવહાર | | | |
| ૪. ટપાલ અને તાર | | | |
| ૫. આરોગ્ય કેન્દ્ર/એકમ | | | |
| ૬. શૈક્ષણિક (પ્રાથમિક) | | | |
| ૭. ,, (માધ્યમિક) | | | |
| ૮. ,, (ઉ.મા./કોલેજ) | | | |

૮. પોકેટના ગામોમાં લેવાતા મુખ્ય પાક / ગૌણ પાક

૯. પોકેટના ગામોમાં સિંચાઇની સગવડ

૧. કૂવા
૨. વિદ્યુત મોટર
૩. નહેર
૪. પંપ
૫. અન્ય

(૨)

૧૦. પોકેટના ગામોમાં ચાલતા જુદા જુદા ગૃહોદ્યોગોની માહિતી

૧. માટીકામ હા / ના

૨. સુથારીકામ હા / ના

૩. લુહારીકામ હા / ના

૪. બીડી વાળવી હા / ના

૫. અન્ય હા / ના

૧૧. પોકેટ વિસ્તારમાં ચાલતા લઘુ ઉદ્યોગો

૧. હીરા ઘસવા સંખ્યા

૨. ઘંટી / હલર

૩. છાપકામ

૪. જીનીંગ અને પ્રોસેસીંગ

૫. ક્વોરી / પથ્થરકામ

૬. વાહન/સાધનોની મરામત

૧૨. પોકેટ વિસ્તારમાં પશુપાલન વ્યવસાયો

૧. મરઘાં ઉછેર

૨. બકરાં / ઘેટાં ઉછેર

૩. ડેરી ઉદ્યોગ / દૂધની બનાવટો

૪. પશુઆહાર

૧૩. પોકેટના ગામોમાં મજૂરી

૧. ખેતમજૂરી

૨. છૂટક મજૂરી

૩. કારખાના/ઉદ્યોગોમાં મજૂરી

૧૪. પોકેટના ગામોમાં આદિવાસી કલ્યાણ અને વિકાસ કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનાં નામ અને કાર્યક્રમ

૧૫. પોકેટના ગામોમ

પ્રાથમિક

માધ્યમિક

ઉચ્ચ માધ્યમિક

કોલેજ

ટેકનીકલ

૧૬. પોકેટનાં ગામમ

૧૭. પોકેટ વિસ્તાર
અંદાજિત સંખ્યા

૧૮. પોકેટનાં ગામો

૧૯. પોકેટનાં ગા
ત્યાં શું કામ
કેટલીક આ

નોંધ : ઉપરોક્ત

૧૫. પોકેટના ગામોમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ અને તાન્ત્રિક શિક્ષણ પામેલાની સંખ્યા

પ્રાથમિક

માધ્યમિક

ઉચ્ચ માધ્યમિક

કોલેજ

ટેકનીકલ

૧૬. પોકેટના ગામમાં આશ્રમશાળાઓની સંખ્યા

૧૭. પોકેટ વિસ્તારના માહિતીપત્રમાં દર્શાવેલા જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા આદિવાસીઓની અંદાજિત સંખ્યા

૧૮. પોકેટના ગામોમાં સ્વતંત્ર ધંધા ઉદ્યોગ હોય તો તેમની માહિતી

૧૯. પોકેટના ગામોમાંથી આદિવાસી યુવકો પરદેશમાં નોકરી કરવા ગયા છે ?

ત્યાં શું કામ કરે છે ?

કેટલીક આવક મળે છે ?

નોંધ : ઉપરોક્ત દર્શાવેલ માહિતીની નોંધ પોકેટ વિસ્તારમાં આવતાં સમગ્ર ગામોની લેવાની છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## મુલાકાત માર્ગદર્શિકા

### પોકેટનાં ગામોમાં વસતા આદિવાસીઓ અને બિનઆદિવાસી વસ્તી સાથેના સંબંધો

૧. તમારી જાતિના અને કુળનાં કુટુંબો આ ગામોમાં વસે છે ?

૨. પોકેટનાં ગામોમાં બિનઆદિવાસી કઇ કઇ જાતિઓ વસવાટ કરે છે ? આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચે પારસ્પારિક સંબંધો કેવા છે ?

૩. પોકેટનાં ગામોમાં બિનઆદિવાસી જ્ઞાતિઓનું આદિવાસીઓ તરફ વલણ કેવું છે ?

૪. પોકેટના ગામોના બિનઆદિવાસીઓ તેમના સામુહિક, ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં તમને આમંત્રે છે ? અથવા તમે આ કુટુંબોને તમારા પ્રસંગોએ આમંત્રો છો ? તેઓ આમંત્રણનો સ્વીકાર કરે છે ?

૫. ગામના આદિવાસીઓને ગામના બિનઆદિવાસી આગેવાનોના માર્ગદર્શન/સહાયની જરૂર હોય તો તેમનો પૂરતો સહકાર મળે છે ?

૬. ગામના બિનઆદિવાસી ખેડૂતો તમને ખેતમજૂરીએ બોલાવે છે ? કેટલી મજૂરી ચૂકવવામાં આવે છે ?

૭. ગામની બિનઆદિવાસી જાતિઓ અને આદિવાસીઓ વચ્ચે ઘર્ષણ કે ઝઘડાના પ્રસંગો બને છે ? જો બનતા હોય તો આવા ઘર્ષણ માટેનાં કારણો કયાં છે ? આવા ઝઘડા અને ઘર્ષણ કેવી રીતે નીવારવામાં આવે છે ? (કેસસ્ટડી)

૮. ગામના બિનઆદિવાસી દુકાનદાર આદિવાસીઓને ઉધાર વસ્તુ આપે છે ? જો આપતા હોય તો કેટલી રકમ સુધી ?

૯. ગામના બિનઆદિવાસી શાહુકાર આદિવાસીઓને જરૂર હોય તો નાણાં ધીરે છે ? વ્યાજનો દર કેટલો ગણવામાં આવે છે ?

૧૦. રોજગારીનાં કેન્દ્રો કયાં છે ? અને ત્યાં શું કામ કરે છે ? પગાર કેટલો મળી શકે ?

:::